ॐ

# શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા

## આરાધના શિબિર

## (યોગદૃષ્ટિ સમુચ્ચય)

તા. ૨૫-૧૨-૦૭ થી ૩૧-૧૨-૦૭

-: સંચાલન :-

પૂ.ભાઈશ્રી (શ્રી નલિનભાઈ કોઠારી)

-: સંપાદન :-

બ્ર.નિ. રસિકભાઈ ટી. શાહ

શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ

નેશનલ હાઈવે-૮એ ઉપર, સોભાગપરા,

સાયલા-૩૬૩૪૩૦

ફોન નં. : (૦૨૭૫૫) ૨૮૦૫૩૩, ૨૮૦૭૯૧

email - rajsobhag@yahoo.com.

ॐ

# શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા

## આરાધના શિબર

## (યોગદૃષ્ટિ સમુચ્ચય)

**તા. ૨૫-૧૨-૦૫ થી ૩૧-૧૨-૦૫**

**તા. ૨૫-૧૨-૦૭ થી ૩૧-૧૨-૦૭**

**-: સંચાલન :-**

પૂ.ભાઈશ્રી (શ્રી નલિનભાઈ કોઠારી)

**-: સંપાદન :-**

બ્ર.નિ. રસિકભાઈ ટી. શાહ


**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**

નેશનલ હાઈવે-૮એ ઉપર, સોભાગપરા,

સાયલા-૩૬૩૪૩૦

ફોન નં. : (૦૨૭૫૫) ૨૮૦૫૩૩, ૨૮૦૭૯૧

email - rajsobhag@yahoo.com.

પ્રકાશક અને પુસ્તક મેળવવાનું સ્થળ :-

**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**

સોભાગપરા, સાયલા-૩૬૩૪૩૦

પ્રથમ આવૃત્તિ :- ઈ.સ. ૨૦૦૫, ડિસેમ્બર

દ્વિતીય આવૃત્તિ :- ઈ.સ. ૨૦૦૭, ડિસેમ્બર

પ્રથમ પ્રત :- ૩૦૦

દ્વિતીય પ્રત :- ૨૦૦

મુદ્રક :-

**નૈષેધ પ્રિન્ટર્સ**

મ્યુનિસિપલ શાળા પાસે,

નારાણપુરા, ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩

ફોન : ૨૭૪૯૧૬૨૭

## ❖ પ્રસ્તાવના ❖

આપણે સૌ આત્માની ઓળખાણ કરવાના માર્ગ ઉપર ચાલવા પુરુષાર્થી બનવા નીકળ્યા છીએ તો 'વિવેક ચૂડામણિ' અને 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ઉપર વિચારણા કરી નુકસાનકર્તા ભાવોને તિલાંજલિ આપીએ અને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે જરૂરી એવા 'વૈરાગ્ય' ભાવને આપણી અંદર સ્થિર કરી મોક્ષમાર્ગને સાધીએ એવી ભાવના સહ શિક્ષારૂપે સ્વીકારવાની તૈયારી આપણા સૌની થાય તો પરિણામ મળે.

આરાધના શિબિરનો પહેલો વિષય વિવેક ચૂડામણિ અને બીજો વિષય શ્રીમદ્ હરિભદ્રસુરી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' પર આધારીત છે. જેને વાંચવાથી આપણી સાધના કેટલી આગળ વધે છે તેનો ખ્યાલ આવી શકે તેમ છે તેથી જ પ.કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આઠ દૃષ્ટિ'ઓને આત્મદશા માપક થર્મોમીટર કહેલ છે. ગુણસ્થાનક અને દૃષ્ટિનો સુમેળ પુસ્તક વિવેચન કરનાર મહારાજશ્રીએ સરળ રીતે સમજાય તેવી રીતે કરેલ છે. તેનો પણ ઉપયોગ કરી આત્મદશાને તીવ્ર બનાવવા માટે પુરૂષાર્થી બનીએ એવી ભાવના સહ.

લિ.

**પ્રકાશન સમિતિ**

**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**

**સાયલા-૩૬૩૪૩૦**

# આઠ દૃષ્ટિની સજઝાય

## -: યોગદૃષ્ટિ સમુચ્ચય :-

આચાર્ય શ્રી હરિભદ્રસુરજીએ "યોગદૃષ્ટિ સમુચ્ચય" નામનો ગ્રંથ રચ્યો છે. દરેક દર્શનના અનુયાયીઓને માન્ય બને એવી શૈલીથી આમાં યોગ (સાધના માર્ગ)ના વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. યોગમાર્ગમાં પ્રવેશ કરવા ઈચ્છનારને આ ગ્રંથ જેટલો ઉપયોગી છે એટલો જ ઉપયોગી તેમાં પ્રવેશ કરી ચૂકેલાને સ્થિરતા અને આત્મિક વિકાસ સાધવા માટે પણ છે.

મોક્ષનું મૂળભૂત કારણ છે સમ્યગ્બોધ-યથાર્થબોધ. આ ગ્રંથમાં સમ્યગ્બોધનું વર્ણન કરી ક્રમસર તેના વિકાસની સીડી બતાવી છે. જે પ્રમાણે યોગમાર્ગમાં આગળ વધવાથી આત્મા નિર્વાણને પ્રાપ્ત થઈ શકે તેમ છે. આ સમ્યગ્બોધને આ ગ્રંથમાં 'દૃષ્ટિ' નામથી કહેવામાં આવ્યો છે.

અનાદિકાળથી સંસારમાં રખડતાં રખડતાં અનેક વખત ધર્મ કર્યો છે, જેથી તેના ફળરૂપે તે ગ્રૈવેયક જેવા દેવલોક સુધી જઈ આવ્યો છે. પરંતુ તે ધર્મ કરતી વખતે ખેદ, ઉદ્વેગ આદિ દોષોથી યુક્ત રહ્યો છે અને અખેદ, અદ્વેષ આદિ ગુણોની પ્રાપ્તિ નહિ કરેલ હોવાથી તેનો એ ધર્મ મોક્ષ મેળવવામાં સહાયક બન્યો નથી. તેથી તેને ઓઘદૃષ્ટિરૂપ ધર્મ કહ્યો છે. આ ઓઘદૃષ્ટિ પ્રમાણે ધર્મ કરનારા જીવો ધર્મ શ્રધ્ધાળુ જ હોય છે. આસ્તિક હોય છે, પણ તત્ત્વના બોધથી અજ્ઞાન-અજાણ હોવાથી સમ્યક્ધર્મને પ્રાપ્ત કરી શકતા નથી. આ તાત્ત્વિક માર્ગથી દૂર રાખનાર છે, જીવનું ભવાભિનંદીપણું. ભવાભિનંદીપણું એટલે સંસારના સુખનો રસ. આથી તે જે કાંઈ ધર્મ કરે છે તે અર્થ-કામનાના રસથી જ કરે છે. તેથી તેઓ અધ્યાત્મસુખ શું છે તેને સમજી શકતા નથી. તેથી મેળવી શકતા પણ નથી.

ઓઘદૃષ્ટિવાળા જીવને સંસારનું સુખ હેયરૂપ છે અને અધ્યાત્મ સુખ જ ઉપાદેય છે, આવું પ્રણિધાન હોતું નથી. તેથી સાધનામાર્ગમાં ખેદ, ઉદ્વેગ વગેરે દોષો ઊભા રહે છે.

મોક્ષમાર્ગને મેળવવા માટે અતિ જરૂરી અને મૂળભૂત તત્ત્વ જાણ્યું નથી એવા ભવાભિનંદી જીવનો જે બોધ હોય છે તેને ઓઘદૃષ્ટિ કહેવામાં આવે છે. ઓઘદૃષ્ટિની પરાકાષ્ઠાની કક્ષાને પામેલા જીવને શાસ્ત્રનું વિશાળજ્ઞાન હોવા છતાં, તેના મર્મ-રહસ્યને ઓળખી, પકડી કે અનુભવી શકતો નથી;

માટે જ મોક્ષમાર્ગની અપેક્ષાએ તેને તદ્દન અજ્ઞાની જ કહેવામાં આવે છે. તેને મોક્ષથી દૂર રાખનાર મૂળ કારણ આ અજ્ઞાન જ છે.

**અપુનર્બંધક અવસ્થા :-**

ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળેલા જીવને પુદ્ગલના ભોગવટાના કોઈપણ પૌદ્ગલિક સુખમાં દુઃખરૂપતાનું જ ભાન થવા માંડે છે. આને તાત્ત્વિક વૈરાગ્ય (જ્ઞાનગર્ભિત વૈરાગ્ય)ની પ્રાપ્તિ ગણવામાં આવે છે. અહીંથી જ ધર્મની, યોગની, મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. આ અવસ્થાને અપુનર્બંધક અવસ્થા કહેવામાં આવે છે. અહીંયા સુધી આવેલા જીવને એક મોટી સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. હવે કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરવાની યોગ્યતાને તોડી નાંખે છે. અર્થાત્ હવે પછી ક્યારેય પણ ૧ ક્રોડાક્રોડી સાગરોપમથી ન્યુન જ બંધ થઈ શકે. તેનાથી વધારે બંધ પડી શકે નહિ. તાત્ત્વિક ધર્મના પ્રારંભ બિંદુ સમાન ગણાતી આ અપુનર્બંધક અવસ્થા જીવને ચરમાવર્તમાં પ્રાપ્ત થાય છે. જીવે અત્યાર સુધી સંસારમાં ભમતાં અનંતાઅનંત પુદ્ગલ પરાવર્તો વીતાવ્યા છે તેમાંથી સૌથી છેલ્લો ચરમાવર્ત આવે ત્યારે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે અને ક્રમિક વિકાસ સાધતાં છેવટે તેની મુકિત થાય છે. ચરમાવર્તમાં આવેલા જીવના લક્ષણ આ પ્રમાણે છે. (૧) દુઃખી પર અત્યંત દયા. (૨) ગુણીજનનો અદ્વેષ : ગુણીજન પ્રત્યે પ્રમોદભાવ. (૩) ઔચિત્યનું સેવન.

**ચરમયથાપ્રવૃત્તકરણ :-**

ચરમાવર્તમાં આવ્યા પછી જીવ અપુનર્બંધક અવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી વિશુધ્ધિમાં આગળ વધતો જીવ ચરમયથાપ્રવૃત્તકરણ અવસ્થાને પ્રાપ્ત કરે છે. યથાપ્રવૃત્તકરણ વડે જીવ કર્મની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમની કરે છે. આ ક્રિયા જીવે અનાદિ ભવસંસારમાં રખડતાં અનંતવાર કરી છે, પણ દરેક વખતે એવું બન્યું છે કે તે આટલેથી અટકી ગયો, વિશુધ્ધિમાં આગળ વધી શકયો નહિ અને પાછો પડયો. જેથી અપૂર્વકરણ કરીને સમકિત પામી શકયો નહિ અને ફરી પાછો એક ક્રોડા ક્રોડી સાગરોપમ કરતાં વધુ સ્થિતિ બાંધવા લાગ્યો. પણ જ્યારે ચરમયથાપ્રવૃત્તકરણમાં એક ક્રોડાક્રોડી સાગરોપમ કરતાં વધુ કર્મબંધ કરવાની યોગ્યતા જ તોડી નાંખે છે; તેથી તે કદાચ સંસારમાં અર્ધપુદ્ગલ પરાર્વત જેટલો કાળ રખડે તોપણ કદાપિ અંતઃક્રોડાક્રોડી સાગરોપમથી વધુ કર્મની સ્થિતિ બાંધશે નહિ. આ છેલ્લા યથાપ્રવૃત્તકરણને

ચરમયથાપ્રવૃત્તકરણ કહેવામાં આવે છે. હવે આ જીવ અપૂર્વકરણ અવશ્ય કરશે જ. આ વખતે જ તેને સાચી મોક્ષની જિજ્ઞાસા જાગે છે. પૌદ્‌ગલિક સુખ માત્ર સુખાભાસરૂપ નકલી જ સુખ છે, તો પછી અસલી-સાચું સુખ પણ હોવું જ જોઈએ આવી જિજ્ઞાસા જીવને થાય છે. આ ને જ મુક્ત થવાની જિજ્ઞાસા કહેવામાં આવે છે.

**યોગ અવંચક અવસ્થા :-** ચરમયથાપ્રવૃત્તકરણ બાદ વિશુધ્ધિમાં આગળ વધતાં વધતાં જીવ યોગાવંચક અવસ્થાને પ્રાપ્ત કરે છે. સાચું સુખ શું ? એ જિજ્ઞાસા જીવને સાચા સુખની શોધ કરવા માટે પુરૂષાર્થ કરવા પ્રેરણા કરે છે. આ વખતે જો તેને સત્દેવ-ગુરુ-ધર્મનો યોગ થઈ જાય અને સત્‌દેવ કે સદ્‌ગુરૂ તેને તત્ત્વની સમજણ આપવા માંડે તો આ જીવ તત્ત્વને તત્ત્વ તરીકે સમજીને સ્વીકારી લે છે એવી ભૂમિકા તેની બનેલી છે. આને જ યોગાવચંક અવસ્થા કહે છે. અહીંયા તત્ત્વને ઝીલી શકે એટલા અંશે મોહનીય કર્મ ઉપશાંત થયું છે. માટે તેને અવ્યકત સમાધિ કહેવામાં આવે છે. અવંચકપણું ત્રણ પ્રકારે છે. ૧. યોગાવંચકપણું. ૨. ક્રિયાવંચકપણું. ૩. ફલાવંચકપણું.

આ સ્થિતિમાં યોગાવંચકપણું પ્રાપ્ત થયું છે. બાકીના બે આગળના ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. છતાં વિચારણા કરીએ.

**ક્રિયા અવંચકપણું :-** આત્મલક્ષી ક્રિયાઓને સફળ કરવી તે ક્રિયા અવંચકપણું છે. શાસ્ત્રમાં ક્રિયાનું જે ફળ બતાવ્યું હોય તે પ્રમાણે ફળ પ્રાપ્ત કરાવે એવી શાસ્ત્રાનુસાર ધર્મક્રિયા કરવી તે ક્રિયાઅવંચકપણું છે. વિરતિ આવ્યા બાદની જ ક્રિયા અવંચક બને છે. તે દેશવિરતિથી શરૂઆત કરીને આગળના જીવો જ કરી શકે છે એટલે કે ક્રિયા અવચંકપણું પાંચમાં ગુણસ્થાનકથી શરૂ થાય છે.

**ફલ અવંચકપણું :-** ધર્મનું અંતિમફળ મોક્ષ છે, તેને ટૂંક સમયમાં પ્રાપ્ત કરાવે તે ફલ અવંચકપણું છે અને સાતમા અપ્રમત્તગુણસ્થાનકથી આવે છે.

ચરમાવર્તમાં આવ્યા પછી જીવ ક્રમસર અપુનર્બંધક અવસ્થા, ચરમયથાપ્રવૃત્તકરણ, યોગાવંચકપણું પામે છે. ત્યારબાદ ક્રમસર યોગની આઠ દૃષ્ટિ જીવ પામે છે. પ્રથમ ચાર દૃષ્ટિ સુધી ૧લું ગુણસ્થાનક ગણવામાં આવ્યું છે.

ભોગદૃષ્ટિવાળા જીવો તો નાસ્તિક જ છે. તે પછી ઓઘદૃષ્ટિવાળા જીવો આવે છે. તેઓ આસ્તિક હોય છે. છતાં તેમનું એ જ્ઞાન કે ચારિત્ર એક

માત્ર કોરો પુણ્યબંધ (પાપાનુબધી) અને અકામનિર્જરા સિવાય વિશેષ કાંઈપણ ફળ તેમને આપી શકતાં નથી. તેનું મૂળ કારણ તેમનું ભવાભિનંદીપણું છે. હેતુ અને ફળથી સંસારના સુખો દુ:ખમય છે, એવું તેઓ માનતા હોય તો પણ સ્વરૂપથી દુ:ખરૂપ છે એવું તેમને સંવદેન થતું નથી. આમ પૌદ્‌ગલિક સુખોમાં તેમને સુખરૂપતાનું ભાન છે. તેથી પુદ્‌ગલના અભાવમાં સુખ હોઈ શકે એવું તેમને સંવેદન જ થતું નથી; એટલે કે મુક્તિ પ્રત્યે હજી તત્ત્વ અપેક્ષાએ દ્વેષ છે એમ કહેવાય છે.

અપુનર્બંધકપણાની સ્થિતિ આવતાં સ્વરૂપથી દુ:ખરૂપતાનું સંવેદન જીવને આવે છે અને તેથી એ અવસ્થાથી શરૂ કરીને જીવને મુક્તિ પ્રત્યે તાત્ત્વિક અદ્વેષ પ્રગટે છે. ત્યારબાદ ચરમયથાપ્રવૃત્તકરણમાં જીવને મુક્તિની જિજ્ઞાસા જાગી, યોગાવંચકપણું આવતાં અવ્યકત સમાધિ આવી. એટલે કે એટલા અંશેં મોહનીયકર્મ ઉપશાંત થયું તેથી હવે તત્ત્વના જાણકારનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે ઝીલી શકે, સમજી શકે, અને આચરણમાં લાવવા પ્રયત્નશીલ થઈ શકે.

હવે યોગની આઠ દષ્ટિનો વિચાર કરીએ તો, આ આઠ દષ્ટિમાં જીવનો બોધ ક્રમસર વધતો જાય છે અને તેથી એક પછી એક ગુણની પ્રાપ્તિ થતી જાય છે. તે આઠદષ્ટિ આ પ્રમાણે છે.

| | દષ્ટિ | બોધ | દોષ જાય | ગુણપ્રાપ્તિ | યોગનું અંગ |
|---|---|---|---|---|---|
| ૧ | મિત્રા | તૃણ અગ્નિ જેવો | ખેદ | તત્ત્વ અદ્વેષ | યમ |
| ૨ | તારા | છાણાના અગ્નિ જેવો | ઉદ્વેગ | તત્ત્વ જિજ્ઞાસા | નિયમ |
| ૩ | બલા | કાષ્ઠના અગ્નિ જેવો | ક્ષેપ | તત્ત્વ શુશ્રૂષા | આસન |
| ૪ | દીપ્રા | દીપક જેવો | ઉત્થાન | તત્ત્વ શ્રવણ | પ્રાણાયામ |
| ૫ | સ્થિરા | રત્ન જેવો | ભ્રાન્તિ | તત્ત્વ સૂક્ષ્મબોધ | પ્રત્યાહાર |
| ૬ | કાંતા | તારા જેવો | અન્યમુદ્ | તત્ત્વ મિમાંસા | ધારણા |
| ૭ | પ્રભા | સૂર્ય જેવો | રોગ | તત્ત્વ પ્રતિપત્તિ | ધ્યાન |
| ૮ | પરા | ચંદ્ર જવો | આસન | તત્ત્વ પ્રવૃત્તિ | સમાધિ |

આ આઠેય દષ્ટિને સત્‌દષ્ટિ કહેવાય છે. આમ તો પાંચમી દષ્ટિથી સમ્યગ્‌જ્ઞાન-દર્શન-ચારિત્ર શરૂ થાય છે તેથી તે સત્‌દષ્ટિ છે. પ્રથમની ચાર દષ્ટિ મિથ્યાત્વગુણસ્થાનકની છે, છતાં તેને સત્‌દષ્ટિ કહેવામાં આવી છે, કારણ કે પ્રથમની ચાર દષ્ટિમાં જે ગુણો પ્રગટાવવાના છે તે પ્રગટતાં સમ્યગ્‌દર્શનરૂપ પાંચમી દષ્ટિમાં આવે છે. તેથી પાંચમી સત્‌દષ્ટિનું કારણ હોવાથી તેને પણ

સત્‌દૃષ્ટિ કહેવામાં આવે છે. પાછળની દૃષ્ટિમાં તો આત્મા ક્રમસર શુધ્ધતા તરફ આગળ વધતો જતો હોવાથી તે તો સત્‌દૃષ્ટિ જ છે.

પ્રથમ દૃષ્ટિ શેરડી જેવી બીજી દૃષ્ટિ શેરડીના રસ જેવી, ત્રીજી દૃષ્ટિ ઢીલા ગોળ જેવી, ચોથી દૃષ્ટિ બુરુ જેવી, પાંચમી દૃષ્ટિ ખાંડ જેવી, છઠ્ઠી દૃષ્ટિ સાકર જેવી, સાતમી દૃષ્ટિ મત્સ્યન્ડી જેવી અને આઠમી દૃષ્ટિમાં વર્ષોલક જેવી મધુરતા છે. અહીંયા સંવેગરૂપ મધુરતાની વાત છે. એટલે કે આત્મિક સુખમાં ક્રમસર વધારો - મીઠાશ જણાય છે.

## ૧. મિત્રાદૃષ્ટિ

મોક્ષમાર્ગની શરૂઆત મુકિત મેળવવા માટેની જિજ્ઞાસા આવ્યા પછી જ થાય છે. તેની શરૂઆત પ્રથમ મિત્રાદૃષ્ટિથી થાય છે. આધ્યાત્મિક વિકાસ માટેનું આ પ્રથમ પગથીયું છે.

આ દૃષ્ટિમાં તૃણના અગ્નિના તણખા જેવો બોધ હોય છે. 'ખેદ' દોષનો ત્યાગ થાય છે. 'તત્વ-અદ્વેષ' નામનો ગુણ પ્રાપ્ત થાય છે અને 'યમ' નામના યોગના અંગનું સેવન હોય છે. 'યમ' એટલે પાંચ મહાવ્રતોનું સેવન. બોધ :- અહીં બોધ એટલે રત્નત્રયી મેળવવા માટેનો ઉપદેશ પ્રાપ્ત થવો રત્નત્રયીનો બોધ એટલે હેય-ઉપાદેયનો બોધ. પરપરિણતિનું આકર્ષણ તોડવું અને સ્વપરિણતિની પ્રાપ્તિ કરવી. તેની શરૂઆત અહીંથી થાય છે.

હવે જીવને મોહનીયકર્મના ક્ષયોપશમને અનુરૂપ મંદતા થઈ છે. તેથી કષાયોની વિશુધ્ધિ થઈ છે. જેના કારણે અંશે અંશે પણ તેને હેય-ઉપાદેયનો સમ્યગ્‌બોધ પરિણમવાની શરૂઆત થઈ છે. બોધ તદ્દન અલ્પ પ્રમાણમાં હોય છે. તેથી અમુક અંશે શુભનો અનુબંધ અને સકામ નિર્જરા થાય છે. હજી શુભનો અનુબંધ નબળો હોય છે. અનુબંધ એટલે આત્મા ઉપર પડતા સંસ્કાર છે તે શુભ અથવા અશુભ હોય છે. જીવને જેની રુચિ હોય તે તેને ગમે છે, જેનું તેને આકર્ષણ અને પક્ષપાત હોય છે, તેના સંસ્કાર તેના આત્મા ઉપર પડતા હોય છે. આ મિત્રાદૃષ્ટિવાળા જીવને આંશિક પણ મુકિતની રુચિ જાગી છે, તેથી તેનો ધર્મ સાનુબંધ બને છે.

અંશે વિવેક પ્રગટે છે, તો પણ કિંમતી ગણાય છે. અનાદિકાળથી અવિવેકરૂપી-અજ્ઞાનરૂપી અંધારુ છવાયેલું હતું એમાં વિવેકરૂપી પ્રકાશનો એક નાનો સરખો આ ચમકારો મળવો તે પણ જીવ માટે અહો ભાગ્યરૂપ છે. આ

બીજરૂપે છે પણ તાત્ત્વિક હોવાથી પરાકાષ્ઠા સુધી પહોંચાડવાની તાકાત તેમાં રહેલી છે.

**દોષ-ખેદનો નાશ :-** આ દષ્ટિમાં ક્ષણિક ચમકારા જેવો બોધ જીવમાં રહેલ ખેદ નામના દોષને દૂર કરે છે. એક માત્ર આધ્યાત્મિક સુખ જ સારભૂત છે અને તેને અપાવનાર યોગમાર્ગ જ ઉપાદેય છે; એવું પ્રણિધાન-દઢતા-અંશે પ્રગટે છે. નિશ્ચયનયથી તો પાંચમી દષ્ટિમાં દઢ પ્રણિધાન આવે છે. મોક્ષમાર્ગ પ્રત્યેનો ખેદ કે અરૂચિ આ દષ્ટિમાં આવેલાના નાશ પામી જાય છે. આ ખેદ. દોષનો નાશ થવાથી બધાં જ સમ્યગ્ અનુષ્ઠાન કરવાની અભિલાષા જાગૃત થાય છે. જે શકય હોય અને પોતાને માટે વધુ ઉચિત હોય તેવા હિતકારી અનુષ્ઠાનો કરે છે.

સાધના માર્ગમાં ખેદ આવે તેમાં મૂળ કારણ મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વને કારણે અનેક દોષો આવે છે, પણ ખેદ દોષ એ આત્મા માટે ખતરનાક દોષ છે. આ દોષ જીવને મૂળથી ધર્મમાં રુચિ જ થવા દેતો નથી. આ ખેદ સાધના માર્ગમાં મહાઅનર્થકારી છે માટે આ દોષ પોતાનામાં પેસી ન જાય તેની તકેદારી સાધકે રાખવી જરૂરી છે.

**દા.ત. :-** પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ્યારે યુધ્ધની વિચારણામાં ચડયા છે, ત્યારે સંયમ પ્રત્યે ખેદનો પરિણામ જાગ્યો. તેના કારણે સાતમી નરકનાં કર્મરૂપી દળિયા એકત્રિત કરવા માંડયા, પણ તે કર્મ નિકાચિત થતાં પહેલાં ખેદના પરિણામની ઉત્કટતા કરતા અખેદના વધુ ઉત્કટ પરિણામો પ્રગટ થતાં જ તે કર્મબંધ તૂટી ગયો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિધ્ધગતિમાં પધાર્યા.

**તત્ત્વ અદ્વેષ :-** આ દષ્ટિમાં અદ્વેષ નામનો ગુણ પ્રગટે છે. ગુણ પ્રત્યે જ્યાં સુધી અરૂચિ કે અણગમો છે, ત્યાં સુધી કદાપિ પણ યોગની કે મોક્ષમાર્ગની શરૂઆત જ થતી નથી. જ્યાં સુધી ગુણ પ્રત્યે અરુચિ છે ત્યાં સુધી ગુણ પ્રત્યેનો પ્રણિધાન આશય પ્રગટતો નથી. મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે ગુણાનુરાગ અવશ્ય હોવો જરૂરી છે. તત્ત્વ અદ્વેષમાં દ્વેષ કરવાનો નથી, પણ ગુણોની પરખ કરવાની ના પાડી નથી. જેનામાં ગુણો દેખાય તેનો સ્વીકાર કરવાનો છે. ખૂબ તટસ્થપણે રહેવા પ્રયત્ન કરવાનો છે. આને ગુણાનુરાગ કહેવાય છે. જે સાધક માટે સારી વાત છે. તત્ત્વ અદ્વેષ વખતે માર્ગાનુસારી ગુણવાળાને લેવાના છે. માર્ગ અનુસારી એટલે મોક્ષમાર્ગને અનુસરનાર જીવો. તેઓના નાનામાં નાના

ગુણની કદર કરવાની છે. મોક્ષમાર્ગના પ્રથમ પગથીયા પર ચડવા માટે સૌ પ્રથમ ગુણાનુરાગ તો કેળવવો જોઈએ. દોષદૃષ્ટિ એજ પ્રબળમાં પ્રબળ કષાય છે. આ પ્રકારનો ગુણાનુરાગ મિત્રાદૃષ્ટિવાળાને હોય છે.

**યમ :-** મિત્રાદૃષ્ટિવાળાને હેય-ઉપાદેય સંબંધી આંશિક વિવેક જાગી ગયો છે. તેથી તેને યમ ઉપર તાત્ત્વિક રુચિ જાગે છે, યમ એટલે પાંચ મહાવ્રતો. જેમને હિંસા માત્ર ખટકતી હોય તેમને જ 'યમ'ની રુચિ આવી છે એમ કહી શકાય.

મિત્રાદૃષ્ટિવાળાનો બોધ અલ્પ હોય છે. તેનો વિવેક આંશિક હોય છે, છતાં પણ તે ઉત્કૃષ્ટ કોટિનો છે, સંપૂર્ણ ગુણના રાગમાંથી ફલિત થયેલો છે. તેથી હજી સુખનો રાગ તેનામાં પડેલો છે, છતાં ગુણો પ્રત્યેનો અનુરાગ ઓછો થતો નથી. બોધ અલ્પ હોવાથી સૂક્ષ્મ અહિંસાને તે જાણી ન શકે એવું બને, પણ કદાગ્રહશૂન્ય હોવાથી જો કોઈ તેને બરાબર સમજાવે તો તુરત જ તેનો સ્વીકાર કરે. અહિંસાદિ યમોને જેટલા પ્રમાણમાં તે જાણતો જાય એટલા પ્રમાણમાં તેમાં રુચિ કેળવતો જાય.

મિત્રાદૃષ્ટિવાળાની રુચિમાં બોધના કારણે જ ભેદ પડે છે. સમકિતદૃષ્ટિના જેવો સૂક્ષ્મ નહિ હોવાના કારણે તેની રુચિમાં તેના જેવી નિર્મળતા નથી હોતી. બોધ સૂક્ષ્મ થતો જાય તેમ નિર્મળતા વધતી જાય છે.

મિત્રાદૃષ્ટિમાં રહેલા જીવો યોગબીજોનું ગ્રહણ કરે છે. આથી કાળક્રમે જીવ યોગ (સાધના)ને પામે છે અને તેનું ફળ તો મોક્ષ છે. આ યોગબીજો પાંચ છે.

૧. જિનેશ્વરદેવને વિષે સંશુધ્ધ કુશળચિત્ત. ૨. ભાવઆચાર્યોની સંશુધ્ધપણે વૈયાવચ્ચ. ૩. સહજ એવો ભવવૈરાગ્ય (નિર્વેદ) ૪. દ્રવ્યથી અભિગ્રહનું પાલન. ૫. શાસ્ત્રોનું વિધિપૂર્વક લેખનાદિ.

(૧) **જિનેશ્વરદેવને વિષે સંશુધ્ધ કુશળ ચિત્ત :-** વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિ, ભકિત, શ્રધ્ધા, સદ્‌ભાવવાળું મન રાખવું, નમો જિણાણં વગેરે શબ્દોથી તેમની સ્તુતિ કરવી અને તેમને પ્રણામ કરવા કે પ્રદક્ષિણા આપવી. આ પ્રવૃત્તિ કુશળ સંશુધ્ધ ચિત્તરૂપ હોય તો તે યોગબીજ કહેવાય છે. ભગવાન પ્રત્યે ઉપાદેય બુધ્ધિથી કોઈપણ સંજ્ઞા (આહાર-ભય-મૈથુન, પરિગ્રહાદિ)ના આવેગ વગર અને પરલોકના ભૌતિક સુખની અપેક્ષા વગર, એક માત્ર તેમના વીતરાગતા આદિ ગુણોથી આકર્ષાઈ તેમની પ્રત્યે જે ભકિતભાવ જાગે તે સંશુધ્ધ ચિત્ત છે. આ ભગવાન પ્રત્યેનો નિરુપાધિક રાગ છે, પ્રશસ્ત અનુરાગ છે.

સમ્યક્જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. (જીવ અને અજીવ બે તત્ત્વોની યથાર્થ સમજણ સાથે પરપદાર્થો પ્રત્યેથી આસક્તિ ભાવ તોડવો. વિપર્યાસ બુદ્ધિ તોડવી-હું પણું, મારાપણાના સમજણપૂર્વકનો ત્યાગ તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એટલે આત્મકલ્યાણ થાય એમજ કરવું છે) એવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાસિત જીવને દેવાદિ પ્રત્યે નિરુપાધિક રાગ પ્રગટે છે. તે સંશુધ્ધ ચિત્ત છે. આ દૃષ્ટિમાં જીવને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અંશે હોય છે.

દશ પ્રકારની સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધાદિ ચાર કષાય, લોક તથા ઓઘસંજ્ઞા) રહિત ચિત્ત તે સંશુધ્ધ (વીતરાગ દેવ પ્રત્યે, સદ્‌ગુરુ પ્રત્યે નિરુપાધિક રાગ પ્રગટે છે. તે સંશુધ્ધ ચિત્ત છે) કહેવાય છે. ફકત આહારાદિ ભાવ કે ક્રોધના પરિણામને સંજ્ઞા કહેવામાં આવતી નથી, પણ તે પરિણામ જ્યારે આત્માની પ્રકૃત્તિમાં ગાઢ રીતે વણાઈ જાય છે, ત્યારે તેને સંજ્ઞા કહેવામાં આવે છે. આ રીતે સંજ્ઞારૂપ બનેલા પરિણામ જ જીવને વધુ નુકશાનકારક છે. સંજ્ઞાયુકત કરાયેલો ધર્મ સંસાર વૃધ્ધિનું જ કારણ બને છે માટે તે સંશુધ્ધ કહેવાતો નથી. પરલોકના સુખના આશયથી કરાયેલો ધર્મ પણ સંસાર વૃધ્ધિનું કારણ છે. મોક્ષનું કારણ બનતો નથી.

**દા.ત. :-** સંભૂતિમુનિના જીવે ચક્રવર્તીપણાનું નિયાણું કરી, માંગીને મેળવ્યા પછી બ્રહ્મદત્ત ચક્રવર્તીના ભવમાં તેમાં એ રીતે આસકત બન્યા કે સાતમી નારકીનું દુ:ખ ભોગવવા જવું પડયું.

સંશુધ્ધ ચિત્ત એ મોક્ષરૂપી ફળના પાકવાના આરંભ તુલ્ય સંદેશ છે. અહીંથી નિર્જરાની તીવ્રતા વધતી જાય છે. મોક્ષને અનુરૂપ લાગતા ગુણો આવવાની આ શરૂઆત છે. એક વખત માર્ગની શરૂઆત થતાં, જીવ વિના વિલંબે વિકાસના પંથે ચાલનારો બની જાય છે.

**(૨) ભાવાચાર્ય આદિની સંશુધ્ધ વૈયાવચ્ચ :-** મિત્રાદૃષ્ટિવાળા જીવો જેમ શુધ્ધભાવથી દેવતત્ત્વની ભકિત-ઉપાસના કરે છે, તેમ એવા જ શુધ્ધભાવપૂર્વક એટલે કે આલોક કે પરલોકના સુખની આશંસા (ઈચ્છારહિત પણે) વગર અત્યંત ઉપાદેય બુધ્ધિથી ગુરુ તત્ત્વની પણ ભકિત-વૈયાવચ્ચાદિ કરે છે.

આ યોગબીજોવાળા આદિધાર્મિક (ધર્મમાં આગળ વધવાની શરૂઆત કરનાર) જીવ બધા મતમાં રહેલા પણ જે ગુણિયલ હોય એવા જ સાધુ-સંતોને નમે છે. ગુણિયલ ગુરુની વૈયાવચ્ચ કરવામાં પણ એનો સંપૂણ વિવેક હોય

છે. આ બીજું યોગબીજ છે.

(૩) **સહજ ભવ વૈરાગ્ય :-** અપુનર્બંધક અવસ્થાથી માંડીને જીવ તાત્ત્વિક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામ્યો છે. જેમ જેમ તે વધુ ને વધુ તત્ત્વચિંતન કરતો જાય છે તેમ તેમ તેનો વૈરાગ્ય વધુને વધુ દૃઢ બનતો જાય છે. તેને સંસારના પૌદ્ગલિક સુખો દુઃખરૂપે જ ભાસતાં હોય છે. એક માત્ર આત્માના ગુણોમાં જ તેને સુખકારીપણાની બુધ્ધિ ઉત્પન્ન થાય છે. સાધનાની શરૂઆતમાં મુકિત પ્રત્યેનો પ્રશસ્તરાગ અને તેની જીજ્ઞાસા એ ક્રમિક વિકાસની અવસ્થાને પામેલા જીવને હવે તત્ત્વચિંતન દ્વારા તેનાથી મુકિતના ફળ આવવા શરૂ થાય છે. માટે હવે સાધક જે કાંઈ અનુષ્ઠાન (તદ્હેતુ, અમૃતાનુષ્ઠાન) આત્મલક્ષી કરે છે તે પરભાવથી છૂટવા માટે અને આત્મિક ગુણોની પ્રાપ્તિ માટે જ કરે છે.

(૪) **દ્રવ્યથી અભિગ્રહનું પાલન :-** આ ચોથું યોગબીજ છે. મિત્રાદૃષ્ટિવાળા જીવો શકિત અનુસાર તપ-ત્યાગ આદિ ગ્રહણ કરે છે અને તેનું પાલન કરે છે. તેમજ એક પણ અતિચાર લાગે નહિ તે પ્રમાણે અખંડપણે વર્તે છે. હજી સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી. તેથી તેમના તપ-ત્યાગના નિયમો દ્રવ્યથી ગણવા. ભાવથી હજી નથી.

(૫) **શાસ્ત્રોનું વિધિપૂર્વક લેખનાદિ :-** મિત્રાદૃષ્ટિવાળા જીવોને સંસારની કટુતા સમજાઈ છે અને મુકિતનો રાગ પ્રગટ થયો છે, મુકિતને મેળવવાની આકાંક્ષા જાગૃત થઈ છે. તેથી જ્ઞાની ગુરુની ગેરહાજરીમાં શાસ્ત્રો ઉપર બહુમાન જાગૃત થાય છે. તેથી તેઓ શાસ્ત્રો સ્વયં વાંચે છે, સ્વાધ્યાયાદિ કરે છે. જિનવાણી એ ભાવશ્રુત છે તેથી તે પૂજ્ય બને છે. સદ્ગુરુ મુખેથી નીકળતી વાણી જિનવાણીના અનુભવરૂપ હોવાથી તે પણ ભાવશ્રુત કહેવાય એટલે તેના પ્રત્યે બહુમાન રહેવું જોઈએ.

આ પાંચ યોગબીજ છે એ બોધિબીજ મેળવવા માટેની યોગ્યતામાં ઉપયોગી થાય છે. આ દૃષ્ટિમાં આવેલા જીવને બોધિબીજ માટેની સાધનાની પ્રાપ્તિ જ્ઞાનીપુરૂષ પાસેથી થાય છે.

શાસ્ત્રમાં જે પ્રથમ ગુણસ્થાનક મિથ્યાત્વ નામનું કહ્યું છે, તે તાત્ત્વિક રીતે આ મિત્રાદૃષ્ટિવાળા જીવોથી માંડીને પ્રથમની ચાર દૃષ્ટિ સુધી ઘટી શકે છે. નિર્ભયતા આવવાની શરૂઆત અહીંથી થાય છે. જેમ જેમ જીવનો ભાવમળ ક્ષય થતો જાય છે તેમ તેમ નિર્ભયતા પ્રગટતી જાય છે.

આ મિત્રાદૃષ્ટિમાં ખેદ નામનો દોષ નાશ પામે છે, તત્ત્વનો અદ્વેષ (તત્ત્વની વાતો ગમે) નામનો ગુણ પ્રગટે છે અને યમ નામનું યોગનું અંગ પ્રગટે છે.

જ્યારે જીવમાંથી ઉદ્વેગ (સાધના કરતાં કરતાં તેના પ્રત્યે અરુચિ ઉભી થવા રૂપ) નામનો દોષ દૂર થાય ત્યારે બીજી તારા નામની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

## ૨. તારાદૃષ્ટિ

**બોધ :-** તારા દૃષ્ટિમાં બોધ છાણાના અગ્નિ સમાન હોય છે. છાણાને સળગાવીને પછી તેનો ભડકો ઓલવી નાખીએ એટલે અંગારારૂપે તેનો ઝાંખો ઝાંખો પ્રકાશ રહે છે. તેમ આ દૃષ્ટિવાળા જીવોને હેય-ઉપાદેયનો વિવેકરૂપી બોધ ઝાંખો ઝાંખો હોય છે, પણ મિત્રાદૃષ્ટિ કરતાં થોડો વધુ વિકાસ થયો છે. તે બોધની અસર અલ્પ અને સ્થિતિ પણ અલ્પ જ છે. આ સ્થિતિમાં હજી વિષય-કષાય પ્રત્યે સંપૂર્ણપણે હેયબુધ્ધિ જાગૃત થતી નથી. પણ ભાવક્રિયાનું કારણ બનનાર હોવાથી તેને પ્રધાન દ્રવ્ય ક્રિયા કહી શકાય.

**લક્ષણ :-** આ દૃષ્ટિવાળા જીવોને યોગમાર્ગમાં અખેદ સહિત અનુદ્વેગ હોય છે. તત્ત્વપ્રાપ્તિને અનુકૂળ એવી જિજ્ઞાસા હોય છે. તેમજ શૌચાદિ પાલન હોય છે.

**૧. અનુદ્વેગ :-** યોગમાર્ગમાં સંયમાદિ ક્રિયામાં રુચિ હોય છે, તે કરવા જેવા છે એમ ઉપાદેય બુધ્ધિ હોય છે. પણ તે કરતાં કરતાં જ્યારે તેમાં વધારે પડતું વેઠવાનું કે ઘસાવાનું આવે ત્યારે કંટાળો આવે છે. આનું નામ ઉદ્વેગ છે. દા.ત. ભાવતાં સ્વાદિષ્ટ મિષ્ટાન્ન જોઈને મનમાં ઉદ્વેગ થઈ જાય કે મેં આજે કયાં ઉપવાસ કર્યો.

ખેદ દોષથી સાધનામાં અરુચિ જાગે છે. ઉદ્વેગ દોષથી સાધનામાં ઉપાદેયબુધ્ધિ ટકી રહે છે, તે કરવા જેવું લાગે છે પણ ભોગ પણ ગમતા હોવાથી સાધનામાં કંટાળો આવી જાય છે. એટલે કે ઉપાદેય બુધ્ધિ ટકી રહેછે, પણ તે નબળી-મંદ હોય છે. **દા.ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ** સમકિતી જીવને પણ રૌદ્રધ્યાનનો સંભવ છે, પણ તેને ખેદ દોષ ન હોવાના કારણે નરકનો બંધ થતો નથી, વૈમાનિક દેવનો જ બંધ થાય છે. શાસ્ત્રમાં રૌદ્રધ્યાનથી નરકનું આયુષ્ય બંધાય છે, એમ જે લખ્યું છે ત્યાં એમ સમજવાનું છે કે મિથ્યાત્વના ખેદ, ઉદ્વેગાદિ પરિણામો સહિત જ્યારે રૌદ્રધ્યાન પ્રવર્તે છે ત્યારે જ નરકાયુ બંધાય છે.

દા.ત. (૧) મરીચિ યથાતથ્ય સંયમ ભાવ છોડીને પાંચમા ગુણસ્થાને ટકી રહ્યા છે. એટલે હજી સમકિત વમાયું નથી. સંયમમાં સંપૂર્ણ રુચિ છે અને ઉપાદેયબુધ્ધિ છે તેથી પાંચમા ગુણસ્થાને રહ્યા છે. જ્યારે અર્હત્દત્તને ખેદ દોષ આવી જવાથી દુર્લભબોધિપણું તેમને પ્રાપ્ત થયું હતું.

(૨) માષતુષ (શિવભૂતિ) મનિને પૂર્વભવમાં જ્ઞાન ઉપર ઉદ્વેગ આવવાથી તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બંધાયું, જે આ ભવમાં ઉદયમાં આવવાથી ક્ષયોપશમજ્ઞાનમાં આગળ વધવું મુશ્કેલ બન્યું હતું. તેથી ભગવાન જે કાંઈ કહે તે યાદ રહેતું ન હતું પણ ભગવાન પર અટલ શ્રધ્ધા હોવાથી અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

(૩) આર્દ્રકુમારને પૂર્વના સામાયિક નામના ખેડૂતના ભવમાં ચારિત્ર ઉપર ઉદ્વેગ આવી જવાથી આ ભવમાં સંયમ લીધા પછી પાછું ગૃહસ્થાવાસમાં જવું પડયું હતું અને જન્મ પણ અનાર્યદેશમાં થયો હતો. માટે સાધકોએ ખેદ અને ઉદ્વેગ દોષથી ઘણા સાવધ રહેવાનું છે.

(૪) લક્ષ્મણા સાધ્વીને ભારે અનુબંધવાળું કિલષ્ટ કર્મ બંધાયું હતું. તેમાં આ ખેદ-ઉદ્વેગ દોષ જ કારણભૂત હતા. માટે ખેદ અને ઉદ્વેગ દોષ આવી ન જાય તેનો સતત ખ્યાલ રાખવાનો છે.

(૫) જમાલીને મિથ્યાભિનિવેશ આવવાથી ખેદ દોષ આવી જવાથી ગુણસ્થાનકમાંથી પતિત થયા હતાં.

**૨. તત્ત્વજિજ્ઞાસા :-** મિત્રાદષ્ટિમાં તત્ત્વ પ્રત્યે અદ્વેષભાવ પ્રગટયા બાદ આગળ વધતાં જીવને હવે તત્ત્વ પ્રત્યે જિજ્ઞાસા જાગે છે. આ દષ્ટિમાં તત્ત્વ સમજવા મળે ત્યારે જ તેને સંતોષ થાય છે. એટલે આ જિજ્ઞાસા પ્રયત્નપૂર્વક પ્રવૃત્તિ કરાવે તેવી છે.

**૩. નિયમ :-** અહીં યમ સહિત નિયમ હોય છે. નિયમ એ પાંચ યમને પોષક એવા ઉત્તરગુણો છે. મૂળગુણને ઉત્તરગુણોની સાથે અવિનાભાવી સંબંધ છે. એ પાંચ નિયમ આ પ્રમાણે છે-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર-પ્રણિધાન.

**૧. શૌચ :-** વિષયનો સંસર્ગ ન કરવો અને જગતના બધા જ પદાર્થો અશુચિમય છે, કારણ કે એક બીજા પરમાણુનું એકબીજામાં રૂપાંતર થયા કરે છે. માટે બધા જ પદાર્થો જગતનો એઠવાંડ છે, ગંદકી છે. તે નિશ્ચયથી શુધ્ધ નથી. આમ વિચારવું તે શૌચ ભાવના છે. તેને ભાવ શૌચ કહેવામાં આવે છે. દ્રવ્યથી પણ શૌચ હોવો જરૂરી છે. શૌચ એ અહિંસાનો ઉત્તરગુણ છે.

(અહિંસાના ભાવથી પ્રગટ થાય છે.)

**૨. સંતોષ :-** જેટલું અને જે કાંઈ મળ્યું છે તેમાં સંતોષ રાખવો. આ પરિગ્રહનો ઉત્તર ગુણ છે.

**૩. તપ :-** એ ત્રીજા અદત્તાદાન વિરમણ વ્રતનો ઉત્તર ગુણ છે. સાધક કારણ વગર ખાય તો તેને તીર્થંકર અદત્ત દોષ લાગે છે. અદત્ત ચાર પ્રકારના છે. (૧) સ્વામી અદત્ત-માલિકની રજા વગર લેવું તે. (૨) જીવઅદત્ત-દોષિત આહાર લેવો તે. (૩) તીર્થંકર અદત્ત-નિષ્કારણ આહાર લેવો તે. (૪) ગુરુઅદત્ત-ગુરુની આજ્ઞા વિના વાપરે તો. આ ચારેય ક્રમસર વધુ મહત્વના છે.

સાધકે પોતાની શકિત અનુસાર બાહ્ય તેમજ આભ્યંતર પ્રકારના તપનું સેવન કરવાનું છે. જેથી મહાવ્રત યર્થાથ પાળી શકાય.

**૪. સ્વાધ્યાય :-** એ પાંચેય મહાવ્રતોનો ઉત્તર ગુણ છે. સ્વાધ્યાય વગર તો એક પણ મહાવ્રતની સમજ જ આવતી નથી.

**૫. ઈશ્વર પ્રણિધાન**-જિનવચનનું પ્રણિધાન (એટલે જિનેશ્વરના વચનો પર અતૂટ શ્રદ્ધા. શંકા કે આશંકા આવે જ નહિ. સહજપણે સ્વીકારવાની સાધકની તૈયારી) તે જિનનું પ્રણિધાન છે.

અનુદ્વેગ, તત્ત્વની જિજ્ઞાસા અને નિયમનું પાલન-આ ત્રણ ગુણો તારા દ્દષ્ટિના લક્ષણભૂત છે. મિત્રાદ્દષ્ટિથી જ જીવનો તાત્ત્વિક વિકાસ શરૂ થઈ ગયો. છે. કારણ કે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને અનુરુપ મંદતા થઈ છે એ મંદતાને અનુસાર રૂચિ જાગે છે અને જીવનમાં ગુણોનો પણ વિકાસ થતો જાય છે. બીજી દ્દષ્ટિમાં દર્શનાચારરૂપ અને ચારિત્રાચારની ભૂમિકારૂપ ગુણોનો વિશેષ વિકાસ થાય છે. આ દ્દષ્ટિવાળા જીવોને યોગ માર્ગને સમજાવે તેવા ગ્રંથોમાં અને ગુરૂવાણીમાં વિશેષ રસ હોય છે.

આ દ્દષ્ટિવાળા જીવો સાધકોની કોઈપણ જાતની ભૌતિક અપેક્ષા વગર ભાવપૂર્વક ભકિતથી વૈયાવચ્ચ કરે છે. શુભભાવપૂર્વક કરાતી ભકિતથી પોતાના જીવનમાં યોગમાર્ગની-સાધનામાર્ગની વૃધ્ધિ થાય છે.

દા.ત. શાલિભદ્રના જીવે પૂર્વભવમાં મુનિ મહાત્માને શુભભાવપૂર્વક ખીરનું દાન કર્યું અને મૃત્યુ પર્યંત એવા જ શુભભાવપૂર્વક અનુમોદના કરી, તેના ફળ રૂપે શાલિભદ્રના ભવમાં યોગમાર્ગમાં કેટલી બધી વૃધ્ધિ થઈ અને પોતાનો

સંસાર અતિ અલ્પ બનાવી દીધો. પૂર્વભવમાં આ દૃષ્ટિમાં રહેલા હતાં.

તારાદૃષ્ટિવાળા જીવોમાં ઔચિત્ય પાલન (એટલે અશુદ્ધ પ્રવૃત્તિ છોડીને પોતાનો આત્મા વધારે બંધાય નહિ તેવા ભાવ પ્રગટ થવા તે. શુભભાવમાં રહે છે તેમાંથી શુદ્ધમાં જવાની તૈયારી કરતા રહે છે) પ્રગટ થયું હોવાથી અશુભ પ્રવૃત્તિ શકય હોય ત્યાં સુધી કરતાં નથી અને શુભકાર્ય કરતાં રહે છે. પથ્ય જ ખાવું ગમે છે. ઉદારતા અને ગંભીરતા વગેરે ગુણો તેમને પ્રિય હોય છે.

તારાદૃષ્ટિવાળા જીવોમાં, ગુણોની અપેક્ષાએ પોતાના કરતાં ઊંચી ભૂમિકામાં રહેલા જીવોએ જુએ છે ત્યારે તે ભૂમિકાના ગુણોને મેળવવાની જિજ્ઞાસા હોય છે. આ દૃષ્ટિમાં વિચારધારા ઘણી સુંદર હોય છે. સુખમય કે દુઃખમય સંસાર બધો જ સંસાર તેમને દુઃખરૂપ જ લાગતો હોય છે.

મિત્રાદૃષ્ટિમાં ધૃતિ-ધૈર્ય-નિર્ભયતા આવે છે, જ્યારે તારાદૃષ્ટિમાં વિશેષ પ્રકારે ઊંચી શ્રધ્ધા પ્રાપ્ત થાય છે. આ શ્રધ્ધા તત્ત્વજિજ્ઞાસાને કારણે પ્રગટે છે. સુકુમાલિકા (દ્રૌપદીનો પૂર્વભવ), નિર્નામિકા (ઋષભદેવ ભગવાનના લલિતાંગ દેવના ભવમાં તેમની દેવી સ્વયંપ્રભાનો જીવ, વૈયાવચ્ચી નંદિષેણ મુનિ (વસુદેવનો પૂર્વભવ) વગેરે આ દૃષ્ટિના દ્રષ્ટાંત છે.

ક્ષેપદોષ (સાંસરિક ભોગોમાં ઉપાદેય બુદ્ધિ. તે પ્રકારની બુદ્ધિ છુટી જવાથી તત્ત્વ શુશ્રુષા પ્રગટે છે) જાય એટલે જીવ ત્રીજી બલાદૃષ્ટિમાં આવે છે.

### ૩. બલાદૃષ્ટિ

આ દૃષ્ટિમાં પ્રથમની બે દૃષ્ટિ કરતાં વિવેકની દૃઢતા અને બળ વધુ હોય છે. ધર્મમય જીવન જ એક માત્ર ઉપાદેય છે એવું દૃઢ પ્રણિધાન આ દૃષ્ટિમાં હોય છે. દૃઢ પ્રણિધાનથી ધર્મપાલનમાં બળ વધતું જાય છે.

**૧. બોધ :-** બલાદૃષ્ટિનો બોધ લાકડાના અંગારા જેવો છે. તે લાંબો સમય ટકે છે અને તેનું બળ પણ વધારે છે. એટલે અવસરે તેને બોધ ઉપયોગમાં આવે છે.

'મોક્ષમાર્ગ જ ઉપાદેય છે, સંસાર આખો હેય છે', આવું સબળ પ્રણિધાન અહીં હોવાથી શુભનો અનુબંધ સબળ પડે છે અને અશુભનો અનુબંધ નબળો પડે છે.

૨. **લક્ષણ** :- આ દૃષ્ટિમાં ક્ષેપ દોષ નાશ પામેલ હોય છે. તત્ત્વશુશ્રુષા નામનો ગુણ પ્રગટે છે. અને સુખાસન નામનું યોગનું અંગ પ્રાપ્ત થાય છે.

(૧) **ક્ષેપ** :- ક્ષેપ એટલે સાંસારિક ભોગોમાં ઉપાદેયબુધ્ધિનું આકર્ષણ. એ આકર્ષણ સાધના માર્ગમાં વિક્ષેપ ઊભો કરે છે તેનું કારણ અવિવેક છે. વિવેક નથી, વૈરાગ્ય પણ નબળો હોય છે.

દા.ત. સુકુમારિકા, વૈયાવચ્ચી નંદિષેણ મુનિ વગેરે અવિવેકના કારણે જ ક્ષેપ દોષમા ફસાઈને નિયાણું કરવાથી થાપ ખાઈ ગયા. સંયમમાં અરૂચિ નથી આવી, જો તે આવી હોત તો ખેદ દોષ આવી જાત અને સાધનામાર્ગથી બહાર નીકળી જાત. સંભૂતિ મુનિ (બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જીવ) અને વિશ્વભૂતિ મુનિ (ભગવાન મહાવીરનો જીવ) બન્નેએ નિયાણું કર્યું ત્યારે તેમને ખેદ દોષ આવી ગયો છે તેથી સાધનામાર્ગમાંથી બહાર ફેંકાયા હતાં.

બલાદૃષ્ટિમાં જીવને યોગના-સાધનાનાં અનુષ્ઠાનોમાં ક્ષેપનો અભાવ હોય છે. તેમની જરૂરીયાત સીમિત હોય છે. સંતોષી હોય છે. દા.ત. તામલી તાપસને અનશન કર્યા પછી દેવોએ ચમરેન્દ્ર થવા લલચાવ્યા પણ તેમાં અડગ રહ્યા, પરિણામે નિયાણું ન કર્યું. એટલે ઉપરના દેવલોકમાં ઈન્દ્ર થયા.

(૨) **તત્ત્વશુશ્રુષા** :- તારાદૃષ્ટિમાં જે તત્ત્વ જિજ્ઞાસા ગુણ હતો તેમાંથી ફલિત થયેલો આ ગુણ છે. કોઈ ચતુર પુરૂષ પોતાની પત્નીની સાથે કિન્નરોનું દિવ્ય સંગીત સાંભળતો હોય, તેને તેમાં જે સુખ અને આનંદનો અનુભવ કરતો હોય તેવો જ આનંદ બલાદૃષ્ટિમાં આવેલા જીવોને તત્ત્વ સાંભળવામાં આવે છે. આ દૃષ્ટિમાં આવેલા જીવનું તત્ત્વશ્રવણ ઉપયોગી થાય છે. આ જીવોને શ્રવણની સામગ્રી મળે તો પ્રબળ શુશ્રૂષાના શુભભાવથી અંતરાયકર્મ તૂટતું જાય છે અને વગર સાંભળ્યે પણ તત્ત્વનો બોધ થાય છે.

(૩) **સુખાશન** :- અહીં ભાવ સુખાસનની વાત છે. કોઈપણ ધર્મ અનુષ્ઠાન કરતાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ પ્રાયઃ દોષરહિત હોય છે. બધી જ ક્રિયા તે એકાગ્ર ચિત્તથી કરે છે. અને ધર્મમાં ઉપાદેયબુધ્ધિ દૃઢ છે. સાધના માર્ગમાં કર્તવ્યબુધ્ધિ હોવાથી તેમને આવો ક્ષયોપશમ ઉત્પન્ન થયો હોય છે કે સઘળી વિધિ-અવિધિને તે જાણતો હોય છે. દરેક કાર્ય નિપુણતારૂપ હોય છે.

અહીંયા એમ કહેવામાં આવ્યું છે કે ઉપકરણોનો વિઘાત ન હોય. આ ઉપકરણો આભ્યંતર ગણવાના છે. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. ગમે

તેવા અનુકૂળ કે પ્રતિકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આ દૃષ્ટિવાળા જીવોને પ્રતિબંધ હોતો નથી, અર્થાત્ તેની અસર તેના ઉપર આવતી નથી. તેની દૃષ્ટિ આત્મિક આરાધના તરફ જ હોય છે. આ દૃષ્ટિમાં આવેલા જીવના મનના પરિણામ ઋજુ થયેલા હોય છે. લક્ષ સ્થિર થઈ ગયું છે. તેથી જે પ્રમાણે યથાર્થ પુરૂષાર્થ કરશે તેટલો આગળ વધશે. વિષય-કષાયરૂપ ચિત્તની વક્રતા ખૂબ જ મંદ પડી જાય છે તેથી તે ઋજુ પરિણામી થવાથી તેનું ગમન પણ ઋજુ હોય છે.

પ્રથમ દૃષ્ટિમાં જીવ માર્ગાભિમુખ થાય છે. બીજી દૃષ્ટિમાં માર્ગાનુસારી થાય છે. ત્રીજી દૃષ્ટિમાં જીવ માર્ગ ઉપર ચડેલો છે એમ કહેવાય છે.

આગળના ત્રણ દોષો આ દૃષ્ટિમાં હોતા નથી. અને જ્યારે ઉત્થાન દોષ (અપ્રશસ્ત કષાયોમાં રુચિપૂર્વક પ્રવૃત્તિ કરવી કે તેમાં ઉપાદેય બુદ્ધિ રાખવી) નો ક્ષય કરે ત્યારે જીવ ચોથી દીપ્રાદૃષ્ટિમાં આવે છે.

## ૪. દીપ્રાદૃષ્ટિ

દીપ્રા એટલે તેજસ્વી. આ દૃષ્ટિનો બોધ દીપક જેવો તેજસ્વી છે, માટે તેને આ નામ આપવામાં આવ્યું છે.

**૧. બોધ :-** અહીંયા બોધ દીવાના પ્રકાશ જેવો તેજસ્વી હોય છે. આ દૃષ્ટિમાં વિવેકની માત્રા ઘણી વધી ગયેલી હોવાથી હેય-ઉપાદેયનો સ્થૂલથી તો તેને બધો બોધ હોય છે. તેથી સમ્યક્ત્વની નજીક આવી ગયેલ છે. હજી સૂક્ષ્મબોધનું પરિણમન નથી. આવી જાય તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય. આ દૃષ્ટિમાં આવેલા જીવનો બોધ આગામી ભવમાં પણ સાથે જાય છે. આ દૃષ્ટિનો બોધ પ્રથમ ગુણસ્થાનકમાં ઉત્કૃષ્ટ કહેવાય છે. હવે ભોગમાં ઉપાદેય બુધ્ધિ રહેતી નથી, વિષય-કષાયને હેય માને છે. પણ હજી અજ્ઞાનતા હોવાથી સૂક્ષ્મ વિષય-કષાયને ઓળખી શકતો નથી. તેથી તેમાં ઉપાદેય બુધ્ધિ આવી જાય છે.

**૨. લક્ષણ :-** દીપ્રાદૃષ્ટિમાં તેવા પ્રકારની પ્રશાંતવાહિતા હોવાના કારણે યોગમાંથી ઉત્થાનદોષનું નિવારણ થાય છે. તત્ત્વ શુશ્રૂષામાંથી જન્મેલ તત્ત્વશ્રવણ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. પ્રાણાયામ નામનું યોગનું ચોથું અંગ હોય છે. તત્ત્વશ્રવણ હોવા છતાં હજી સૂક્ષ્મબોધનો અભાવ હોય છે.

**(૧) ઉત્થાન દોષ :-** અનાભોગથી અપ્રશસ્ત કષાયોમાં રુચિપૂર્વક પ્રવૃત્તિ કરવી, તેમાં ઉપાદેય બુધ્ધિ રાખવી, તેને ઉત્થાન દોષ કહેવાય છે. અપ્રશસ્ત

કષાયમાં અનાભોગથી જ જો ઉપાદેયબુદ્ધિ આવી જાય તો ઉત્થાનદોષ આવ્યો ગણાય. આ ભોગપૂર્વક ઉપાદેયબુદ્ધિ આવી જાય તો ઉત્થાનદોષ કરતાં પણ નીચેની કક્ષાના દોષ છે એમ સમજવું જોઈએ, દા.ત. : મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વભવમાં, તેમજ બ્રાહ્મી સુંદરીએ પૂર્વના પીઠ અને મહાપીઠના ભવમાં આ ઉત્થાનદોષના કારણે જ 'સ્ત્રીવેદ' નામનું કર્મ બાંધ્યું હતું. તેઓ પોતાના સૂક્ષ્મ માયા, અહંકાર વગેરે અપ્રશસ્ત ભાવોને ઓળખી શકયા નહિ. તેમાં રૂચિ થઈ ગઈ, જેના વિપાકરૂપે નીચ ગોત્રકર્મ અને એ પ્રમાણે જન્માદિ હીનપણાને પામ્યા હતા.

દીપ્રાદષ્ટિમાં આ ઉત્થાનદોષનું નિવારણ થયેલું છે. તેથી આ દષ્ટિવાળાને નાનામાં નાના કષાયો પ્રત્યે અરુચિ જ હોય છે. તેથી તેને કાઢવાની સતત મથામણ કરતાં રહે છે. તેથી તેઓમાંથી અપ્રશસ્ત કષાયો પ્રાયઃ નષ્ટ થયેલા જ હોય છે. તેઓ શાંત-પ્રશાંત જણાય છે. ગમે તેવા સંયોગોમાં પણ તેમનું ચિત્ત ઉપશાંત જ રહે છે. આ કારણે જ માનસિક સુખ ઘણું અનુભવતા હોય છે.

**(૨) પ્રાણાયામ :-** દીપ્રાદષ્ટિમાં ભાવ પ્રાણાયામ હોય છે. તેમાં ચિત્તમાં રહેલા અશુભભાવોનું રેચન કરીને જીવ શુભભાવોનું પુરણ કરે છે. અશુભભાવો ચિત્તને સ્પર્શી ન જાય તેના માટે જીવ સતત જાગ્રત રહે છે. કદાચ ઉદયને અનુલક્ષીને અશુભભાવો ઉભા થાય તોપણ તેમાં રુચિ કે ઉપાદેયબુદ્ધિ અનાભોગથી પણ ન થઈ જાય તેની ખાસ કાળજી રાખે છે નહિતર ઉત્થાન દોષ પ્રવેશી જાય છે. આ ભાવ પ્રાણાયામથી અનોખું બળ પ્રગટે છે, તેનું ઓજસ વધે છે.

**(૩) તત્ત્વશ્રવણ :-** તત્ત્વશ્રવણ ગુણ પ્રગટવાથી આ જીવો તત્ત્વનું જ શ્રવણ કરે છે. ભાવપ્રાણાયામ અને ઉત્થાન દોષનો અભાવ હોવાથી ચિત્તમાં એવી તો પ્રશાંતવાહિતા આવી છે કે હવે તેને તત્ત્વનું શ્રવણ હૃદયસ્પર્શી બને છે. છતાં હજી સમિતિ-ગુપ્તિ આદિમાં હેય-ઉપાદેયનો સૂક્ષ્મ બોધ જેવો પાંચમી દષ્ટિમાં હોય છે તેવો નિપૂણ સૂક્ષ્મબોધ આ દષ્ટિમાં હોતો નથી.

તત્ત્વશ્રવણ દ્વારા તેનો એવો દઢ નિશ્ચય હોય છે કે પુદ્ગલમાં સુખ આપવાની તાકાત નથી જ. ધર્મ આરાધનાથી જ સુખ પ્રાપ્ત થાય છે. આ સંકલ્પબળથી તેને ધર્મમાં જ એકાંતે ઉપાદેયબુદ્ધિ હોય છે. હવે તે જાણે છે કે

ધર્મનું શરણું જ પરલોકમાં સાથે આવે છે. તેથી આ દૃષ્ટિવાળો જીવ ધર્મની રક્ષા માટે પ્રાણ આપવા પડે તો પણ તે અચકાતો નથી.

આ દૃષ્ટિવાળા જીવને હજી સ્પષ્ટબોધ હોતો નથી છતાં અસ્પષ્ટ સંવેદન તેને જરૂર થાય છે. તેના મર્મને તે પામી જાય છે.

ગુરૂની આજ્ઞાથી કરાતું તત્ત્વશ્રવણ જ હિતકારી બને છે. તત્ત્વશ્રવણને કારણે આત્મિક ગુણના અનુરાગથી તેની વૃત્તિ એવી થઈ જાય છે કે સ્વાભાવિક રીતે જ વૈયાવચ્ચના પરિણામ થઈ જાય છે. માટે ગુરુભકિત એ વિવેકગુણની જ અભિવ્યકિત છે અને જ્યાં વિવેક હોય છે ત્યાં ધર્મ સાનુબંધ જ બને છે. આ દૃષ્ટિવાળા જીવોનું તત્ત્વશ્રવણ મર્મસ્પર્શી હોવાથી મોહની ગાઢ અસરમાંથી તેઓ મુક્ત થઈ ગયા છે. એટલે તત્ત્વશ્રવણરૂપ શરણ ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલું છે.

મહર્ષિ દત્તે ધર્મની પાંચ યોનિઓ કહી છે. તે દૃષ્ટિઓમાં આવતી વાતો સાથે સુમેળ સાધે છે.

**(૧) ધૃતિ-અભય. (૨) શ્રધ્ધા-ભાવચક્ષુ (૩) સુખા-આધ્યાત્મિક સુખનો કાંઈક અનુભવ (૪) સુવિવિદિષા-તત્ત્વચિંતન (શરણ) અને (૫) વિજ્ઞપ્તિ-બોધ.** આ પાંચેય અનુક્રમે પાંચ દૃષ્ટિમાં હોય છે.

દા.ત. :- તામલી તાપસ જે અત્યારે ઈશાનેન્દ્ર બનેલ છે અને ૧૫૦૦ તાપસો જેને ગૌતમસ્વામીએ પ્રતિબોધ કર્યો તે આ દૃષ્ટિમાં રહેલાં હતા. તેઓમાં મંદ મિથ્યાત્વના ભાવ છે. તેથી તત્ત્વભાસમાં તત્ત્વની પ્રતીતિ થાય છે અને અનાભોગથી પાપમાં પ્રવૃત્તિ કરે કે સૂક્ષ્મ દોષોનું સેવન કરે છે.

આ ચાર દૃષ્ટિ પ્રતિપાત યુક્ત છે એટલે કે આ દૃષ્ટિમાં રહેલા જીવ પોતાના અધ્યાત્મમાર્ગમાંથી પતિત થાય, વિઘ્ન ઉભા થાય એવું કર્મ બાંધી શકે છે. બાંધે જ એવો નિયમ નથી. આ ચાર દૃષ્ટિને સાપાય કહી છે એટલે કે દુર્ગતિમાં ચાલ્યા જવાની શકયતા છે એમ સમજવાનું છે. પણ અપુનર્બંધક અવસ્થા પામ્યા પછી જીવનો સંસાર અલ્પ થઈ જાય છે.

અનાદિકાળથી જીવને સંસારમાં રખડાવનાર મિથ્યાત્ત્વ જ છે. જીવમાં એવી વિપરીત બુધ્ધિ પેદા કરે છે કે જેના કારણે અતિ તુચ્છ અને અસાર એવા પૌદ્‌ગલિક સુખોમાં તેને ગાઢ આસકિત પ્રગટે છે. આવા જીવને ભવાભિનંદી કહેવામાં આવે છે. મિથ્યાતત્વના કારણે જે જે દોષ ઉદ્‌ભવે છે તેને તેના લક્ષણરૂપે બતાવતાં કહે છે કે :-

(૧) **ક્ષુદ્ર :-** અસાર, તુચ્છ એવા સાંસારિક ભોગસુખોમાં તેને આસકિત છે. વિષ્ટાના કીડાને જેમ વિષ્ટા પ્રિય હોય છે તેમ આ સંસારી જીવ કીડા જેવો ક્ષુદ્ર છે.

(૨) **લાભરતિ :-** તુચ્છ એવી પૌદ્‌ગલિક વસ્તુઓ અને તે દ્વારા મળતા અસાર સુખને મેળવવામાં જ તેને આનંદ આવે છે, તેને જ ઈચ્છે છે, તે મળે એટલે ફૂલાઈ જાય છે. ધર્મની પ્રવૃત્તિ પણ તેને મેળવવા માટે કરે છે.

(૩) **દીનતા :-** ભૌતિક ભોગસામગ્રી ઉપર જ તેણે પોતાના જીવનના સુખનો મહેલ ચણ્યો હોય છે. એટલે તેમાં કાંઈ ખામી આવે એટલે તે એકદમ ગરીબ બની જાય છે.

(૪) **મત્સરતા :-** આત્મિક ગુણો પ્રત્યે હંમેશા તેને માત્સર્ય-અરુચિ હોય છે

(૫) **ભયભીત :-** અકાર્યને આચરતો હોવાથી તે આલોક અને પરલોકથી ભયભીત રહે છે.

(૬) **માયાવી :-** પોતાના આત્માને સાચા સુખથી વંચિત રાખવા વડે સ્વ આત્માને ઠગનારો છે.

(૭) **મૂર્ખ :-** હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માને છે, આમ ઊંધુ સમજે છે.

(૮) **સંસાર રસિક :-** પાણી વલોવવાથી કાંઈ માખણ ન મળે, તેમ સુખ માટેની જીવનભરની તેની મહેનત પાણી વલોવવા જેવી જ છે. હંમેશ માટે તે સુખનો ભિખારી જ રહે છે.

મિથ્યાત્વ જીવને એવો અંધ બનાવે છે કે પોતાનું હિત કે અહિત શું છે તે તેઓ સમજી કે દેખી શકતા નથી. સૌથી મોટો વિપર્યાસ એ છે કે વાસ્તવિક જે દુઃખરૂપ છે તેમાં પણ સુખની કલ્પના કરીને તેની પાછળ કચ્છૂકણ્ડૂયકની જેમ તો લલચાયા કરે છે અને જીવનને વેડફી નાખે છે. (કચ્છૂકણ્ડૂયક એટલે ખરજવાનો રોગી)

પાંચે ઈન્દ્રિયોના વિષયસુખો ખરજવા જેવાં છે. તે તો રોજ નવા નવા વિષયોની ભૂખ જગાડતા જ રહે છે. એટલે સુખ મેળવવા જતાં દુઃખની જ પ્રાપ્તિ-ખરજવાના રોગીની જેમ થાય છે.

આ મિથ્યાત્વરૂપી અંધાપાને શાસ્ત્રમાં અવેદ્યસંવેદ્યપદ નામ આપવામાં આવ્યું છે. વેદ્ય એટલે અનુભવવા યોગ્ય વસ્તુ. તેનું સંવેદ્ય એટલે

સંવેદન. જે વસ્તુ જેવી છે તેવો તનો અનુભવ કરવો એ વેદ્યસંવેદ્યપદ કહેવાય છે. તેનાથી વિપરીત અનુભવ કરવો તે અવેદ્યસંવેદ્યપદ કહેવાય છે. અવેદ્યસંવેદ્યપદમાં યથાવસ્થિત જ્ઞાન નથી પણ પોતાની રુચિ પ્રમાણેનું જ્ઞાન હોય છે. જ્યારે સમ્યક્ત્વ આવ્યા પછી જીવ દરેક પદાર્થનું યથાવસ્થિતજ્ઞાન કરે છે તેને જ વેદ્યસંવેદ્યપદ કહેવામાં આવે છે. તે વખતે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય છે. હેયને તે હેય જ માને છે, માટે તે જ્ઞાન દુર્ગતિનો હેતભૂત બનતું નથી. અહીંયા સંપૂર્ણ વિવેક હોવાથી જ્ઞાન સમાન પરિણામવાળું જ હોય છે. પણ જ્ઞેય સંબંધી જ્ઞાન દરેકનું જુદું જુદું હોય છે અને તે ક્ષયોપશમ પ્રમાણે હોય છે. સમકિતીના ગીતાર્થ અને અગીતાર્થ એમ બે ભેદ પડે છે. ગીતાર્થ સમકિતી સ્વ અને પરના હિત-અહિતને જાણે છે અને સમજે છે. જ્યારે અગીતાર્થ સમકિતીને શાસ્ત્રનો ઊંડો બોધ ન હોવાથી તે પરના હિતઅહિતને જાણતો નથી. પણ આત્મસંવેદન હોવાથી સ્વના હિત-અહિતને સંપૂર્ણપણે જાણે-સમજે છે. ગીતાર્થ કે અગીતાર્થ સમકિતીમાં વિવેક હોવાથી તેઓ બધાની રુચિ એક સરખી જ હોય છે. એટલે આત્માને હિતકર વસ્તુને હિતકર તરીકે જ ઓળખે છે.

પાંચમી દૃષ્ટિથી માંડીને વેદ્યસંવેદ્યપદ છે. યોગદૃષ્ટિમાં જીવ આગળ વધતો વધતો ચોથી દૃષ્ટિમાં આવે છે ત્યારે તો મિથ્યાત્વ એટલું મંદ પડી ગયું હોય છે કે માત્ર અનાભોગથી જ હવે તેને પાપમાં રૂચિ રહી છે.

અવેદ્યસંવેદ્યપદ એટલે મિથ્યાત્વની મંદતા થવાથી જીવ યોગમાર્ગની સન્મુખ થયો છે. મંદ હોવા છતાં તેને દૂર કરવું કઠિન કહ્યું છે. પ્રથમ દૃષ્ટિથી કરી જે દોષ કાઢવાના છે તે કાઢવામાં પ્રથમ કરતાં બીજીમાં વધારે શુભ અધ્યવસાયોની જરૂરીયાત રહે છે. તેનાં કરતાં ત્રીજીમાં વધારે મહેનત દોષ કાઢવામાં રહે છે. આ ચોથી દૃષ્ટિનો દોષ-ઉત્થાન દોષ કાઢવો ઘણો ઉત્કટ રહ્યો છે. તેને કાઢવા વધારે મહેનત કરવી પડે છે. પણ હવે પાપનો અનુબંધ ઘણો હળવો થયેલો હોય છે. કારણ કે ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ ક્રમસર ઘટતા ગયા છે, ક્ષય થયા છે. એટલે કે ઓછા ઓછા અનર્થ કરનારા છે. આ મિથ્યાત્વ સત્સંગ અને આગમના યોગથી દૂર થાય છે. આગમ પણ સત્પુરૂષ દ્વારા લખાયેલા હોવાથી સત્સંગમાં જ તેનો સમાવેશ થઈ જાય છે. આ બોધ જ મિથ્યાત્વને દૂર કરવા માટે સમર્થ બને છે. હવે કુતર્કનો આગ્રહ છુટી જાય છે. જો કુતર્ક કરવામાં આવે તો તે આત્માના શુધ્ધજ્ઞાનનો અને

આત્માની શકિતનો ઉપઘાત કરે છે, શ્રધ્ધાનો ભંગ કરે છે, અભિમાન અને કદાગ્રહ વધારે છે અને ઉપશમભાવને હાનિ પહોંચાડે છે. દા.ત. બઠર વિદ્યાર્થીનું દૃષ્ટાંત આનો નમુનો છે. આથી ગ્રંથકાર મહર્ષિ ઉપદેશ આપતાં કહે છે કે મહાત્માઓએ કુતર્કના પનારે પડવું નહિ, પણ હંમેશા શ્રુત, શીલ, સમાધિ માટે જ પ્રયત્નશીલ બનવું.

મહર્ષિ પતંજલિ પણ કહે છે કે આગમ, અનુમાન અને યોગાભ્યાસ વડે ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે યોગાભ્યાસ દ્વારા તેને અનુભવગમ્ય કરવા. આમ કરવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

"જે સર્વ દોષથી મુકત છે અને સર્વગુણસંપન્ન છે તે અમારા માટે સર્વજ્ઞ ભગવાન છે." આવું માનીને જે ભગવાનની ભકિત કરે છે તે માણસ ભલે ગમે તે ધર્મવાળો હોય કે ગમે તે નામથી ભગવાનની ભકિત કરતો હોય, પણ વાસ્તવિક રીતે તો તે સર્વજ્ઞનો જ પૂજક છે. સામાન્ય લક્ષણ જેમણે સાચું પકડયું છે અને ગુણની દૃષ્ટિએ જેઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે તે સર્વજ્ઞના જ ઉપાસક છે. જેના હૈયામાં સર્વજ્ઞની ભકિત છે, તેના ગુણને ઓળખીને જે ભકિત કરે છે તે બધાય તેના (ભકતો છે) ઉપાસકો છે. કોઈપણ ધર્મમાં રહેલાં અપુનર્બંધક જીવોથી માંડીને બધા જીવો સર્વજ્ઞના ઉપાસક છે, તે ભાવથી જૈન છે. દ્રવ્યથી જૈન કરતાં આવા ભાવથી જૈનની કિંમત વધારે છે. અધ્યાત્મમાં બે પ્રકારની ભકિત બતાવેલી છે. (૧) અચિત્ર ભકિત. (૨) ચિત્ર ભકિત.

જે અચિત્ર ભકિત છે તે સંસારાતીત તત્ત્વની અર્થાત્ સર્વજ્ઞની ભકિત છે. મુકિતમાર્ગના પથિક એવા યોગીઓ કે જેમને સર્વજ્ઞત્વની પ્રાપ્તિ કરવી છે તેઓની આ પ્રકારની અચિત્ર ભકિત છે. આ ભકિત શમપ્રધાન અર્થાત્ વૈરાગ્ય પ્રધાન હોય છે અને અસંમોહ બોધને પામેલા સાધકો જ કરી શકે છે. એક માત્ર આત્મા પરમાત્મામાં જેમનું મન રમી રહ્યું છે, અધ્યાત્મસુખની જ જેમને કાંક્ષા છે; એવા સાધકો જ આ અચિત્ર ભકિત કરે છે. તેવા સાધકો સંસારાતીત તત્ત્વને-ગમે તે નામથી પૂજતા હોય છતાં, તે બધા સર્વજ્ઞના જ ઉપાસકો છે અને તેમની ભકિત એક જ પ્રકારની છે, એટલે કે તે અચિત્ર ભકિત એક જ પ્રકારની હોય છે. હવે બીજી જે ચિત્રભકિત છે તે લોકપાલ, મહાકાળી દેવી, મહાલક્ષ્મી વગેરે સંસારી દેવની ભકિત છે તે સંસારરસિક જીવો કરતાં હોય છે. આ ભકિત રાગપ્રધાન હોય છે. આવા જીવોને સંસારના કોઈને કોઈ ભૌતિક

પદાર્થોની, પૌદ્‌ગલિક સખની આકાંક્ષા હોય છે. પોતાની તે તે આકાંક્ષાઓ જે દેવ પૂર્ણ કરી શકે તેમ હોય તેમના ઉપર રાગ હોય છે અને તે સિવાયના ઉપર તેમને દ્વેષ હોય છે. આમ તેમની ભકિત મોહગર્ભિત હોય છે. સંસારી દેવોની ભકિતમાં અનેક પ્રકાર પડતા હોવાથી તે ભકિતને ચિત્ર ભકિત કહેવામાં આવે છે.

બે માણસો એક સરખું ધર્મ અનુષ્ઠાન કરતાં હોય છતાં બંનેના આશય જો જુદા હોય તો બંનેને ફળ પણ જુદું જુદું જ મળે છે. તેમાં એકને પ્રશસ્તરાગ હોય તો બીજાને અપ્રશસ્ત રાગ હોય, એક તીવ્ર કોટિનો હોય તો બીજો મંદ કોટીનો હોય. આમ અનેક પ્રકારની તરતમતાથી આશયમાં ભેદ પડતો હોવા છતાં તેમાં મૂળભૂત કારણ બોધનો ભેદ છે. તે બોધ ત્રણ પ્રકારનો છે. (૧) બુધ્ધિ. (૨) જ્ઞાન. (૩) અસંમોહ.

**(૧) બુધ્ધિ :-** જેમાં માત્ર ઈન્દ્રિયો વડે જ અર્થનું જ્ઞાન થાય છે, તેને બુધ્ધિપૂર્વકનું અનુષ્ઠાન કહેવામાં આવે છે. વિષય પ્રતિભાસરૂપ માત્ર જે બોધ, તે બુધ્ધિપૂર્વકનો બોધ તો નાસ્તિકને પણ હોઈ શકે છે. આવા બોધથી થતાં ધર્મ અનુષ્ઠાનથી સંસાર કપાતો નથી કે મોક્ષ નિકટ આવતો નથી. બાહ્યદષ્ટિથી વિકાસ દેખાતો હોય પણ અંતરંગદષ્ટિએ તેની ખાસ કાંઈ ગણત્રી નથી.

**(૨) જ્ઞાન :-** જે આગમપૂર્વકનો એટલે કે શાસ્ત્રીય પરિભાષાનો વિવેક છે, તેવા જીવોનું ધર્માનુષ્ઠાન તે જ્ઞાનપૂર્વકનું કહેવાય છે. આમાં પ્રણિધાનાદિ હોય છે. તે ઓછાવત્તા અંશે હોય તો પણ જેટલા અંશે છે તેટલા અંશે મોક્ષ નિકટ આવે છે.

**(૩) અસંમોહ :-** અમૃત અનુષ્ઠાન કરનારનો બોધ સર્વ શ્રેષ્ઠ ગણાય છે. આ બોધવાળાને મોહ મુંઝવી શકતો નથી. આ અનુષ્ઠાન સદ્‌અનુષ્ઠાન છે. આ બોધવાળા જીવો મોક્ષની અતિ નિકટ એવા અમૃત અનુષ્ઠાનવાળા હોય છે. અચિત્રભકિત કરનારા જીવોમાં આવો અસંમોહ હોય છે.

રત્નના દષ્ટાંત વડે આ ત્રણે પ્રકારના બોધને સમજાવે છે. (૧) જેમ કે કોઈ અબુઝ રબારીને એ રત્નને જોઈને તેને લેવાનું મન થાય છે; પણ તે માત્ર તેની ચમકથી આકર્ષાઈને જ તે લેવા લલચાય છે. તેના લક્ષણની કે ગુણવત્તાની પરખ નહિ હોવાથી તેની તે વિશેષ કિંમત આંકી શકતો નથી. ધર્મક્ષેત્રમાં બુધ્ધિપૂર્વકનું અનુષ્ઠાન કરનારા બાળ જીવોનાં અનુષ્ઠાન આવાં જ

હોય છે. તેઓને શુભ પરિણામોનો ઘણો ઉલ્લાસ હોવા છતાં માત્ર પુણ્યબંધ સિવાય બીજો કોઈ વિશેષ લાભ તે મેળવી શકતા નથી. તેમનું તે જ્ઞાન વિષય પ્રતિભાસરૂપ કહેવાય છે. (૨) બીજો માણસ રત્નનાં લક્ષણોને બરાબર જાણે અને તેની પરખ બરાબર કરી જાણે છે. તેને તેની ગુણવત્તાની ખબર હોવાથી તેની કિંમત આંકી જાણે છે અને ગ્રહણ કરે છે. તેવી જ રીતે જ્ઞાનપૂર્વકના બોધવાળા જીવોનું ધર્માનુષ્ઠાન તેના રહસ્યની સમજણપૂર્વકનું હોય છે. આ જીવોનું અનુષ્ઠાન તે ઈચ્છાયોગનું અનુષ્ઠાન કહેવાય છે અને તેનું જ્ઞાન આત્મપરિણતિવાળું કહેવાય છે. (૩) ત્રીજો માણસ એ રત્નના લક્ષણો બરાબર જાણતો હોય છે અને સાથે સાથે તેના પ્રયોગની વિધિ અથવા તો ચિંતામણિ વગેરે રત્ન હોય તો તેની બધી જ વિધિ બરાબર પ્રયત્નપૂર્વક કરતો હોય છે. એ રત્ન પાસેથી પૂરેપૂરા ફળને પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનમાં જાણકારી હતી પણ તે પ્રમાણેનું પૂરેપૂરું આચરણ નહોતું; સદ્અનુષ્ઠાન નહોતું. જ્યારે આમાં સદ્અનુષ્ઠાન સંપૂર્ણ આચરણરૂપ હોય છે. એ જ રીતે અસંમોહ બોધવાળા જીવો પોતે વિધિપૂર્વક જ અનુષ્ઠાન કરે છે. તે અમૃત અનુષ્ઠાન કહેવાય છે. આનું જ્ઞાન તે તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન છે. તેઓ જે કોઈ અનુષ્ઠાન કરે છે તેના પૂરેપૂરા ફળને પ્રાપ્ત કરી શકે છે અને શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે. અમૃત અનુષ્ઠાનના લક્ષણ નીચે પ્રમાણે છે.

(૧) આ અનુષ્ઠાનમાં સાધક ત્રણે યોગોને પૂરેપૂરા પ્રવર્તાવતો હોય છે. તેમાં તેનો પુરૂષાર્થ ઉત્કૃષ્ટ કોટિનો હોય છે. (૨) તે અનુષ્ઠાન કરવામાં તેને અત્યંત અનુરાગ હોય છે કારણ કે તેનાથી પોતાને જે ઉત્તમ લાભો થવાના છે તેની તેને પૂરેપૂરી સમજ છે. (૩) આ અનુષ્ઠાન વિઘ્ન વગરનું હોય છે, શુભભાવના પ્રચંડબળથી એવું તો પુણ્ય ઉભું કરે છે કે વિઘ્નભૂત પાપકર્મો ગાઢ હોય તો તેને પણ દબાવી દેવા તે સમર્થ બને છે એટલે કે ઘણા પાપકર્મોની નિર્જરા કરી નાખે છે. (૪) અમૃત અનુષ્ઠાનથી તત્કાળ જ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. શુભભાવથી ઉત્કૃષ્ટ પુણ્યની સિધ્ધિ થાય છે. (૫) જે ધર્મ અનુષ્ઠાન કરે તેને સંપૂર્ણપણે જાણે અને પાળે તેવી તીવ્ર જિજ્ઞાસા હોય છે. (૬) એ ધર્મ અનુષ્ઠાનના જાણકારની સેવા કરે છે એટલે કે ગુરુની સેવા-વૈયાવચ્ચ કરે છે અને તે પૂર્વ સેવારૂપ છે. તેથી ગુરુનો અનુગ્રહ તેઓના ઉપર થાય છે. તેમજ આ અનુષ્ઠાન સાનુબંધ હોવાથી શીઘ્રપણે મોક્ષને અપાવનાર થાય છે.

બુધ્ધિથી કરાતા અનુષ્ઠાનો અશાસ્ત્રીય હોવાથી પરિણામે સંસારને વધારી નિરસ ફળ આપે છે. તાત્કાલિક થોડું-ઘણું સુખ કદાચ મળે પણ પરિણામે સંસારમાં આસકિત કરાવીને દુર્ગતિમાં જ ધકેલનાર બને છે.

બીજા નંબરનું જે જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન છે, તે શ્રુતશકિતથી યુક્તહોવાથી કુલયોગીને મુકિત પ્રાપ્ત કરવા યોગ્ય છે. તાત્ત્વિક અનુબંધવાળુ છે. કુલયોગી એટલે અપુનર્બંધક જીવથી માંડીને સતિચારવાળા મુનિઓ. અપુનર્બંધક જીવમાં તાત્ત્વિક વૈરાગ્ય છે. તાત્ત્વિક અનુબંધ જીવને ઠેઠ મુકિત સુધી પહોંચાડે છે. પ્રથમ ગુણસ્થાનથી તેની શરૂઆત થાય છે.

ત્રીજા નંબરનું જે અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન છે, તે શાસ્ત્રયોગવાળાનું સંપૂર્ણ વિધિપૂર્વકનું અમૃતાનુષ્ઠાન છે. ચારિત્ર મોહનીયનો જો નિકાચિત ઉદય ન હોય તો એ જ ભવમાં તે મુકિત આપે છે. જો નિકાચિત ઉદય હોય તો અલ્પ ભવોમાં જ તેનો નિસ્તાર થાય છે. જેમણે સમતારૂપ આત્મરમણતાના સુખનો અનુભવ કર્યો છે, ઓત્સુકય માત્રનો જેમણે ત્યાગ કર્યો છે, તેમના અનુષ્ઠાનો અસંમોહથી કરાયેલા હોય છે અને તે એકાંતે શુધ્ધ હોવાથી શીઘ્ર મુકિતને આપનાર બને છે. આ જીવો આસન્ન મુકિતગામી હોય છે. અસંમોહ અનુષ્ઠાન કરનાર જીવોનું લક્ષણ પાકૃતભાવમાં તેઓ ઉત્સુકતા રહિત હોય છે. પાકૃતભાવ એટલે શબ્દાદિ વિષયોરૂપ જડસૃષ્ટિ સમજવાની છે. તેમાં ભાવથી વિરકત હોવાથી આવા જીવો મુકત તુલ્ય છે.

**સર્વજ્ઞ એક જ છે એમ કહ્યા પછી ગ્રંથકાર મહર્ષિ હવે કહે છે કે 'નિશ્ચયથી સર્વજ્ઞ ઉપદર્શિત મોક્ષમાર્ગ એક જ છે.' તે માર્ગ ચિત્તની વિશુધ્ધિનો છે. ચિત્ત વિશુધ્ધિ એટલે સમભાવ-એટલે કે જેમ જેમ જીવની રાગદ્વેષની પરિણતિ મંદ પડતી જાય છે તેમ તેમ ચિત્તની વિશુધ્ધિ વધતી જાય છે અને અનુક્રમે મોક્ષમાર્ગમાં આગળ વધતો જાય છે. વ્યવહારનયથી મોક્ષે પહોંચવા માટેના અસંખ્યાત યોગો છે. તેના દ્વારા છેવટે નિશ્ચય મોક્ષમાર્ગ જે ચિત્ત વિશુધ્ધિરૂપ છે તેને પકડવાનો છે તેના દ્વારા જ મોક્ષ તરફ પ્રયાણ કરવાનું છે. જે યોગોથી ચિત્તની વિશુધ્ધિ ન થતી હોય તેને મોક્ષમાર્ગ ગણી શકાય નહિ. સર્વ દર્શનવાળા આ વાતન માન્ય કરે છે.**

મુકિતના સ્વરૂપને બધા એક જ રીતે વર્ણવે છે કે પુદ્ગલની ઉપાધિથી સંસાર છે અને તેનાથી છૂટવું એ મુકિત છે અને મુકિતને પ્રાપ્ત કરેલા મુકતાત્મા

છે. આમ એક સ્વરૂપવાળું પરમતત્વ સૌ માને છે. છતાં દરેકના વર્ણનમાં શબ્દના ભેદથી ભેદ છે. તે હવે સમજાવે છે.

(૧) **સદાશિવ** :- શિવને પૂજનારા, પરમતત્ત્વને સદાશિવ એવું નામ આપે છે અર્થાત્ હંમેશા જ્યાં કલ્યાણ જ છે. ત્રણે કાળમાં જે શુધ્ધ છે તે.

(૨) **પરંબ્રહ્મ** (પરબ્રહ્મ) :- કેટલાક પરમતત્વને બ્રહ્મ તત્વ સ્વરૂપ માને છે. આત્માનું મૂળ સ્વરૂપ શુધ્ધ હતું ત્યારે તે બ્રહ્મસ્વરૂપી હતો. સંસાર અવસ્થા એ તેનું વિકૃત સ્વરૂપ છે તેમાંથી પાછા મૂળ સ્વરૂપમાં આવવું તેનું નામ જ પરબ્રહ્મ કે પરમ સત્ અવસ્થા છે. બ્રહ્મ એ સત્ સ્વરૂપ છે અને સત્નું ઉપાસક છે. તે સત્ભાવનું આલંબન એ જ મુકિત છે.

(૩) **સિધ્ધાત્મા** :- જૈનો તેને સિધ્ધાત્મા કહે છે. તેણે કરવાનું બધું જ કરી લીધું છે, છોડવાનું બધું જ છોડી દીધું છે. આમ જે કૃતકૃત્ય થઈ ગયા તે સિધ્ધાત્મા કહેવાય છે.

(૪) **તથાતા** :- કેટલાક પરમતત્વને 'તથાતા' એવું નામ આપે છે. એટલે કે જે સરખી રીતે જ હંમેશા રહે છે તે. ઉપાદાનથી કે નિમિત્તથી જેનામાં કોઈ ફેરફાર થતો નથી પણ હંમેશા ધ્રુવપણું એક સરખું રહે છે તે તથાતા કહેવાય છે. જડ સંસારની વિયોગાત્મક સ્થિતિ એ તથાતા અવસ્થા છે. આધિ દૈવિક, આધિ ભૌતિક અને અધ્યાત્મિક એ ત્રણે પ્રકારના દુઃખોનો ત્યાં અભાવ છે. સદ્ભૂત પદાર્થોમાં આત્મતત્ત્વ એ 'પરા' એટલે અત્યંત શ્રેષ્ઠ છે. જ્ઞાન તેમજ અતુલ વીર્યાત્મકશકિતથી આત્મતત્ત્વ સર્વ શ્રેષ્ઠ છે.

'ભૂતાર્થ ફળદ' એટલે સદ્ભૂત એવું જે અંતિમ પ્રયોજન સદાનંદ, સદાતૃપ્તિ રૂપી ફળ આપનારી આ અવસ્થા છે. અનંત ગુણ અને અનંત શકિતનો તે સ્વામી બને છે અને સદાતૃપ્ત એવો તે સદાનંદમાં મગ્ન રહે છે.

આમ ભલે બધા જુદા જુદા નામોથી ઓળખાવતા હોય પણ અન્વયાર્થથી વિચારીએ તો તેના સ્વરૂપ વિષે બધાનો અભિપ્રાય એક જ છે. દરેક ધર્મવાળા એમ જ કહે છે કે-તે નિરાબાધ છે, નિરામય છે, નિષ્ક્રિય છે, પરમ તત્ત્વ છે.

આ પ્રમાણે અસંમોહજ્ઞાનથી નિર્વાણ સંજ્ઞાવાળા પરમતત્ત્વને જાણ્યા પછી જ્ઞાનીઓનો તેની ભકિતમાં કદાપિ વિવાદ ઉત્પન્ન થતો નથી. આ નિર્વાણ તત્ત્વને સર્વજ્ઞ થયા બાદ જ પામી શકાય છે. સર્વજ્ઞપણું એ તેનો ઋજુ (સરળ)

માર્ગ છે. સીધો માર્ગ હંમેશાં એક જ હોય છે. સર્વજ્ઞપણું તો એક જ પ્રકારનું છે, તો પછી દેશના ભિન્ન ભિન્ન શા માટે હોય છે ? તેના ત્રણ વિકલ્પ ઘટી શકે છે.

(૧) સર્વજ્ઞ મહાત્માઓ શ્રોતાજનનો ભાવરોગ જે પ્રકારનો હોય અને તે જે રીતે દૂર થાય તેમ હોય એ રીતની તેમને દેશના આપે છે. આમ શ્રોતાજનોની રુચિની ભિન્નતાને કારણે દેશનામાં ભિન્નતા છે. ક્ષણિકતાથી જે ગભરાતા હોય તેને નિત્યતાનો ઉપદેશ આપીને સ્થિર કરે છે. જેઓ ભોગ-સુખમાં ખૂબજ આસકત હોય છે તેને ભોગસામગ્રી વીજળીના ચમકારા જેવી ક્ષણિક છે, ચંચળ છે,નાશવંત છે એવો ઉપદેશ આપી નિત્યતા શું છે તે સમજાવીને મુક્તિ તરફ જવાનો માર્ગ ઉપદેશે છે.

શ્રોતાની રૂચિને અનુસારે ઉપદેશ આપવા પાછળ તેમનો એક જ ઉદેશ છે કે કોઈપણ પ્રકારે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય જગાડીને મોક્ષમાર્ગમાં આગળ વધારવાનો છે.

(૨) સર્વજ્ઞની દેશના તો એક જ પ્રકારની હોય છે પણ શ્રોતાઓ પોતપોતાની રૂચિ અનુસાર ભિન્ન ભિન્ન અર્થઘટન કરે છે અને તે રીતે આગળ વધવા પુરૂષાર્થ કરે છે. જેટલી અને જેવી યોગ્યતા હોય તેટલો અને તેવો તેને ગુણ કરે છે. જેમનું તથાભવ્યત્વપણું પકવ થયું નથી એવા અયોગ્ય જીવોને એ દેશના ગુણકારી બનતી નથી. જેમ સૂર્યનો પ્રકાશ ઘુવડને લાભ નથી કરતો, તેમ સર્વજ્ઞની દેશના જે અવંધ્ય એટલે કે સફળ જ કહેવાય છે તે યોગ્ય જીવોને આશ્રયીને સમજવાનું છે.

(૩) સર્વજ્ઞે દેશના એક જ આપી છે. પણ તેમના ઉત્તરાધિકારી એવા ઋષિમુનિઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને દેશનાભેદ કર્યો છે.

આ ત્રણ કારણે સર્વજ્ઞની દેશનામાં ભેદ જોવામાં આવી રહ્યો છે. પણ તેઓની દેશના એક જ પ્રકારની હોય છે. દરેક નયની વાત સર્વજ્ઞ દ્વારા કહેલી છે. દરેક નયની વાત અપેક્ષાએ સ્વીકાર્ય બને છે. જ્યારે તે ઉન્માર્ગરૂપ બને છે ત્યારે જ અસ્વીકાર્ય બને છે. કોઈપણ નયની વાત ત્રણ રીતે ઉન્માર્ગરૂપ બને છે.

(૧) જો તે વાત એકાન્તે રજૂ કરવામાં આવી હોય તો દા.ત. આત્મા એકાંતે નિત્ય છે અથવા એકાંતે અનિત્ય છે. આમ એકાંતે પ્રરૂપણા કરવી તે ઉન્માર્ગ

છે. (૨) જો તે વાત ઉંધી અપેક્ષાએ રજૂ કરવામાં આવી હોય તો દા.ત. નિશ્ચયથી આત્મા શુધ્ધ છે અને વ્યવહાર અપેક્ષાએ આત્મા અશુધ્ધ છે તેના બદલે કોઈ કહે છે કે વ્યવહારથી પણ આત્મા શુધ્ધ છે અને નિશ્ચયથી આત્મા અશુધ્ધ છે. આ વાત ઉન્માર્ગરૂપ છે. (૩) અસ્થાને વાત રજૂ કરવામાં આવી હોય તો :- જેમ કે નીચલી કક્ષામાં જે ધર્મ છે તે જ ઉપરની કક્ષામાં અધર્મ બની જાય છે. દિગંબરની અપરિગ્રહની વાતો કે સ્થાનકવાસીની મૂર્તિપૂજાના નિષેધની વાતો એ શાસ્ત્રની જ વાતો છે, અને અમુક કક્ષામાં એ મંજુર પણ છે. પરંતુ ઉપલી કક્ષાના મુનિને યોગ્ય વાતો નીચેની કક્ષાવાળા જીવોને લાગુ પાડવાથી અસ્થાને થઈ હોવાથી તે ઉન્માર્ગરૂપ બની જાય છે. આવી ઘણી વાતો અસ્થાને રજૂ કરવાથી ઉન્માર્ગરૂપ બની જાય છે.

સજ્જન માણસો હંમેશા સુનિશ્ચિત જ બોલે. તત્ત્વનો ખ્યાલ રાખીને બોલે કે જેથી સામો માણસ ધર્મમાં સ્થિર થાય. 'સારવત્' એટલે નકામું ન બોલે પણ જેનાથી શ્રોતાનું હિત થાય એવું ગંભીર અર્થસભર બોલે.

દષ્ટ, ઈષ્ટ અને અનુભવને સંગત થતી વાતો હોય તો તેનો આગ્રહ કરવો, કારણ કે એ સદાગ્રહ છે. સદાગ્રહ એ સમ્યકૃત્ત્વ. મુક્ત થવું હોય તેણે ક્ષાયોપશમિક ધર્મો પણ છોડવાના છે તો પછી કદાગ્રહ છોડયા વગર કેમ ચાલશે ? માટે કદાગ્રહને છોડીને આત્માને હિતકારી હોય તે ઉત્સર્ગ માર્ગ કે અપવાદ માર્ગ હોય તેને આદરવો. દ્વાદશાંગી વગેરે શાસ્ત્રો એ તો સાધનમાત્ર છે. બાકી અતીન્દ્રિય પદાર્થોનું વિશેષજ્ઞાન તો અનુભવથી જ થાય છે.

મિથ્યાત્વે આખાય જગતમાં જીવોને ફસાવવા માટે ત્રણ જાળ પાથરેલી છે. (૧) વિષયની જાળ. (૨) કષાયની જાળ. (૩) કુતર્કની જાળ. ત્રીજી ચોથી યોગદષ્ટિવાળા મહાત્માઓ પહેલી બે જાળની ભયંકર ચુંગલમાંથી છૂટી ગયા છે; પરંતુ ત્રીજી કુતર્કની જાળમાં ફસાયેલા છે. કુતર્કની જાળ સમકિત પામવામાં આડખીલી રૂપ છે. આ કુતર્કને કારણે મહાત્માઓ પણ હેરાન થઈ જતાં હોય છે અને અધર્મમાં ધર્મની બુધ્ધિનો રાગ કરાવી દે છે. માટે ગ્રંથકારશ્રી કહે છે કે-દષ્ટિરાગ છોડો તો જ મોક્ષમાર્ગમાં આગળ વધી શકાશે. સૂક્ષ્મપણે પરપીડાનો ત્યાગ કરવો અને યથાશકિત પરોપકારનો પ્રયત્ન કરવો. પરિશુધ્ધ પરોપકાર એ શ્રુત, શીલ અને સમાધિનું અન્વય બીજ છે. તેના પાયામાં ભવવૈરાગ્ય જોઈશ. વ્યવહાર સમકિત માટે પણ (૧) સૂક્ષ્મ એવી પણ

પરપીડાનો ત્યાગ કરવો. (૨) જીવોનો દ્રવ્ય અને ભાવ ઉપકાર કરવો. (૩) વડીલ જનોની આજ્ઞાપ્રધાન ચિત્તવડે પૂજા કરવી. (૪) પાપી જીવો ઉપર અત્યંતકરૂણા કરવી.

ચોથી દૃષ્ટિમાં ઉત્થાનદોષ ગયો છે, પણ તત્ત્વાભાસમાં તત્ત્વની પ્રતીતિરૂપ ભ્રાન્તિદોષ પડયો છે. તે તેમને સમકિત પામવામાં વિઘ્નભૂત બને છે. એ ભ્રાન્તિ કુતર્કના કારણે પેદા થયેલી છે. દા.ત. પંદરસો તાપસને ગૌતમસ્વામીનો ભેટો થયો, ભ્રાન્તિ નીકળી ગઈ અને તુર્ત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. વ્યાસમુનિ, તામલી તપાસ વિ. આ દૃષ્ટિના દૃષ્ટાંતો છે. સૂક્ષ્મબોધના પરિણમનને કારણે અટકેલા હતાં. અહીં સુધી પ્રથમ ગુણસ્થાનકનો જ વિકાસ છે.

## ૫. સ્થિરા દૃષ્ટિ

ભ્રાંતિદોષ (એટલે તત્ત્વાભાષમાં તત્ત્વની પ્રતીતિ રૂપ. એટલે કે શરીરને આત્મા માનવો અથવા આત્માને શરીર માનવો તે. જે જેનામાં નથી તેનો આરો પણ કરવું તે. બાહ્ય પદાર્થોમાં સુખની કલ્પના તે. હું જે માનું છું તે જ સાચું છે. મારું એ જ સાચું તે.) દૂર થતાંની સાથે જ જીવ સમકિત પામે છે અને ચોથા ગુણસ્થાનમાં આવે છે. ચોથાથી ચૌદમા ગુણસ્થાનકનો વિકાસ સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં ગુંથી લીધો છે. પાંચમી અને છઠ્ઠી દૃષ્ટિમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવો હોય છે. સાતમી દૃષ્ટિમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવાળા અને આઠમીમાં સાતમાથી ઉપરના ગુણસ્થાનકવાળા જીવો હોય છે.

સ્થિરા દૃષ્ટિવાળા જીવોનો હેય-ઉપાદેયનો વિવેક હંમેશા એક ધારો-એક સરખો રહે છે. તેના વિવેકની સ્થિરતાને અનુલક્ષીને જ 'સ્થિરા' એવું નામ આપેલ છે.

**બોધ :-** અનાદિકાળની રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાયા પછી આ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેથી આ દૃષ્ટિમાં બોધને રત્નની પ્રભા સરખો કહ્યો છે. દીપકનો પ્રકાશ ઝીણી ઝીણી વસ્તુ બતાવી શકતો નથી. પવનમાં કંપાયમાન થાય છે અને વંટોળમાં બુઝાઈ જાય છે. જ્યારે રત્નનો પ્રકાશ એક સરખો સ્થિર હોય છે અને બુઝાતો નથી. તેવી રીતે આ સ્થિરાદૃષ્ટિમાં હેય-ઉપાદેયનો વિવેક સૂક્ષ્મ હોય છે. તેમાં શ્રધ્ધા કંપાયમાન થતી નથી. અને બોધ-અપ્રતિપાતી બુઝાય નહિ તેવો હોય છે. માટે રત્નની પ્રભા સાથે સરખાવવામાં આવ્યો છે. આ

બોધ અપ્રતિપાતી, પ્રવર્ધમાન છે, નિરપાય છે, પર પરિતાપથી વર્જિત છે, સંતોષ આપનાર અને પ્રણિધાન યોનીવાળો હોય છે.

**૧. અપ્રતિપાતી બોધ :-** પ્રતિપાત એટલે પતન. અહીં આધ્યાત્મિક વિકાસમાં પતન સમજવાનું છે. આ સ્થિરાદષ્ટિવાળાનો બોધ અપ્રતિપાતી છે એટલે કે આધ્યાત્મિક વિકાસમાં પતન લાવનાર બનતો નથી. તેનો વિવેક તેને ધર્મમાં અંતરાય કરનાર કર્મબંધથી બચાવી લે છે. સ્થિરાદષ્ટિવાળો સમ્યક્ત્વી જીવ પડવાઈ થાય છે, તે તેણે પૂર્વે પ્રથમની ચાર દષ્ટિ સુધીની અવસ્થામાં બાંધેલા અંતરાય કર્મથી પડે છે; પણ વર્તમાનમાં સમ્યક્ત્વની હાજરીમાં બાંધેલા કર્મથી પડવાઈ થતો નથી. વર્તમાનમાં તો તે એવું એક પણ કર્મ બાંધતો નથી કે જે તેને ભવિષ્યમાં ઉદયમાં આવે ત્યારે ધર્મમાં વિઘ્ન કરનાર બને. અપ્રતિપાતીનો આશય આ છે.

ધર્મમાં વિઘ્નભૂત થનાર પ્રાયઃ મોહનીયકર્મ છે. તેનાથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ-ત્રણ પ્રકારનાં વિઘ્ન આવે છે. આ બોધવાળો જીવ કંટક સમાન જઘન્ય પ્રકારનું વિઘ્ન આવે તેવું કર્મ બાંધે ખરો, પણ મધ્યમ કે ઉત્કૃષ્ટ પ્રકારના વિઘ્ન આવે તેવું કર્મ બાંધતો નથી. માટે જ તેને અપ્રતિપાતી કહેવામાં આવે છે.

**૨. પ્રવર્ધમાન બોધ :-** આ બોધ ક્રમસર વધતો જ જાય છે. તત્ત્વની રુચિ દિવસે દિવસે વધતી જ જાય છે, દઢ થતી જાય છે. વૈરાગ્ય, ઉપશમ અને વિવેક ગુણો વધતા જ રહે છે. આત્માની મલિનતા ઘટતી જાય છે. જો પૂર્વે બાંધેલું કોઈ અવરોધક કર્મ આડું ન આવે તો આ જીવ અવશ્ય આધ્યાત્મિક પ્રગતિ કરતો કરતો મુકિતને પામીને જ અટકે છે.

**૩. નિરપાય :-** અપાય એટલે દુર્ભાગ્યતા, અપયશ, દુઃખ, દીનતા વગેરે. સ્થિરાદષ્ટિવાળાનો બોધ તેને એટલો જાગૃત રાખે છે કે તેને એવા સંકિલષ્ટ પરિણામ થવા જ દેતો નથી કે જેનાથી ભવિષ્યમાં ભયંકર દુર્ગતિ કે ભયાનક આપત્તિ આવે. સ્થિરાદષ્ટિવાળાનો વિવેક સંપૂર્ણ હોવાથી તે પાપને પાપ જ માને છે તેમાં તેને આંશિક રૂચિ પણ હોતી નથી. પાપનો સાચો પશ્ચાતાપ અને આલોચના સમકિતી જીવ જ કરી શકે છે.

**૪. પરપરિતાપથી વર્જિત સંતોષ આપનાર :-** આ દષ્ટિવાળા જીવો પ્રાયઃ પરને પીડા કરે નહિ એવી પ્રકૃત્તિવાળા હોય છે. સહજ રીતે જ બધાને અનુકૂળ વર્તનારા હોય છે. બધાને સંતોષ આપવાનો, સુખ આપવાનો અને હિત

કરવાનો તેમનો સ્વભાવ હોય છે. તેઓ પરોપકાર પ્રધાન હોય છે. શુધ્ધબોધના કારણે સમકિતી જીવ સામા જીવોની યોગ્યતા બરાબર સમજીને તદ્નુસાર તેમની ઉપર ઉપકાર કરી શકે છે.

**૫. પ્રણિધાન યોનીવાળો :-** પ્રણિધાનનું મુખ્ય લક્ષણ છે 'કર્તવ્યતા ઉપયોગ' અર્થાત્ મોક્ષ અને સંવર જ ઉપાદેય છે; વિષય અને કષાય, પુદ્ગલમાં રમણતારૂપ વિભાવદશા, એ હેય જ છે. આત્મિક ગુણો જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેમાં જ રમણતા કરવા યોગ્ય છે. આવા દઢ નિશ્ચયને પ્રણિધાન કહેવામાં આવે છે. આવું પ્રણિધાન આ જ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

**લક્ષણ :-** આ દૃષ્ટિમાં અપ્રતિપાતી એવો નિત્યબોધ હોય છે. ભ્રાંતિદોષનું વર્જન છે. સૂક્ષ્મબોધ નામના ગુણની પ્રાપ્તિ હોય છે. પ્રત્યાહાર નામનું યોગનું પાંચમું અંગ પ્રાપ્ત થાય છે.

અહીં તત્ત્વદર્શન નિત્ય કહેલું છે કારણ કે વિવેક સંપૂર્ણ છે તેથી તત્ત્વદર્શન એકસરખું જ રહે છે. ભલે સમકિત ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક હોય. દરેકમાં એક સરખો જ વિવેક હોય છે. પણ ક્ષયોપશમ સમકિતમાં દર્શન મોહનીયની સમકિત મોહનીયના ઉદયથી અતિચાર લાગવાનો સંભવ છે. જ્યારે ક્ષાયિકમાં ગ્રંથિની સાતેય પ્રકૃતિઓનો ક્ષય થયેલો હોવાથી અને ઉપશમમાં દર્શન-સપ્તકની બધી જ પ્રકૃત્તિઓ ઉપશમમાં-સત્તામાં હોવાથી અતિચાર લાગવાનો સંભવ નથી. પણ ઉપશમ સમકિતનો કાળ અંતર્મુહૂર્તનો જ છે. ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વમાં તત્ત્વદર્શન નિત્ય હોય છે. જ્યારે ક્ષાયોપશમિક સાતિચાર બને છે ત્યારે તેમાં તત્ત્વદર્શન અનિત્ય વર્તે છે, બાકી નિત્ય હોય છે.

રત્ન ઉપર જો ધૂળ લાગી જાય તો તેની પ્રભા ઝાંખી પડી જાય છે, તેમ અહીં અતિચારરૂપી ધૂળ લાગતાં તત્ત્વદર્શન ઝાંખુ પડી જાય છે. સમકિતમાં અતિચાર પાંચ પ્રકારે છે. (૧) શંકા (૨) કાંક્ષા (૩) વિચિકિત્સા (૪) અન્યદૃષ્ટિ પ્રશંસા (૫) અન્ય દૃષ્ટિ સંસ્તવ (પરિચય)

**(૧) શંકા :-** સર્વજ્ઞપણામાં શંકા જાગવાથી ધર્મનો પાયો જ હચમચી જાય છે. આરાધનાનું બળ તુટી જાય છે અને સાધના માર્ગમાં પ્રબળ વિઘ્ન ઉભું થાય છે. તત્ત્વને સમજવા માટે આશંકા કરવાથી સમકિતમાં અતિચાર લાગતો નથી. આ શંકા નામના અતિચારથી બચવા માટે મનમાં એવો નિશ્ચય રાખવો કે જે

વીતરાગ ભગવંતોએ ઉપદેશ્યું છે તે સાચું જ છે, પરમાર્થ છે. છદ્મસ્થ અવસ્થાના કારણે હું સમજી શકતો નથી પણ સાચું તો તે જ છે. એમ દઢતાં રાખવાથી પ્રથમ અતિચારથી બચી જવાય છે.

**(૨) કાંક્ષા :-** ભૌતિક સિધ્ધિ કે ચમત્કારોથી ધર્મનું મૂલ્યાંકન કરવાથી કાંક્ષા અતિચાર લાગવાનો સહજ રીતે સંભવ છે. પરંતુ જે જીવો તત્ત્વદષ્ટિથી, ગુણની દષ્ટિથી ધર્મનું મૂલ્યાંકન કરે છે તેમને આ કાંક્ષા અતિચાર લાગતો નથી, કારણ કે તેઓ સિધ્ધિ કે ચમત્કારોને મહત્વ આપતા નથી.

**(૩) વિચિકિત્સા :-** ધર્મના ફળમાં સંદેહ કરવો અથવા ધર્મ અને ધર્મ કરનારની નિંદા કરવી તેનાથી વિચિકિત્સા અતિચાર લાગે છે. આ દોષ ન લાગે તે માટે પ્રણિધાનના લક્ષણમાં જે 'હીનગુણ અદ્વેષ' કહ્યો છે તેનું આ જ કારણ છે કે ગુણીનો દ્વેષ કરવાથી તેમાં રહેલા ગુણનો પણ દ્વેષ થાય છે. આ જ વિચિકિત્સા છે. માટે તેનાથી બચવા પ્રયત્નશીલ રહેવું.

**(૪) અન્યદષ્ટિ પ્રશંસા :-** એટલે કે મિથ્યાત્ત્વમાં રહેલા ઉન્માર્ગની પ્રશંસા ન કરવી. મિથ્યાદષ્ટિ જીવ કે ઉન્માર્ગે રહેલા જીવમાં જેટલો પણ સન્માર્ગને અનુસાર ગુણ હોય તેનું વિવેકપૂર્ણ સન્માર્ગનું પોષણ થાય એ રીતે અનુમોદના કરી શકાય. ઔચિત્યપૂર્વક અનુમોદના કરવાથી તે ગુણરૂપ બને છે, નહિતર તે દોષરૂપ બને છે.

**(૫) અન્યદષ્ટિ સંસ્ત્વ (પરિચય) :-** સુનિશ્ચિતપણે જેઓ મિથ્યાદષ્ટિ છે તેમનો પરિચય કરવાથી મિથ્યાત્ત્વના સંસ્કાર ગાઢ થવાની શકયતા છે માટે તેઓનો પરિચય ન કરવો.

આ પાંચ અતિચાર સમ્યક્ત્વરૂપી રત્નની પ્રભાને ઝાંખી પાડવામાં ધૂળ સમાન છે. ઝાંખુ પડતું હોવા છતાં તેમાં તત્વદર્શન મૂળથી નષ્ટ પામતું નથી માટે જ આ દષ્ટિમાં તત્ત્વદર્શન નિત્ય છે એમ કહ્યું છે.

**(૧) ભ્રાંતિ દોષનો નાશ :-** સ્થિરાદષ્ટિવાળા જીવને વિવેક ગુણ સંપૂર્ણપણે પ્રગટયો હોવાથી હેય-ઉપાદેયના વિષયમાં તેને કદી ભ્રાંતિ થતી નથી. કયારેય તે હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માનવાની ભૂલ કરતો નથી. તત્ત્વની બાબતમાં બોધ એટલો ચોક્કસ હોય છે કે કદી પણ તેમાં પોતે ભૂલ થાપ ખાતો નથી. ભ્રાંતિ દોષ ટળી ગયો હોવાથી સ્થિરાદષ્ટિવાળાનું કોઈપણ ધર્મકૃત્ય અભ્રાંત જ હોય છે એટલે કે અનુકંપાના પાત્રમાં ભકિત કરતો નથી કે

ભક્તિના પાત્રમાં અનુકંપા કરતો નથી. સુપાત્ર કે અપાત્રની વિચારણામાં તે ભૂલ કરતો નથી.

(૨) **સૂક્ષ્મબોધ** :- આ દૃષ્ટિમાં બોધ સૂક્ષ્મ, ઊંડો, મર્મગ્રાહી હોય છે. તેથી ભ્રાંતિ દોષ નાશ પામેલો હોય છે. દૃષ્ટિ સ્થૂલ હોતી નથી, પણ વસ્તુના ઉંડાણ સુધી પહોંચે તેવી સૂક્ષ્મ અને મર્મવેદી હોય છે. છેદ શુધ્ધિની પરીક્ષામાં ઉત્તીર્ણ ધર્મ જ તેને ફાવે છે. તાપશુધ્ધિની પરીક્ષા કરવાનું જ્ઞાન કદાચ ન હોય તો પણ તાપ શુધ્ધિનું ફળ તેનામાં હોય છે અર્થાત્ તેની અભિમુખતા અનેકાંતવાદ તરફ જ ઢળતી હોય છે. આ દૃષ્ટિવાળો જીવ ધર્મક્રિયાની સાચી પરખ કરી શકે છે.

આ દૃષ્ટિવાળાને સંક્ષેપથી નવતત્ત્વના જ્ઞાનપૂર્વકની રૂચિ અવશ્ય હોય છે અને વિવેકપૂર્વકની જ રૂચિ હોય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ શુધ્ધ આચાર માર્ગનું આચરણ કરે છે અને તે જ શુધ્ધ આચારમાર્ગને દેખાડી શકે છે. દર્શનાચારની ક્રિયાઓ અભ્રાંતપણે કરી શકે છે. તત્ત્વદર્શન પણ અભ્રાંતપણે કરતો હોય છે.

(૩) **પ્રત્યાહાર** :- **"સ્વવિષયાસંપ્રયોગે સ્વચિત્તસ્વરૂપાનુંકારી ચેન્દ્રિયાણં પ્રત્યાહાર"**-પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોનો નિરોધ, 'સ્વવિષય' એટલે ઈન્દ્રિયોના પોત-પોતાના વિષયો, શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શાદિ. આ પૌદ્ગલિક વિષયોમાં આ દૃષ્ટિવાળાને 'અસંપ્રયોગ' હોય છે એટલે કે તેમને વિષયોમાં રૂચિ હોતી નથી. તેને હેય જ માને છે. 'સ્વચિતસ્વરૂપ' એટલે આત્માના પરિણામ સ્વરૂપ આત્મસ્વભાવ, તેને અનુકૂળ પરિણામ અર્થાત્ આત્મસ્વભાવમાં રમણતા. આમ વિભાવમાં અનાસકત ભાવ અને સ્વભાવ-આત્મસ્વરૂપમાં રમણતા એ પ્રત્યાહારનું લક્ષણ છે. કર્મના ઉદયના કારણે લોભ, કામાદિને વશ થઈને તે પાપપ્રવૃત્તિ કરતા દેખાતા હોય છે; પણ એટલું ચોક્કસ કે તેમાં તેમની અંશમાત્ર પણ રૂચિ હોતી નથી. તેમને સખેદ પાપપ્રવૃત્તિ હોય છે. તેથી જ તેમની પાપપ્રવૃત્તિને સંવેગસાર કહી છે. તે કર્મજન્ય (એટલે પૂર્વના કરેલા કર્મના ઉદયના કારણે થતી ક્રિયા છતાં તે ખેદ સાથેની હોય છે. પણ તેમાં અભિલાષા કે રુચિ હોતી નથી) જ હોય છે. પાંચમી સ્થિરાદૃષ્ટિમાં વિવેકયુકત રૂચિથી ખેદપૂર્વકની અને કર્મના વિશિષ્ટ ઉદયથી તે થાય છે. છટ્ઠી કાંતાદૃષ્ટિમાં કર્મજન્ય પાપપ્રવૃત્તિમાં અભિલાષા કે રૂચિ હોતી નથી.

સ્થિરાદૃષ્ટિવાળા જીવો સતત મોહનીયકર્મની સામે લડતા જ રહે છે.

તેની સાથે તેમને સતત સંઘર્ષ ચાલુ જ હોય છે. છતાં કર્મ પ્રબળ હોય તો મોહનો ઉદય તેમને પરવશ બનાવે છ અને પાપપ્રવૃત્તિ થઈ જાય છે છતાં આ જીવોને આ બધી પાપપ્રવૃત્તિમાં રૂચિ નથી, ખેદ જ હોય છે. 'તપ્તલોહગોલક પદન્યાસ તુલ્ય' અર્થાત્ તપાવેલા લોઢાના ગોળા ઉપર પગ મૂકવો પડે તે માણસ જે રીતે પગ મૂકીને તરતજ ઉપાડી લે એ રીતે આ જીવો પાપની પ્રવૃત્તિ અરૂચિથી જ કરતાં હોય છે. સમકિતી જીવોને કર્મના ઉદયને કારણે પાપપ્રવૃત્તિનો અભિલાષ થાય. દા.ત. પૈસા કમાવાનું મન થાય પણ તેને કદી તે સારૂં-કરવાં જેવું માનતા નથી. તેમાં રૂચિ હોતી નથી.

સૂક્ષ્મબોધ, ભ્રાંતિદોષનું વર્જન અને પ્રત્યાહાર એ ત્રણેય અંગો એકબીજાનાં કારણ અને પૂરક છે. જેમકે સૂક્ષ્મબોધ એટલે ભ્રાંતિ ન હોય અને પ્રત્યાહાર હોય.

**સ્થિરાયાં દર્શનં નિત્યં પ્રત્યાહારવદેવ ચ ।**
**કૃત્યમભ્રાન્તમનઘં સૂક્ષ્મબોધ સમન્વિતમ્ ॥૧૫૪॥**

આ દષ્ટિવાળા જીવોનો વૈરાગ્ય જવલંત હોય છે. સંસારની બધી જ ચેષ્ટા તેમને અસુંદર લાગે છે. ચક્રવર્તીની સંસારની ચેષ્ટા પણ તેમને નાના બાળકના રેતીના ઘર બનાવવા જેવી જ લાગે છે. સંસારની ચેષ્ટાથી આત્મા કર્મરજથી મલિન થાય છે. સંસારની ચેષ્ટામાં જગતના લોકોને જે આનંદ આવે છે તેમાં તેમની અજ્ઞાનતા અને મૂર્ખાઈ જ કારણ છે. સ્થિરાદષ્ટિવાળા જીવોને ગ્રંથિભેદથી થયેલ સૂક્ષ્મબોધના કારણે તેમાં લેશ પણ આનંદ આવતો નથી.

**માયામરીચિગન્ધર્વનગર સ્વપ્રસંનિભાન્ ।**
**બાહ્યાન્ પશ્યતિ તત્ત્વેન ભાવાન્ શ્રુત વિવેકતઃ ॥૧૫૬॥**

તેમને શ્રુતજ્ઞાન સમ્યગ્ પરિણત થયું હોવાથી વૈરાગ્યની સાથે તેમનો વિવેક પણ જવલંત હોય છે. તે અતર્મુખી બન્યા હોવાથી પૌદ્ગલિક પદાર્થોને તે તત્ત્વદષ્ટિથી જ મુલવે છે. પૌદગલિક પદાર્થો ઝાંઝવાના જળ જેવા આકાશના ગંધર્વનગર જેવા અથવા સ્વપ્ન સદશ અસાર લાગે છે. જગતમાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ હોય તો તે એક આત્મતત્ત્વ છે.

**અબાહ્યં કેવલં જ્યોતિર્નિરાબાધનામયમ્ ।**
**યદત્ર તત્પરં તત્ત્વં શેષઃ પુનરુપપ્લવઃ ॥૧૫૭॥**

જ્ઞાનમય (જ્યોર્તિમય) અમૂર્ત હોવાથી એક માત્ર આત્મતત્ત્વ જ રોગ

અને પીડારહિત છે. તે સિવાયનું બધું જ ઉપાધિમય અને નકામું છે. પુદ્ગલમાં પ્રવૃત્તિ એ પરભાવ છે. પરભાવ એ આત્માની વીતરાગતા અને ઉપશમ સુખને રોકનાર છે, એમ તે જાણે છે. મારા આત્માને અહિતકર છે. તેને આત્મા અને કર્મનું ભેદજ્ઞાન હોય છે. એટલે નિશ્ચયથી તે આત્માને શુધ્ધ, બુધ્ધ અને મુક્ત જ માને છે.

**એવં વિવેકિનો ધીરાઃ પ્રત્યાહાર પરાયણાઃ ।**
**ધર્મબાધા પરિત્યાગયત્નવન્તશ્ચ તત્ત્વતઃ ॥૧૫૮॥**

સ્થિરાદષ્ટિમાં નિશ્ચયથી આવી સમજણ છે. તેનું આલંબન અસંગ અનુષ્ઠાનમાં છે. સમજણ હોવાના કારણે તેમની પ્રવૃત્તિ પ્રત્યાહાર પ્રધાન હોય છે. આથી જ ધર્મમાં બાધા કરે, મોક્ષમાર્ગમાં વિઘ્ન ઉભા કરે એવા કર્મ તેઓ બાંધતા નથી.

**ન હ્યલક્ષ્મીસખી લક્ષ્મીર્યથાનન્દાય ધીમતામ્ ।**
**તથા પાપસખા લોક દેહિનાં ભોગવિસ્તરઃ ॥૧૫૯॥**
**ધર્માદપિ ભવન્ ભોગઃ પ્રાયોઽનર્થાય દેહિનામ્ ।**
**ચન્દનાદપિ સંભૂતો દહત્યેવ હુતાશનઃ ॥૧૬૦॥**

સ્થિરાદષ્ટિવાળા જીવોને સંસારના ભોગસુખો એ 'પાપસખા' લાગે છે. જે ભોગસુખો પાપની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં છે તે ઉપાદેય ન હોય, હેય જ લાગે છે. 'પાપસખા' ભોગો ભોગવા પડે તો પણ અંતરથી તેઓ વિમુખા જ હોય છે.

સંસારના ભોગો પુણ્યથી જ મળે છે અને પુણ્ય ધર્મ કરવાથી જ બંધાય છે તો પછી ધર્મથી મળતા ભોગોને ખરાબ કેમ કહેવાય ? તેનું સંમાધાન આ પ્રમાણે છે.

ધર્મ બે પ્રકારનો છે. (૧) અતાત્ત્વિક અને (૨) તાત્ત્વિક

૧. પ્રણિધાનાદિ ભાવધર્મથી શૂન્ય એ અતાત્ત્વિક ધર્મ છે. તેનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે. એનાથી મળતા ભોગો, પાપનો બંધ કરાવીને સંસારમાં રખડાવે છે. આ તો સર્વથા હેય જ છે.

૨. પ્રણિધાનાદિ ભાવધર્મથી યુક્ત ધર્મ તાત્ત્વિક છે. તેવા તાત્ત્વિક ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. તે પુણ્ય બે પ્રકારનું હોય છે. (અ) નિરવદ્ય પુણ્ય. (બ) સાવદ્ય પુણ્ય.

(અ) નિરવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય :- પોતે ધર્મ પરિણમાવવો હોય કે બીજાને ધર્મ પમાડવો હોય તેના માટે નિરવદ્ય પુણ્યાનુબંધી પુણ્યનો તીવ્ર ઉદય હોવો જરૂરી છે. ધર્મના મર્મને સમજી શકાય એવી બુધ્ધિની પટુતા, માર્ગાનુસારીપણું ક્ષયોપશમ, શ્રુત પ્રત્યે બહુમાનભાવ, ધર્મને અનુકુળ ચિત્ત વગેરેની અનુકુળતા આ પુણ્યથી પ્રાપ્ત થાય છે. આ પુણ્યની પ્રાપ્તિ નિરવદ્ય શુધ્ધ ધર્મ કરવાથી થાય છે. વિવેક અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વડે કરવામાં આવેલો ધર્મ એ શુધ્ધ ધર્મ છે.

(બ) સાવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય :- આ પણ તાત્ત્વિક ધર્મથી જ બંધાય છે. તે દેવલોકનાં અને મનુષ્યના ઊંચા પ્રકારનાં ભોગસુખો પ્રાપ્ત કરાવે છે. તેથી તેટલો કાળ તેને અવિરતિ જન્ય પ્રમાદનું સેવન કરવું પડે છે. તીર્થંકરના જીવોને છેલ્લા ભવમાં વર્ષો સુધી ગૃહસ્થપણામાં રાખનાર આ સાવદ્ય પુણ્ય જ છે. આ પુણ્ય પણ પુણ્યાનુબંધી પુણ્ય છે. એટલે સમકિતને બાધ નથી કરતું. તેમજ તેની હાજરીમાં સમકિત પ્રાપ્ત કરી શકાય છે. ટકાવી શકાય છે; પણ તે ચારિત્રને બાધ કરે છે. માટે નિશ્ચયનય તેને હેય ગણે છે જ્યારે વ્યવહારનય અમુક કક્ષા સુધી તેને ઉપાદેય ગણે છે.

તીર્થંકરના જીવોને સાવદ્ય પુણ્યના ઉદયમાં સ્વરૂપ હિંસા હોય છે. ગૃહસ્થાપણામાં તેમને અવિરતિના કારણે હેતુ હિંસા હોય છે. સાવદ્ય પુણ્યથી મળતાં ભોગસુખોને જોઈને સમ્યગ્દષ્ટિ જીવોને આનંદ નથી થતો, પણ અપૂર્વ કોટિની સાધના, ધર્મપ્રભાવકતા તરફ જ રૂચિ રહે છે.

તીર્થંકર આદિના ગૃહસ્થવાસનાં ભોગસુખોને અનર્થદાયક કહ્યાં છે, તે માત્ર તેમને એટલો સમય અવિરતિજન્ય પ્રમાદમાં રોકી રાખે છે એ અપેક્ષાએ કહ્યું છે. બાકી એ ભોગસુખોથી તેમને આત્મસાધનામાં બીજો કોઈ અનર્થ થતો નથી; કારણ કે તે તેમણે પુણ્યનો અનુબંધ પાડનાર તાત્ત્વિક ધર્મથી મેળવ્યાં છે. અને તાત્ત્વિક ધર્મ તે શુધ્ધ ધર્મને ખેંચી લાવનારો છે. એટલે તેનાથી મોક્ષમાર્ગમાં વિઘ્ન આવતું નથી; માત્ર વિલંબ થાય છે.

પાપાનુબંધી પુણ્યથી મળતા ભોગો સર્વથા હેય જ છે કારણ કે તે સંસારમાં રખડાવનાર છે, કારણ કે આ પ્રકારના પુણ્યવાળા પાસે તાત્ત્વિક વૈરાગ્ય હોતો નથી, તેથી તેને ભોગસુખો સંસારમાં રખડાવે છે. ગુણસ્થાનકની બહારના જીવો પુણ્ય બાંધે તો તે પાપાનુબંધી પુણ્ય જ બંધાય છે. તેમાં પ્રાયઃ

નિરવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. છતાં પૂર્વના નિકાચિત કર્મના ઉદયના કારણે તે સાવદ્યપુણ્યનો અલ્પમાત્રામાં બંધ કરે છે. સમકિતી જીવ ભોગો ભોગવતી વખતે અવિરતિને કારણે પાપ બાંધતો હોય છતાં તેનો રૂચિરૂપ પરિણામ ત્યાગનો હોવાથી તેને અનુબંધ વિરતિનો પડે છે. તે કદી નિકાચિત પાપ કે નિકાચિત સાવદ્ય પુણ્ય બાંધતો નથી. દા.ત. ઘણા તીર્થંકરોને અવિરતિપણામાં ઘણા લાંબા સમય સુધી રહેવું પડયું હતું, એ ચારિત્ર મોહનીય કર્મ નિકાચનાના કારણે, જે એમણે સમકિત પામ્યા પહેલાંની અવસ્થામાં કરેલી હોય છે. જો નિકાચના ન થઈ હોય તો સાવદ્ય પુણ્યને નિરવદ્ય પુણ્યમાં પલટાવી શકાય છે. ચારિત્ર મોહનીય નિકાચિત થયું હોય તો અવિરતિનો ઉદય થવાને કારણે મોક્ષમાર્ગમાં વિલંબ થાય છે. પણ જો મિથ્યાત્વમોહનીય નિકાચિત કર્યું હોય તો તે જીવનું અવશ્ય પતન જ થાય છે.

સ્થિરાદષ્ટિવાળા જીવોને નિરવદ્ય પુણ્યનો ઉદય એ સાજા (પૂર્ણ) સોનાના ઘડા જેવો છે, કારણ કે તેનાથી વૈરાગ્ય અને વિવેક આદિ શુધ્ધ સ્વભાવ યુક્ત તાત્ત્વિક ધર્મ જ કરાવે છે. આત્માના વિકાસને તે બાધક બનતું નથી, તેમ વિકાસની ગતિને પણ રોકતું નથી.

આ જીવોને સાવદ્ય પુણ્યનો ઉદય એ ફૂટેલા સોનાના ઘડા જેવો છે. તેમાંથી નવો સાજો ઘડો બનાવી શકાય છે. તેમ આ પુણ્યના ઉદયવાળો જીવ દેવલોકનાં કે મનુષ્યનાં ઉચ્ચ સુખો ભોગવતી વખતે પણ સોનાના જેવા યથાર્થ વૈરાગ્ય અને વિવેક જાગ્રત રાખી શકે છે. જેથી ભોગમાં તીવ્ર આસકિત થવા દેતા નથી એટલે કે પાપનો અનુબંધ થવા દેતા નથી. અને એ પુણ્ય પૂરૂ થતાં તેઓ પાછા મોક્ષમાર્ગમાં તીવ્ર ગતિએ આગળ વધવા ભાગ્યશાળી બને છે.

પાપાનુબંધી પુણ્યને માટીના ઘડાની ઉપમા આપવામાં આવી છે. તે સાજો હોય ત્યારે પણ તેની મામુલી કિંમત ઉપજે છે અને ફૂટી જાય તો તે તદ્દન નકામો બની જાય છે. એમ ઔદયિક ભાવના શુભ પરિણામથી બંધાયેલ પાપાનુબંધી પુણ્યથી મામુલી તુચ્છ શારીરિક સુખો થોડા સમય માટે મળે છે. એ ભોગો ભોગવાઈ જાય, પુણ્યનો માટીનો ઘડો ફૂટી જાય પછી તેની કશી જ કિંમત હોતી નથી. પછી તો દુઃખની પરંપરા જ ચાલુ થઈ જાય છે.

ઘણા લોકોનું એવું માનવું છે કે ઈન્દ્રિયોની વાસના ભોગથી જ તૃપ્ત થાય છે. તે વાસનાને જો ભોગથી શાંત કરવામાં ન આવે તો તે વધારે અતૃપ્તિને

જન્માવે છે, અનર્થને પેદા કરે છે. તો પછી પુણ્યથી મળેલા ભોગોને ભોગવવામાં શું વાંધો છે ? તેનું સમાધાન ૧૬૧માં શ્લોકમાં આપે છે.

**ભોગાત્તદિચ્છા વિરતિઃ સ્કંધભારાપનુત્તયે ।**
**સ્કંધાન્તર સમારોપસ્તત્સંસ્કાર વિધાનતઃ ॥૧૬૧॥**

સંસારના ભોગ સુખો દુઃખમૂલક, દુઃખરૂપ અને દુઃખફલક છે. એ ભોગને ભોગવતાં પહેલાં અતૃપ્તિનું દુઃખ વેઠવું પડે છે. ત્યારબાદ ભોગ સામગ્રી મળતાં એ અતૃપ્તિ દૂર થવાનો ભ્રમ થાય છે અને ક્ષણવાર સુખનો આભાસ થાય છે. તે સુખ વાસ્તવિક નથી, માત્ર આભાસરૂપ જ છે; કારણ કે તેનાથી અતૃપ્તિ મૂળમાંથી નાશ પામતી નથી. જે તૃષ્ણા થઈ હતી તે શાંત થઈ છે, પણ તેનાથી બળવાન બીજી તૃષ્ણાને મૂકતી ગઈ હોય છે. ભોગ ભોગવવાથી એક ઈચ્છાની શાંતિ થતી દેખાતી હોવા છતાં બીજી ઈચ્છા એનાથી પ્રબળ ઉભી થતી હોવાથી જીવનું અતૃપ્તિનું દુઃખ મૂળમાંથી દૂર થતું નથી; માત્ર ફેરબદલો જ થાય છે.

ભોગના સંસ્કાર દઢ થતાં થતાં તે વાસના અને સંજ્ઞારૂપ બને છે. જે ખાવાના સંસ્કાર દઢ થાય છે તે આહારસંજ્ઞા બને છે. રૂપાદિ જોવાના કે સ્પર્શ આદિના સંસ્કાર રૂઢ થાય તો તે મૈથુનસંજ્ઞારૂપ બની જાય છે. જીવના સર્વ દુઃખોનું મૂળ આ સંજ્ઞાઓ જ છે. આથી ભોગને સ્વરૂપથી દુઃખરૂપ જ ગણવામાં આવે છે.

સંસારમાં અમુક અમુક પુણ્ય-પાપ પ્રકૃત્તિઓ સાથે બંધાતી હોય છે. દશમા ગુણસ્થાનક સુધી ધ્રુવબંધીની પાપ પ્રકૃત્તિઓનો બંધ ચાલુ જ છે. એટલે ત્યાં પણ પુણ્યબંધની સાથે પાપબંધ ચાલુ જ છે. પણ ઉપરના ગુણસ્થાનોમાં પુણ્ય પ્રકૃત્તિઓનું બંધન તીવ્ર હોય છે અને પાપ પ્રકૃત્તિઓ તદ્દન નબળી અને અલ્પ પ્રમાણમાં બંધાય છે. નરકગતિરૂપ પાપબંધની સાથે પંચિન્દ્રિય જાતિ, વૈક્રિય શરીર નામ કર્મ વગેરે પુણ્યબંધ થતો હોય છે. એ બતાવે છે કે એકલી પાપપ્રકૃત્તિઓ કદાપિ બંધાતી નથી. વળી ખાસ અગત્યની વાત એ છે કે તીવ્ર પ્રકારનું પાપ બાંધવામાં કે ભોગવવા માટે ઉદયમાં તીવ્ર પ્રકારની પુણ્ય પ્રકૃત્તિઓની જરૂર પડે છે. દા.ત. બુધ્ધિશાળી સત્તાધીશ સમર્થ માણસ જેવું ભયંકર પાપ બાંધી શકે છે એવું મૂર્ખ કે નિર્બળ માણસ બાંધી શકતો નથી. નરકગતિમાં જવા યોગ્ય પાપ એકેન્દ્રિય જીવો બાંધી શકતા નથી, પંચેન્દ્રિય

જીવો જ બાંધી શક છે.

એ જ રીતે પાપના ઉદયરૂપ ઉત્કટ દુઃખને વેદવા માટે સાથે પુણ્ય પ્રકૃત્તિઓના ઉદયની જરૂર પડે છે. પાપના ઉદયનું કાર્ય જીવને દુઃખ આપવાનું છે. તે દુઃખોને વેદવા માટે બુધ્ધિ, લાગણી, સંવેદનશકિત તીવ્ર જોઈએ છે. એ બધું પુણ્યના યોગે મળે છે.

સંસારનું સુખ કર્મના ઉદય જન્ય છે. કર્મનો ઉદય પાપ-પુણ્યરૂપે હંમેશા મિશ્રિત હોય છે, એટલે સંસારનું સુખ હંમેશા મિશ્રિત હોય છે. જ્યારે પુણ્યનો ઉદય તીવ્ર હોય ત્યારે સુખનો અનુભવ તીવ્ર હોય છે તે વખતે અલ્પ દુઃખ નજરમાં આવતું નથી. અને જ્યારે અશુભકર્મનો ઉદય તીવ્ર હોય ત્યારે દુઃખ તીવ્રપણે વેદાતું હોવાથી અલ્પપુણ્યનું સુખ નજરમાં આવતું નથી.

હવે પાંચમી દૃષ્ટિનાં વર્ણનની અંતે ત્રણ શ્લોક આપ્યા છે. તે શ્રી પાતંજલીૠષિના અષ્ટાંગ યોગમાંથી છે. તેમાં ત્રણ કક્ષાના યોગીઓનાં ગુણોનું વર્ણન કરવા દ્વારા યોગની ત્રણ ભૂમિકાનાં ચિન્હોનું વર્ણન કર્યું છે. તેમાં પહેલો શ્લોક યોગી એવા પાંચમી સ્થિરાદૃષ્ટિવાળાને લગતો છે. બીજો શ્લોક એ છઠ્ઠી કાંતાદૃષ્ટિવાળાને લગતો છે. અને ત્રીજો શ્લોક સાતમી પ્રભા અને આઠમી પરાદૃષ્ટિવાળા યોગીને લગતો છે.

**અલોલ્યમારોગ્યમનિષ્ઠુરત્વં ગંધ શુભોમૂત્ર પુરીષમલ્યમ્ ।**
**કાંતિઃ પ્રસાદઃ સ્વર સોમ્યતા ચ, યોગો પ્રવૃત્તેઃ પ્રથમ હિ ચિહ્નમ્ ॥૧॥**

પ્રથમ શ્લોકમાં શ્રી પાતંજલૠષિ કહે છે કે :- અલોલતા, આરોગ્ય, અનિષ્ઠુરતા, શુભગંધ, મૂત્ર અને વિષ્ટાનું અલ્પત્વ, કાન્તિ, પ્રસાદ અને સ્વરની સોમ્યતા આ યોગની પ્રથમ ભૂમિકાનું ચિહ્ન છે.

**૧. અલોલતા :-** સંસારના વિષયોને વિષે અનાસકતપણું, ઈન્દ્રિયોનો સહજ નિરોધ તેને અલોલતા કહેવામાં આવે છે. સમકિતી જીવો બધા જ અનાસકત ભોગી હોય છે. તેને પાપની પાપ તરીકે ઓળખ થયેલી હોવાથી ધર્મની બુધ્ધિથી કે તેમાં રાચીને પાપ કરતાં નથી, પણ ઉદયને અનુસરી થઈ જાય છે. આથી જ તે વિષયોનો ભોગવટો કરતો હોય છતાં તેનામાં તાત્ત્વિક અલોલતા ગુણ રહેલો છે.

**૨. આરોગ્ય :-** અલોલતાએ આંતરિક ગુણ છે, જ્યારે આરોગ્ય એ બાહ્યગુણ છે. યોગના પ્રભાવથી મળેલા આરોગ્યની આ વાત છે. સમકિતી જીવને

યોગના પ્રભાવથી આરોગ્ય સુલભ હોય છે. વિષયોમાં અનાસકિત હોવાને કારણે તેમનું મન સ્વસ્થ હોય છે. મન સ્વસ્થ રહેવાથી શરીર પણ સ્વસ્થ રહે છે. બાકી પૂર્વના નિકાચિત અશાતાના ઉદયથી શરીર સ્વાસ્થ્ય બરાબર ન હોય તો પણ તેમનું મન સ્વસ્થ હોવાથી તે આરોગ્યવાન કહેવાય છે.

૩. **અનિષ્ઠુરતા :-** સાધક-યોગીઓ સહજ રીતે જ કોમળ હૃદયવાળા હોય છે. સમકિતીના પાંચ લક્ષણોમાંનું એક લક્ષણ, આસ્તિક્ય (અનુકંપા) રહેલું છે. આથી આ જીવો જ સાચી દ્રવ્યદયા અને ભાવદયા કરી શકે છે.

**(૪) અને (૫) : શુભગંધ, મૂત્ર-વિષ્ટાની અલ્પતા :-** યોગીઓના આહાર-વિહાર એવા હોય છે કે તેમણે લીધેલા ખોરાકનું તત્ત્વ જ બને છે, કચરો બહુ ઓછો બને છે. વળી તેમાં દુર્ગંધ નથી હોતી. આ જીવોનું જે શુધ્ધ માનસ છે તેની અસર શરીર પર પડવાથી આમ બને છે.

**(૬) કાન્તિ :-** યોગીઓના શરીરની ધાતુઓ નિર્મળ હોવાથી બીજા જીવો કરતાં તેમની ઓજસ્વિતા, તેજસ્વિતા, કાન્તિ, લાવણ્ય વગેરે વિશેષ પ્રમાણમાં હોય છે. આ કાન્તિ ભાલપ્રદેશ (લલાટ)માં વિશેષ જણાતી હોય છે.

**(૭) પ્રસાદ :-** મનની પ્રસન્નતા એ પ્રસાદ છે. સમકિતી જીવમાં આ હોય છે. આ પ્રસાદ આધ્યાત્મિક સુખનો છે. આ સુખ ક્ષણે ક્ષણે કર્મ નિર્જરા કરાવનાર છે.

**(૮) સ્વરની સોમ્યતા :-** સમકિતી જીવોનો સ્વર સૌમ્ય હોય છે. અર્થાત્ તેઓની ભાષામાં અકળામણ હોતી નથી.

આવા બીજા અનેક બાહ્ય-આભ્યંતર યોગનાં ચિન્હો સ્થિરાદષ્ટિવાળા જીવોમાં જોવા મળે છે. અહીંયાથી જીવનો યોગિક વિકાસ હવે ઝડપથી થવા માંડે છે. આ દષ્ટિવાળાનો ધર્મરાગ ઉત્કૃષ્ટ પ્રકારનો હોય છે. રાગ બે પ્રકારનો છે.-(૧) કામરાગ-સ્નેહરાગ-સાપેક્ષ અને (૨) નિરપેક્ષ રાગ-ધર્મરાગ.

કામરાગ તો સાપેક્ષ છે માટે જ તે કૃત્રિમ છે, અલ્પકાલીન છે. તે ગમે તેટલો ઉત્કૃષ્ટ માત્રાનો હોય તો પણ અવિશ્વસનીય છે. સ્નેહ-રાગ નિરપેક્ષ રાગ છે. જેમકે માતા-પિતા, ભાઈ-બેન, પ્રિયા, પુત્ર સ્વજનાદિ પ્રેમપાત્ર વ્યકિત ઉપર સહજ રીતે જે રાગ હોય ત્યારે તે સ્નેહરાગ કહેવાય છે. ગમે તે થાય છતાં આ રાગ જરાપણ ઓછો થતો નથી; એટલો ને એટલો જ રહે છે કારણ કે તે સહજ અને નિરપેક્ષ છે. સ્નેહરાગ ચિરકાલીન છે. ભવાંતરમાં

પણ સાથે જાય છે, આ બન્ને પ્રકારના સંસારી રાગ જીવને સંસારમાં રખડાવનાર છે. એક માત્ર ધર્મરાગ જ જીવને સંસારમાંથી છોડાવી મોક્ષમાં લઈ જનાર છે.

જીવને જ્યારે ધર્મ ઉપર સહજ રાગ હોય છે, ધર્મના કોઈ ચમત્કાર કે મહિમા જોઈને અંજાતો નથી, પણ ધર્મની ખાતર તેને ધર્મ ગમે છે, ત્યારે તેનો ધર્મરાગ નિરપેક્ષ કહેવાય છે. આ રાગ ચિરકાલ ટકી શકે છે.

જીવ જ્યારે ૪થા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે તેનામાં આવો નિરપેક્ષ ધર્મરાગ આવે છે. આ જીવોને ધર્મ અને પરમાત્મસ્વરૂપ પર નિરૂપાધિક રાગ હોય છે. નિરપેક્ષ ધર્મરાગની પરાકાષ્ઠા સમકિતી જીવમાં પ્રાપ્ત થાય છે કારણ કે તેનામાં સંપૂર્ણ વિવેક અને સૂક્ષ્મબોધ છે. હેયોપાદેયનું તેનું જ્ઞાન સંપૂર્ણ રૂચિવાળું છે.

ચિત્તની વિશુધ્ધિ એ જ ધર્મ છે. તેની શરૂઆત આ સ્થિરાદષ્ટિથી જ થાય છે. કારણ કે ક્ષયોપશમભાવની શરૂઆત અહીંથી જ થાય છે. જેમ જેમ ચિત્તની વિશુધ્ધિ વધતી જાય છે તેમ તેમ જીવ ઉપર-ઉપરની યોગ ભૂમિકામાં ચડતો જાય છે.

જૈનશાસનરૂપી મહેલમાં પ્રવેશ કરાવનાર પ્રવેશદ્વારના બે દ્વારપાળ છે. તેમનો પહેલો દ્વારપાળ તે 'નદી ઘોલ પાસાણ ન્યાયે' થયેલ કર્મલઘુતા છે. તે જીવને મહેલમાં પ્રવેશ કરવા દેતો નથી, પણ આજુબાજુ આંટા મરાવે છે તે વખતે બીજો દ્વારપાળ **કર્મવિવર એટલે ક્ષયોપશમથી થયેલ કર્મની લઘુતાની** હાજરી હોય તો જૈનશાસનરૂપી મહેલમાં પ્રવેશ થઈ જાય છે, પરમાત્માનું દર્શન થાય છે અને ઠેઠ મોક્ષ સુધી લઈ જાય છે.

નિશ્ચયનયનું તાત્ત્વિક પ્રણિધાન અહીં સ્થિરાદષ્ટિમાં હોય છે. સ્થિરાદષ્ટિવાળામાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન અને ભ્રાંતિ દોષ હોતા નથી. પરંતુ તેનામાં હજી અન્યમુદ્ નામનો દોષ રહેલો છે. એ અન્યુમદ્ નામનો દોષ નષ્ટ થાય ત્યારે જીવ કાંતા નામની દષ્ટિને પ્રાપ્ત કરે છે.

## ૬. કાંતાદષ્ટિ

પાંચમી તથા છઠ્ઠી દષ્ટિમાં ૪થાથી છઠ્ઠા ગુણસ્થાનકવર્તી જીવો હોય છે. ગુણસ્થાનકના ભેદ અનુક્રમે વૈરાગ્ય, વિવેક, વિરતિ વગેરે ગુણોની અપેક્ષાએ પાડવામાં આવ્યા છે. જ્યારે દષ્ટિના ભેદ બીજા ગુણોની અપેક્ષાએ

પાડવામાં આવ્યા છે. આથી એવું પણ બને કે છઠ્ઠા ગુણસ્થાનકવાળા ભાવવિરતિધર સાધુમાં જો અન્યુમદ્ દોષ હોય તો પાંચમી દૃષ્ટિમાં હોય, જ્યારે ચોથા ગુણસ્થાનકવાળો અવિરતિ સમ્યક્દૃષ્ટિ જીવ જો તેનામાં અન્યુમદ્ દોષ ન હોય તો છઠ્ઠી દૃષ્ટિમાં હોય. ગૃહસ્થાવસ્થામાં રહેલા તીર્થંકરનું ગુણસ્થાનક ચોથું છે, પણ તેમને દૃષ્ટિ છઠ્ઠી છે. જ્યારે બકુશ-કુશીલ ચારિત્રવાળા ભાવવિરતિધર સાધુનું ગુણસ્થાનક છઠ્ઠું પણ દૃષ્ટિ પાંચમી છે.

આ દૃષ્ટિમાં રહેલા જીવોના પરિણામ અતિશય કાંત-મનોહર હોય છે. તેમનો સ્વભાવ ઉપશાંત હોય છે. તેઓ સૌને પ્રિય હોય છે. તેથી આ દૃષ્ટિનું નામ 'કાંતા' રાખવામાં આવેલ છે.

કાંતા એટલે પત્ની. જીવનો અનાદિકાલીન અવિનાભાવી સ્વભાવ, તેની મૂળ પ્રકૃતિ સમતા છે. એ 'સમતા'નો અહીં સંયોગ થાય છે.

**બોધ :-** આ દૃષ્ટિમાં બોધ તારાના પ્રકાશ જેવો સ્થિર નિરતિચાર અનુષ્ઠાન કરાવનારો, શુધ્ધ ઉપયોગને અનુસરનારો, અપ્રમત્તભાવથી યુકત અને વિનિયોગ પ્રધાન ગંભીર ઉદાર આશયવાળો હોય છે. આ દૃષ્ટિમાં ઝગારા મારતાં તારા જેવો બોધ હોય છે. આમ તો તેનાં કરતાં પણ અનેકગણો વિશુધ્ધ હોય છે.

પ્રથમની ચારદૃષ્ટિમાં જીવની વિકાસની ગતિ ધીમી હતી. એ ચારેયમાં એકમાત્ર પ્રથમ ગુણસ્થાનકનો જ પંથ જ કપાય છે. જ્યારે પાંચથી આઠ સુધીની છેલ્લી ચાર દૃષ્ટિમાં ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધીના ૧૧ ગુણસ્થાનકનો પંથ કાપવાની ગતિ વધી જાય છે. અધ્યવસાયોની વિશુધ્ધિ વધવાથી મોક્ષમાર્ગનું અંતર કાપવામાં જીવ કુદકે ને ભૂસકે અંતર કાપતો લાંબુ અંતર કાપી શકે છે. અને શીઘ્રતાથી પોતાનું મૂળ શુધ્ધ સ્વરૂપ અંતે પ્રાપ્ત કરી લે છે.

**૧. સ્થિર બોધ :-** આ દૃષ્ટિમા બોધ સ્થિર છે. તારાની જેમ પ્રાયઃ સ્થિર જેવો હોય છે. આ દૃષ્ટિવાળા જીવો પ્રકૃતિ વડે સ્થિતપ્રજ્ઞ હોય છે. ગમે તેવા ઈષ્ટ કે અનિષ્ટ પ્રસંગોની કોઈ જ અસર તેમના મન ઉપર થતી નથી. કાચબાની જેમ આ દૃષ્ટિવાળો જીવ પોતાની ઈન્દ્રિયો અને મન એવા બનાવી દે છે કે કોઈપણ પ્રકારના સારા-માઠા પ્રસંગોની-નિમિત્તોની તેમને અસર થતી નથી. તત્ત્વમાં જ બુધ્ધિ સ્થિર હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્મા જન્મથી જ આ કાંતાદષ્ટિમાં હોય છે. બાળપણથી જ તેમને ભોગોમાં રસ હોતો નથી. તેઓ બાળક હોવા છતાં ગંભીર, ધીર, ઉદાર, શાંત, મનથી વિરકત, વિવેક અને ઔચિત્યવાળા હોય છે. શ્રી નેમિનાથ ભગવાન કૃષ્ણ મહારાજાને સહાય કરવા ઔચિત્યને ખાતર યુધ્ધમાં ગયા અને ત્યાં એવા વિવેકપૂર્ણ લડયા કે કોઈપણ જીવની હિંસા તેમનાથી ન થઈ. ભગવત્ગીતામાં જે સ્થિતપ્રજ્ઞનું વર્ણન છે તે આને મળતું છે.

**૨. નિરતિચાર અનુષ્ઠાન :-** સમકિતી, દેશવિરતિધર કે સર્વવિરતિધર આ બધા જ પોતાના આચારોનું નિરતિચાર પાલન કરે છે. દા.ત. સમકિતી જીવ આ દષ્ટિમાં હોય તો તે પોતાના દર્શનાચારની પ્રવૃત્તિમાં એક પણ અતિચાર ન લાગે તે રીતે જ પાલન કરે છે. વિવેક અને ઔચિત્ય બરાબર જાળવે. આ દષ્ટિમાં રહેલા પાંચમા છઠ્ઠા ગુણસ્થાનકવાળા પોતાના આચારોને નિરતિચાર પાળે છે. દા.ત. પુણિયા શ્રાવકનું સામાયિક નિરતિચાર હતું.

**૩. શુધ્ધ ઉપયોગને અનુસરનારા :-** આ દષ્ટિવાળા જીવો હંમેશા શુધ્ધ ઉપયોગમાં જ રમતા હોય છે. તેમને અપ્રશસ્ત કષાયના અંશમાત્રનો પણ અભાવ હોય છે. સંપૂર્ણ પ્રશસ્ત કષાયમય જ તેમનું જીવન હોય છે. ગમે તેવા વિકટ પ્રસંગોમાં તેઓ શુભ પરિણામની ધારા પેદા કરી શકે છે. અશુભ નિમિત્તને તેઓ શુભમાં પલટાવી શકે છે. દા.ત. ક્રોધના નિમિત્તને ક્ષમામાં પલટાવી દે છે. કોઈપણ પ્રવૃત્તિમાં જેવા પરિણામો-અધ્યવસાયો કરવાના હોય એવા જ પરિણામો કરે છે.

**૪. અપ્રમત્તતા :-** આ દષ્ટિવાળા જીવો સતત નિદ્રા, વિકથા આદિ પાંચેય પ્રકારના અપ્રશસ્ત પ્રમાદથી રહિત હોય છે.

**૫. વિનિયોગ પ્રધાન :-** આ દષ્ટિવાળાનો આશય વિનિયોગ-પ્રધાન હોય છે. પરોપકારને અર્થે જ તેમની સઘળી પ્રવૃત્તિ હોય છે. દા.ત. સમરાદિત્ય પોતાના પિતાના આગ્રહથી પરણ્યા; તેમાં પણ આમ કરવાથી ભાવિમાં ઘણા જીવોનો ઉધ્ધાર થશે, એ જ તેમનું લક્ષ્ય હતું. માટે તેમનો આશય વિનિયોગ પ્રધાન જ હતો.

**૬. ગંભીર ઉદાર આશયવાળો :-** વિનિયોગ કરનારે ગંભીર અને ઉદાર ચિત્તવાળા બનવું પડે છે. જો સામી વ્યકિતના દોષોને જોઈને તે અકળાઈ જાય તો તેનો ઉધ્ધાર કેવી રીતે કરી શકે ? તેના દોષોને પચાવી જઈને ઉદારતા

ભર્યું વર્તન રાખીને તેને દોષોમાંથી છોડાવીને સન્માર્ગે વાળી શકે. આમ આ દૃષ્ટિવાળા આવા ગંભીર અને ઉદાર આશયવાળા હોવાથી વિનિયોગ કરી શકે છે.

આ પ્રમાણે કાંતાદૃષ્ટિવાળાનો બોધ ઘણો ઊંડો, વિસ્તૃત અને વિશુધ્ધ છે. તેઓ આધ્યાત્મિક વિકાસમાં ઘણા આગળ વધી જાય છે.

**લક્ષણ** :- કાંતાદૃષ્ટિમાં નિત્યદર્શન, પ્રત્યાહાર, સૂક્ષ્મબોધ, આદિ બીજાને પ્રીતિકર બને છે, દ્વેષપ્રદ નથી બનતા. અહીં અન્યમુદ્ નામનો દોષ જાય છે. હિતોદયવાળી તત્ત્વમીમાંસા નામનો ગુણ આવે છે અને ઉત્તમ કોટિનું ધારણા નામનું છઠ્ઠું યોગાંગ પ્રાપ્ત થાય છે.

**(૧) લોકપ્રિયતા** :- આ દૃષ્ટિવાળા જીવો લોકપ્રિય હોય છે કારણ કે તેઓ મહાગીતાર્થ હોઈ સ્વ-પરનું લૌકિક તેમજ લોકોત્તર બન્ને પ્રકારનું ઔચિત્ય જાણે છે. અને બધી પ્રવૃત્તિ ઔચિત્યપૂર્વક જ કરે છે. યોગના પ્રભાવથી પ્રકૃતિગત સૌજન્ય અને સુંદરતા વગેરે એવા અનેક ગુણો પ્રાપ્ત કર્યા છે જેનાથી સૌને તે પ્રિય થઈ પડે છે. દા.ત. તીર્થંકર ગૃહસ્થાવાસમાં હોય ત્યારે છઠ્ઠી દૃષ્ટિમાં હોય છે. પૃથ્વીચન્દ્ર, ગુણસાગર, સમરાદિત્ય વગેરે છેલ્લા ભવમાં ગૃહસ્થાવાસમાં પણ આ દૃષ્ટિમાં હતા. નિરતિચાર ચારિત્રવાન મુનિઓ તેમજ અનુત્તર વિમાનવાસી દેવો આ દૃષ્ટિમાં હોય છે. આ બધાનું જીવન પ્રશસ્ત કષાયમય જ અને સંપૂર્ણ ઔચિત્યપૂર્ણ દેખાય છે. જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરે ત્યારથી ઔચિત્યનો આરંભ થાય છે. તેની પરિપૂર્ણતા આ દૃષ્ટિમાં થાય છે.

સ્થિરાદૃષ્ટિમાં અશુભ પરિણામ ચોવીસે કલાક હોઈ શકે છે જ્યારે કાંતાદૃષ્ટિમાં એક ક્ષણ પણ તે હોતો નથી. પ્રશસ્ત કષાય અને ઔચિત્યનું જ્ઞાન; આ બે ગુણના કારણે તેઓ સર્વ માણસનાં હૃદય જીતી લે છે.

**(૨) અન્યમુદ્દોષ** :- પાંચમી દૃષ્ટિ સુધી દર્શન મોહનીયના દોષનું નિવારણ નિરાકરણ થયું. ખેદ્ ઉદ્વેગ વગેરે દોષો દર્શન મોહનીયના કારણે ઉદ્ભવે છે. છઠ્ઠી દૃષ્ટિથી માંડીને ચારિત્ર મોહનીયજન્ય દોષોનું નિરાકરણ શરૂ થાય છે. અન્યમુદ્ દોષ એટલે મોક્ષમાર્ગ કે તત્ત્વમાર્ગને છોડીને સંસારની કોઈપણ પુદ્ગલની પ્રવૃત્તિમાં રતિ-ગમવાપણું આવવું તે. છઠ્ઠી દૃષ્ટિમાં જીવ આવતાં આ દોષ નાશ પામે છે. આ દૃષ્ટિવાળા જીવો સંસારમાં જળ કમળવત્ રહે છે. વિષયોના સંપર્કમાં પણ તેમનું ચિત્ત વૈરાગ્યવાળું જ હોય છે.

પુદ્ગલમાં આસકિત બે પ્રકારની હોય છે. (૧) રુચિરૂપ. (૨) રતિરૂપ. રૂચિરૂપ આસકિત દર્શનમોહનીયના કારણે હોય છે. રતિરૂપ આસકિત ચારિત્રમોહનીયના ઉદયથી હોય છે. પાંચમી દષ્ટિમાં રતિરૂપ આસકિત હોય છે. જ્યારે છઠ્ઠી દષ્ટિમાં બેમાંથી એકેય પ્રકારની આસકિત હોતી નથી. અહીં રતિ નથી હોતી એનો અર્થ મોહનીયના કારણે નથી હોતી એમ સમજવાનું છે. બાકી શાતાવેદનીયજન્ય રતિ તેઓને હજી રહેલી છે.

અન્યમુદ્ શબ્દથી હાસ્ય ષટક્રૂપ બધા જ રાગ-દ્વેષનો અભાવ સમજવાનો છે.

**(૩) હિતોદયવાળી અથવા તત્વ મીમાંસા :-** મીમાંસા એટલે તત્ત્વવિચારણા. આ દષ્ટિવાળા જીવો નિશ્ચયનયની અપેક્ષાએ તત્વ ચિંતન કરનારા હોય છે. તેથી તેમને તદ્તદ્ પ્રતિભાસ થતો નથી. તદ્ એટલે વિષયોમાં અને તદ્ એટલે હર્ષનો પ્રતિભાસ. અર્થાત્ વિષયો સુખ કે દુઃખ આપનાર છે એવું માનવું તે તદ્તદ્ પ્રતિભાસ છે. આ દષ્ટિવાળામાં વિવેક હોય છે કે વિષયોમાં સુખ કે દુઃખ આપવાની શકિત નથી, પણ તેમાં જે રાગ-દ્વેષ થાય છે તેના કારણે સુખ કે દુઃખનો અનુભવ થાય છે. નિશ્ચયનો વિસ્તૃત બોધ હોવાથી તેમનું જીવન નિશ્ચયપ્રધાન હોય છે.

આ દષ્ટિવાળા જીવો હંમેશા તત્ત્વમીમાંસામાં જ હોય છે. સદ્વિચારણામાં જ રહે છે. આ જીવોનો મૂળથી જ અધ્યવસાય શુધ્ધતા તરફ જઈ રહ્યો છે. આ જીવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. એટલે તેમની તત્ત્વમીમાંસા પોતાના હિતના ઉદયવાળી હોય છે. બધે ઠેકાણે બધા નિમિત્તોને તે શુભ બનાવી શકે છે. કારણ કે જ્ઞાનનું જે ફળ પ્રાપ્ત કરવાનું છે તે તેમને અહીં સંપૂર્ણપણે પ્રાપ્ત થઈ ગયું છે. જ્ઞાનનું સમ્યગ્ફળ જ આત્માનો હિતોદય થવો તે જ છે.

**ધારણા :-** આ દષ્ટિમાં 'ધારણા' નામનું યોગનું અંગ હોય છે. આ 'ધારણા'-પરા એટલે શ્રેષ્ઠ પ્રકારની હોય છે. અહીંયા જે 'ધારણા'ની વાત છે તે રાજયોગ સંબંધી છે. ધારણા એટલે મન ઉપરનો કાબુ, મનની વિષયોથી વિરકિત, પાંચમી દષ્ટિમાં વિવેક સ્થિર હતો, પણ મન ચંચળ હતું. છઠ્ઠીમાં મન મદારીના વાંદરા જેવું હોય છે. તેની ઉપર એટલો અંકુશ હોય છે કે તેને જેમ રાખવું હોય તેમ રાખી શકે છે.

પાંચમી દષ્ટિવાળાને ભોગમાં કર્મજન્ય આસકિત હતી. અહીં કર્મજન્ય ભોગોમાં પણ આસકિત નથી. ઉદયને અનુસરી ભોગો પણ અનાસકત ભાવે સેવે છે. માટે નિશ્ચયનયથી ખરા જ્ઞાની આ દષ્ટિવાળા જીવો છે. આ જીવોના ભોગ પણ યોગ સ્વરૂપ હોય છે એટલે કે કર્મની નિર્જરારૂપ છે. આગળ વધવામાં સહાયકારી હોય છે. તીર્થંકરો આગળના ત્રીજા ભવમાં જ્યારે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે ત્યારે પ્રાયઃ છઠ્ઠી દષ્ટિમાં હોય છે. અને તીર્થંકરના ભવમાં જન્મથી તે છઠ્ઠી દષ્ટિમાં આવી જાય છે.

**કાન્તાયામેતદન્યેષાં પ્રીતયે ધારણા પરા ।**
**અતોઽત્ર નાન્યમુન્નિત્યં મીમાંસાઽસ્તિ હિતોદયા ॥૧૬૨॥**

અન્યમુદ્ દોષ ગયો હોવાથી કાંતા દષ્ટિવાળા જીવો ધર્મમાં એકાગ્ર મનવાળા હોય છે. ધર્મ તે પોતે સુખરૂપ છે અને બીજાને પણ સુખનું કારણ છે. ધર્મના આવા માહાત્મ્યથી અને સદાચારની વિશુધ્ધિથી આ જીવો સૌ કોઈ પ્રાણીમાત્રને પ્રિય બને છે.

**શ્રુતધર્મે મનો નિત્યં કાયસ્ત્વસ્યાન્ય ચેષ્ટિતે ।**
**અતસ્ત્વાક્ષેપકજ્ઞાનાન્ન ભોગા ભવહેતવઃ ॥૧૬૪॥**

આ જીવોનું મન હંમેશા સતત ભાવનાઓમાં રમતું હોય છે. બીજી ચેષ્ટા મન વગર માત્ર કાયાથી જ કરતા હોય છે. તેવા પ્રકારનું ચારિત્ર મોહનીયકર્મ ઉદયમાં હોય તો જ આ જીવોની કાયા પણ સંસારની પ્રવૃત્તિમાં હોય, બાકી ન હોય. સાંસારિક પ્રવૃત્તિ કરતી વખતે પણ જાગૃત રહીને આત્માને નુકસાન ન થાય તેનો સતત લક્ષ રાખે.

દા.ત. (૧) શ્રી મહાવીરસ્વામીને ચારિત્ર મોહનીયકર્મ સોપકર્મ એટલે કે ધારે તો તુટી શકે તેવું હતું. પરંતુ માતા-પિતાની હાજરીમાં દીક્ષા લેશે તો માતા-પિતા આર્તધ્યાનથી દુર્ગતિમાં જશે. માટે તેઓના આત્મહિતને લક્ષમાં રાખીને તેમણે આ અભિગ્રહ લીધો હતો. એટલે કે સંપૂર્ણ ઔચિત્યપૂર્ણ વ્યવહાર જાળવ્યો છે.

(૨) શ્રી નેમિનાથ ભગવાને કુમાર અવસ્થામાં કૃષ્ણ અને રાણીઓના કહેવાથી જળ ક્રીડા કરી તેમાં પણ આ ઔચિત્યભાવ જ હતો. તેમાં અત્યારે રાણીઓને સંતોષ આપીને તેમની સાથે આત્મીયતા ગાઢ કરીને ભવિષ્યમાં તે બધાનો ઉધ્ધાર કરવાની જ ભાવના હતી. એ જળ-ક્રીડા તત્ત્વચિંતન સાથે અંશમાત્ર પણ આસકિત વગર તેમણે કરી હતી.

(૩) આવા જીવો રાજા હોય, શેઠ સાહુકાર હોય, માતા-પિતા હોય કે પિતા-પુત્ર હોય, પોતે જે અવસ્થામાં હોય એ અવસ્થાની જવાબદારી બરાબર સમજીને નિર્લેપભાવે, સંપૂર્ણ પ્રશસ્ત કષાયથી અદા કરે. આ દષ્ટિમાં કર્મનો ઉદય પણ મનને બગાડી શકતો નથી. તે કર્મ બાંધતી વખતે ભલે અપ્રશસ્ત કષાયથી બાંધ્યુ હોય પણ ઉદય વખતે તો પ્રશસ્ત કષાય જ હોય. તેઓનું મન શ્રુતની ભાવનાઓમાં સતત રમણતાવાળું હોય છે. આથી તેમનું જ્ઞાન અક્ષેપકજ્ઞાન કહેવાય છે. તેથી ઉદયને અનુસરી ઇન્દ્રિયના ભોગો ભોગવતા દેખાય તો પણ તેમને સંસાર પરિભ્રમણના હેતુ બનતા નથી.

**માયામ્ભસ્તત્ત્વતઃ પશ્યન્નનુદ્વિગ્ન સ્તતો દ્રુતમ્ ।**
**તન્મધ્યેન પ્રયાત્યેવ યથા વ્યાઘાત વર્જિતઃ ॥૧૬૫॥**

આ જીવોને ઈન્દ્રિયના ભોગો શાથી સંસારના હેતુ નથી બનતા તે દષ્ટાંત આપીને સમજાવે છે. પાંડવોએ પોતાની રાજસભામાં નીચે જમીનના તળ ઉપર એવા મણિ અને રત્નોની રચના કરી હતી કે પાણી ન હોવા છતાં જોનારને ત્યાં પાણીનો ભ્રમ પેદા થાય. એવા ઠેકાણે પણ જે માણસને ખબર પડી ગઈ હોય કે આ તો માત્ર પાણીનો આભાસ છે તો તે જરાપણ મુંઝાયા વિના સડસડાટ ત્યાંથી ચાલ્યો જાય છે. એટલે કે એ કૃત્રિમ પાણીનો દેખાવ (માયામ્ભસ્) તેને ગતિમાં વ્યાઘાત કરી શકતો નથી.

**ભોગાન સ્વરૂપતઃ પશ્યંસ્તથા માયોદકોપમાન્ ।**
**ભુંજાનોઽપિ હ્યસંગઃ સન્ પ્રયાત્યેવ પરં પદમ્ ॥૧૬૬॥**

એવી જ રીતે આ દષ્ટિવાળા જીવો ભોગોને માયામ્ભસ્ (સુખના આભાસ) સમાન જાણે છે. સ્વરૂપથી તે દુઃખરૂપ જ છે; એમ નિશ્ચિત રીતે તેઓ જાણે છે એટલે કર્મના ઉદયથી આવી પડેલા ભોગોમાં નિર્લેપ રહે છે અને મુકિતપથ તરફ સડસડાટ આગળ વધી જાય છે.

**ભોગતત્ત્વસ્ય તુ પુનર્ન ભવોદધિ લંઘનમ્ ।**
**માયોદકદઢાવેશસ્તેન યાતીહ કઃ પથા ॥૧૬૭॥**
**સ તત્રૈવ ભવોદ્વિગ્નો યથા તિષ્ટત્યસંશયમ્ ।**
**મોક્ષમાર્ગેઽપિ હિ તથા ભોગજમ્બાલમોહિતઃ ॥૧૬૮॥**

હવે પેલા માયાજળને જેઓ માયાજળ માનતા નથી, પણ સાચું પાણી છે એમ સમજે છે તે બિચારા કેવી રીતે ચાલશે ? અર્થાત્ ચાલશે જ નહિ,

પણ કાંઠે જ ઉભા રહેશે. તેવી રીતે ગુણસ્થાનકની બહાર રહેલા મિથ્યાદષ્ટિ જીવો તો ભોગને એકાંતે પરમાર્થ (શ્રેષ્ઠ) માને છે, તેથી તેઓ સંસારનો પાર પામી શકતા નથી, કારણ કે તેમને ભોગમાં સુખની બુધ્ધિ હોવાથી તેમાંથી નીકળવાનો તે પ્રયત્ન જ કરતા નથી અને સંસારમા જ ખૂંચ્યા રહે છે. અને જ્ઞાનાદિ લક્ષણરૂપ મોક્ષમાર્ગમાં ચાલતા નથી.

આ દૃષ્ટિમાં ચોવીસે કલાક તત્ત્વચિંતનરૂપ શુધ્ધ ઉપયોગ હોય છે. અહીં જીવો વિષયોના સંપર્કમાં પણ નિર્મળ પરિણામની ધારા ટકાવી રાખે છે. અપ્રશસ્ત કષાયરૂપી મોહ હોતો નથી. સદૈવ હિતોદય જ હોય છે. સતત પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા જ થતી હોય છે. આ દૃષ્ટિમાં જો ક્ષાયિક ભાવના ગુણો આવી જાય તો પડવાનો ભય નથી, ક્ષયોપશમભાવ અને ઉપશમભાવના ગુણોમાં પડવાનો સંભવ છે. પડવાઈ થાય તો પણ પૂર્વે બાંધેલા નિકાચિત કર્મના ઉદયથી થાય છે. આ દૃષ્ટિમાં હોય ત્યાં સુધી પતન યોગ્ય કર્મ તે બાંધતા નથી. જો ત્રણ ગારવમાં આસકિતરૂપ પ્રમાદ આવી જાય તો પડવાઈ થવાનો સંભવ રહે છે.

ગાથા ૧૬૧ના અંતે પાતંજલી ઋષિના ત્રણ શ્લોક આપ્યા હતા તેમાંનો બીજો શ્લોક આ દૃષ્ટિને લગતો છે તે જોઈએ.

**મૈત્રાદિયુક્તં વિષયેષ્વચેતઃ, પ્રભાવદ્વૈર્ય સમન્વિતં ચં ।**

**દ્વન્દ્વૈરધૃષ્યત્વમ્ભીષ્ટલાભઃ, જનપ્રિયત્વં ચ તથા પરં સ્યાત્ ॥૨॥**

**નિષ્પન્ન યોગીના લક્ષણો :-** મૈત્રી ભાવના, પ્રમોદભાવના, કરુણાભાવના અને માધ્યસ્થ ભાવના[૯], વિષયોમાં ચિત્તની અપ્રવૃત્તિ[૧૦] પ્રભાવવાળો[૧૧], ધૈર્યયુક્ત[૧૨], દ્વન્દ્વૌની અસર વિનાનો[૧૩], અભીષ્ટનો પ્રાપ્તિવંત[૧૪], લોકિપ્રય[૧૫] હોય છે.

આ દૃષ્ટિવાળાનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી યુક્ત હોય છે. વિષયોમાં તેઓનું ચિત્ત હોતું નથી. તેઓ પ્રભાવશાળી અને ધીર હોય છે. દ્વન્દ્વોની અસરથી તે પર હોય છે. અભીષ્ટ લાભને પ્રાપ્ત કરનારા હોય છે. અત્યંત લોકિપ્રય હોય છે. યોગની મધ્યમ ભૂમિકાના ગુણરૂપી આ ચિન્હો કાંતાદૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. આ લક્ષણોને વિચારીએ.

**(૯) મૈત્રી આદિ ભાવના :-** આ દૃષ્ટિવાળાનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી યુક્ત હોય છે. તેઓ પ્રભાવશાળી અને ધીર હોય છે. દ્વન્દ્વોથી પર હોય છે. જેટલા પણ શુભ ભાવો, પ્રશસ્ત કષાયો છે તેનો આ મૈત્રી આદિ ભાવમાં સમાવેશ

થાય છે. તાત્ત્વિક ધર્મનું મૂળ મૈત્રી આદિ ચાર ભાવના છે. તાત્ત્વિક ધર્મનો પ્રારંભ પ્રથમ ગુણસ્થાનકમાં અપુનર્બંધક અવસ્થાથી થાય છે, તેની સાથે જ મૈત્રી આદિ ભાવોની પણ શરૂઆત થાય છે. તેનો સંપૂર્ણ વિકાસ આ દૃષ્ટિમાં થાય છે. જેટલે અંશે અપ્રશસ્ત કષાય નષ્ટ થાય છે, એટલે અંશે મૈત્રીભાવ વિકસે છે. આ દૃષ્ટિમાં અપ્રશસ્ત કષાય નથી, માટે મૈત્રીભાવ સંપૂર્ણ વિકાસ પામેલો હોય છે.

મૈત્રીભાવ એ પ્રમોદાદિ બધી ભાવનાઓનું મૂળ ઉદ્‌ગમસ્થાન છે. જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કરવાનો છે. તેમાંથી ગુણવાળા તેમજ સુખી જીવોને જોઈને પ્રમોદભાવ કરવાનો છે, નિર્ગુણી અને દુઃખી જીવોને જોઈને કરૂણાભાવ લાવવાનો છે. અયોગ્ય જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ કરવાનો છે.

મૈત્રી પોતે પ્રશસ્ત કષાયરૂપ છે. એટલે જ્યાં સુધી મૈત્રી છે ત્યાં સુધી પ્રશસ્ત કષાયો રહેવાના જ. મૈત્રી એ બધા પ્રશસ્ત કષાયનું મૂળ છે. એટલે ઉચિત સ્થાને અને અવસરે પ્રશસ્ત કષાય ન કરે તો એટલી મૈત્રીમાં જ કચાશ ગણાય છે. એ જ રીતે એક પણ અપ્રશસ્ત કષાય કરે તો પણ મૈત્રીમાં જ કચાશ ગણાય છે.

પાંચમી દૃષ્ટિમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને કષાયો હોય છે. તેથી તે દૃષ્ટિવાળો જીવ કદાચ ધર્મ માટે યુધ્ધ કરતો હોય છતાં કેવળ ધર્મભાવ જ હોય એવું ન પણ હોય; સાથે અંગત સ્વાર્થ રહેલો હોય. પણ તેને અપ્રશસ્ત રાગ-દ્વેષ વિવેક વગરના ન હોય. દા.ત. પાંડવો અને કૌરવોના યુધ્ધમાં પાંડવોના પક્ષમાં ન્યાય, નીતિ, સદાચાર વગેરે છે, છતાં રાજયનો લોભ હોવાથી સાથે અપ્રશસ્ત કષાય પણ રહેલા જ છે. માટે પુણ્ય-પાપકર્મ બંને બંધાય છે.

છટ્ઠી દૃષ્ટિવાળા જીવોને સન્માર્ગ અને સન્માર્ગમાં રહેલ જીવો પ્રત્યે અત્યંત સદ્‌ભાવ હોય છે. તેથી સન્માર્ગ કે સન્માર્ગસ્થ જીવોનું કોઈ અહિત કરતું હોય તો આ જીવો તેની ઉપર ક્રોધાદિ કષાયો કરે; પણ તે કષાયો પ્રશસ્ત કોટિના જ હોય. સામા માણસના હિતની બુધ્ધિ જ હોય કે તે વિશેષ પાપ ન કરે. આમ તેની ઉપરનો મૈત્રીભાવ તો હોય જ.

**૧૦. વિષયોમાં ચિત્તની અપ્રવૃત્તિ :-** છટ્ઠી દૃષ્ટિવાળા જીવો વિષયથી વિરક્ત હોય છે. તેઓમાં કામરાગ કે સ્નેહરાગ પણ નથી હોતા, માત્ર પ્રશસ્ત

કષાયજન્ય ગુણાનુરાગ હોય છે. ઈચ્છાનો અભાવ હોવાના કારણે સંપૂર્ણ નિશ્ચયનયનો વૈરાગ્ય આ દૃષ્ટિવાળામાં હોય છે. દરેક પ્રવૃત્તિમાં જે પ્રકારના પરિણામો (અધ્યવસાયો) રાખવાના હોય, તે પ્રમાણે જ પરિણામો કરે છે.

નિરતિચાર ચારિત્રમાં ઉત્સર્ગ-અપવાદ બંનેનું સેવન કરવાનું હોય છે. વૈરાગ્યની શરૂઆત પ્રથમ ગુણસ્થાનથી થાય છે. તેની પરાકાષ્ઠા અહીં છઠ્ઠી દૃષ્ટિમાં થાય છે.

**૧૧. પ્રભાવશાળી :-** છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો ગુણ છે કે તેઓ પ્રભાવશાળી હોય છે. તેઓ ભીમકાંત પ્રકૃત્તિવાળા હોય છે. અયોગ્ય જીવો પ્રત્યે ભીમગુણવાળા અને યોગ્ય જીવો પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. અયોગ્ય જીવો તો તેમનું નામ સાંભળતા જ થથરતા હોય છે. ઔદાર્ય, દયાળુતા, સૌહાર્દ વગેરે ગુણોની સાથે માણસમાં શૂરવીરતા, આત્માભિમાનતા, પરાક્રમપણું, નિર્ભયતા વગેરે ગુણોની જરૂર પડે છે. તો જ તેમના વ્યકિતત્વનો પ્રભાવ પડે છે. તેમનામાં અપ્રશસ્ત ભય વગેરે હોતા નથી. અવસરે ઉચિત કડકાઈ કે સૌહાર્દ તેઓ રાખી શકે છે. આવા જીવો અવશ્ય ધર્મના પ્રભાવક હોય છે. તેઓનું આચરણ એકાંતે દોષરહિત હોય. દા.ત. સમરાદિત્ય કુમાર છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમનાં ઉચિત્ત આચરણથી અને પ્રભાવકતાના ગુણથી તેમના મિત્રો બધા ધર્મ આરાધનામાં લીન થઈ ગયા હતાં.

**૧૨. ધૈર્યયુક્ત :-** આ દૃષ્ટિવાળાનો ગુણ ધીરતા છે. તેઓ મરણાંત કષ્ટમાં પણ ડગતા નથી. ધીરતાને છોડતા નથી.

**૧૩. દ્વન્દ્વોની અસર વિનાનો :-** આ દૃષ્ટિવાળાને દ્વન્દ્વોથી અધૃષ્યપણું એટલે કે કોઈપણ પ્રકારના દ્વન્દ્વની અસર થતી નથી. આથી જ સંપૂર્ણ મૈત્રી આદિ ભાવ અને વિષયોમાં અનાસકતભાવ ટકાવી શકે છે. ભગવદ્ગીતામાં જે સ્થિતપ્રજ્ઞના લક્ષણો કહ્યાં છે તે બધાં અહીં ઘટે છે. આ દૃષ્ટિવાળા જીવો અનાસકત યોગી કહેવાય છે.

**૧૪. અભિષ્ટ લાભ :-** છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો ગુણ છે અભીષ્ટ લાભ. તેઓને દુઃખ દૂર કરવાના કે સુખ મેળવવાના મનોરથો કદી થતા જ નથી. સ્વ કે પરના આત્મહિતમાં કોઈ બાધક વિઘ્ન ઉભાં થયાં હોય તો તેને દૂર કરવાનો સંકલ્પ તેમને થાય ખરો અને તે સંકલ્પ તેમના પોતાના વિશુધ્ધ કોટિના ધર્મના પ્રભાવથી અશુભકર્મ તુટી જવાથી પૂર્ણ થાય. તેમના નિરતિચાર અમૃત અનુષ્ઠાનના બળથી વિઘ્નનો નાશ અને સંકલ્પ સિધ્ધિ થાય છે.

આ દૃષ્ટિવાળા જીવોને ય નિકાચિત કર્મ તો ભોગવવાં પડે છે. આ જીવોને અભીષ્ટ લાભ સાથે લબ્ધિઓ પણ હોય છે. દા.ત. શ્રી ગૌતમસ્વામી છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમને યોગના પ્રભાવથી ખીરનો અભીષ્ટ લાભ પ્રાપ્ત થયો છે. પણ પછી ખીર ખૂટી નહિ તે 'અક્ષીણ મહાનસ' લબ્ધિના કારણે છે. આ લબ્ધિના પ્રભાવે તેઓ આત્મશકિત ફોરવીને જગતમાં રહેલ પુદ્‌ગલ પરમાણુને જે રૂપે બનાવવા હોય તે રૂપે બનાવી શકે છે. અહીંયા લબ્ધિ જુદી છે અને અભીષ્ટ લાભ જુદો છે. સાતમી દૃષ્ટિમાં તો અસંગ અનુષ્ઠાનના બળે ક્ષયોપશમ થઈને એવી લબ્ધિઓ પ્રગટે છે કે તેનાથી તેઓ ધાર્યું બધું જ કરી શકે છે, પણ વિના કારણે તેઓ કશું જ કરતાં નથી; લબ્ધિને ફોરવતા નથી.

**૧૫. લોકિપ્રયતા :-** આ જીવનો ગુણ છે જનપ્રિયત્વ. થોડાક ગુણો અહીં જણાવ્યા પણ તેમનામાં તો એટલા બધા ગુણો હોય છે કે તે બધા વર્ણવી ન શકાય.

છતાં આ દૃષ્ટિવાળા જીવોનો મુખ્યતમ ગુણ ઔચિત્યનો છે. આ જીવોનું જીવન ઔચિત્યમય જ હોય છે. આ ઔચિત્ય પણ કક્ષા પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. દા.ત. મેતારજ મુનિ-એ નિરપેક્ષ મુનિ હતા. એટલે સોનીએ ઉપસર્ગ કર્યો ત્યારે પ્રાણ જવાં છતાં મૌન રહ્યાં.

આ દૃષ્ટિવાળાને દુ:ખમાં પણ મનની સમાધિ ટકે છે. એટલે મનની સમાધિના હેતુથી તેમને સ્વરક્ષા કરવાની નથી, પણ વિશેષ લાભ-આરાધનાના હેતુથી સ્વરક્ષા કરવાની છે. અહીં સમાધિનો અર્થ તત્ત્વની સમજણવાળા મનની સમાધિ એવો કરવો.

છઠ્ઠી દૃષ્ટિવાળા ગૃહસ્થ જીવોની સાંસારિક પ્રવૃત્તિ પણ વીતરાગ દેવની આજ્ઞા મુજબની સંપૂર્ણ ઔચિત્યપૂર્ણ જ હોય છે. તેમની અર્થપ્રવૃત્તિ અને કામપ્રવૃત્તિ સંપૂર્ણ અર્થ પુરૂષાર્થ અને કામ પુરૂષાર્થ હોય છે, કારણ કે આ પ્રવૃત્તિ પ્રશસ્ત કષાયપૂર્વક હોય છે. આ દૃષ્ટિમાં રહેલા ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનકવાળા દરેક જીવોને પોતપોતાના આચારનું અનુક્રમે દર્શનાચાર, અણુવ્રત અને મહાવ્રતનું નિરતિચાર પાલન હોય છે.

આ દૃષ્ટિમાં અન્યમુદ્ નામનો દોષ ગયો છે, અપ્રશસ્ત કષાય નાબૂદ થયા છે, પણ હજી પ્રશસ્ત કષાયો પડયા છે; તેથી 'રોગ' નામનો દોષ પડયો છે. એ દોષ નષ્ટ થાય એટલે સાતમી પ્રભાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

## ૭. પ્રભાદષ્ટિ

'પ્ર' એટલે પ્રકૃષ્ટ અને 'ભા' એટલે તેજ. આ દષ્ટિમાં સૂર્યની ઉપમાવાળો પ્રકૃષ્ટ જ્ઞાનનો પ્રકાશ હોય છે. આત્માને રત્નત્રયીની ખરી અનુભૂતિ અહી થાય છે.

**બોધ :-** આ દષ્ટિના બોધને સૂર્યની ઉપમા આપવામાં આવી છે. પ્રખર જ્ઞાનનો બોધ વહેતો હોય છે. આ બોધ હંમેશા ધ્યાનનો હેતુ જ બને છે. પ્રાયઃ તેમાં વિકલ્પનો અવકાશ નથી. તેમાં પ્રશમસાર સુખ હોય છે. શાસ્ત્રો અહીં અકિંચિત્કર બને છે. સમાધિરૂપ અનુષ્ઠાન હોય છે. આ બોધવાળા જીવોના સાન્નિધ્યમાં વૈરાદિનો નાશ થાય છે. તેઓ પરાનુગ્રહને કરે છે. હંમેશા અવંધ્ય ફળવાળી સત્ ક્રિયાને કરે છે.

**(૧) ધ્યાન :-** આ દષ્ટિમાં જીવોને સતત ધ્યાન અને ધ્યાનના કારણભૂત એવાં ચિંતન, ભાવના અને અનુપ્રેક્ષા હોય છે. છદ્મસ્થ અવસ્થામાં ધ્યાન અંતર્મુહૂર્ત પર્યંત ટકે છે. તે પૂર્ણ થાય એટલે ચિંતન, ભાવના કે અનુપ્રેક્ષા ચાલુ થાય. તે અનુપ્રેક્ષાદિ એવા કરે કે તેમાંથી પાછા ધ્યાન ઉપર ચડી જાય. આમ સતત ચાલ્યા જ કરે છે. માટે તેમના બોધને ધ્યાનનો હેતુ કહ્યો છે.

આ દષ્ટિ પ્રાયઃ નિરપેક્ષ આત્મસાધકને હોય છે. તેઓ સ્વશરીર પ્રત્યે પણ નિસ્પૃહ હોય છે. પ્રશસ્ત કષાયો પણ નાબુદ કર્યા હોવાથી દયા દાન, પરોપકાર કરવા આદિની કોઈ ઈચ્છા તેમને હોતી નથી. મોટાભાગે નિર્વિકલ્પ દશામાં જ રહે છે. અને સમતાના સુખને અનુભવે છે પણ કોઈ વખત સમતાથી જ્યારે નીચે ઉતરે છે ત્યારે સવિકલ્પદશા આવી જાય છે. દા.ત. મહાવીર સ્વામીને પોતાના સાડાબાર વર્ષના છદ્મસ્થ (સાધના) પર્યાયમાં માત્ર બે વખત કરૂણાના ભાવ સ્પર્શી ગયા છે. (૧) ચંડકૌશિકના પ્રસંગમાં (૨) સંગમના પ્રસંગમાં આંખમાં કરૂણાથી અશ્રુ આવી ગયા ત્યારે. આવુ કવચિત્-જવલ્લે જ બને છે. બાકી તો નિર્વિકલ્પ દશા જ હોય છે. શ્રી તીર્થંકર દીક્ષા લે ત્યારથી તેમને આ સાતમી દષ્ટિ હોય છે. તેઓ જગતથી તદ્દન અલિપ્ત હોય છે. આત્મરમણતામાં એવા મગ્ન હોય છે કે પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈ વિકલ્પ તેમને સ્પર્શી શકતો નથી. કર્મ ખપાવવાની ઈચ્છા પણ તેમને હોતી નથી. માટે પ્રાયઃ વિકલ્પને અવસર નથી એમ કહ્યું છે.

**(૨) પ્રશમસાર :-** અહીંયા પ્રશમસાર સુખ હોય છે. પ્રશસ્ત કષાયથી કરાતા

મૈત્રી, કરૂણા આદિ ભાવા પણ જીવને મનમાં અમુક પ્રકારનો આવેગ, ઉત્સુકતા આદિ સંતપ્ત અવસ્થા ઉભી કરે છે. પણ આ સાતમી દષ્ટિવાળા જીવોને આવી પ્રશસ્ત કરૂણા વગેરે ભાવો પણ સ્પર્શતા નથી, સતત તેઓ સમતાના સુખને જ અનુભવતા હોય છે. સંસારના સર્વ શ્રેષ્ઠ ભૌતિક સુખને અનુભવનાર અનુત્તરવાસી દેવનું સુખ એ સમતાના સુખની આગળ અનંતમાં ભાગનું પણ નથી. આ પ્રકારના સાધકો "જ્ઞાનતૃપ્તો નિરંજન" છે.

(૩) **શાસ્ત્રો અકિંચિત્કર-શાસ્ત્રો નિરૂપયોગી-જરૂરી નથી :-** આ દષ્ટિમાં બોધ એવો ઉત્તમ છે કે તેની આગળ શાસ્ત્રો અકિંચિત્કર-નિરુપયોગી છે. શાસ્ત્રીય બોધ કરતાં પણ આ જીવોને ઉચ્ચ પ્રકારનો બોધ થઈ ગયો છે. જે સાધવાનું છે, તે તેમને સિધ્ધ થઈ ગયું છે. માટે શાસ્ત્ર કે બીજા આલંબનની શી જરૂર હોય ? ન જ હોય.

(૪) **સમાધિનિષ્ઠ :-** આ દષ્ટિવાળા જીવોનું અનુષ્ઠાન સમાધિનિષ્ઠ હોય છે. આ જીવોને કોઈપણ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનના આલંબનની જરૂર નથી. તેઓ સતત આત્મરમણતામાં ઝુલતા હોય છે. છતાં જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી શારીરિક જરૂરીયાતો રહેવાની એટલે શારીરિક પ્રવૃત્તિ તેઓ કરતા હોય ત્યાં પણ તેમની આત્મરમણતા સતત ચાલુ જ રહે છે. સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા સાથેનું ધ્યાન. સ્વાભાવિક રીતે જ ઈચ્છા કર્યા વગર, જે સમયે જે કરવાનું હોય તે આપ મેળે થયા જ કરે. ધ્યાનની પરિપકવદશા અહીં પ્રાપ્ત થાય છે. સતત તેમનો ઉપયોગ જાગૃત જ રહે. આ જીવોને સમતા પરિણતિરૂપ બની ગઈ છે એટલે સતત તે સમાધિમાં જ હોય. કોઈ વસ્તુ તેમના ચિત્તને વિક્ષેપ ઉભો કરી શકે તેમ નથી. આ જીવોના યોગના પ્રભાવથી તેમના સાનિધ્યમાં આવનાર જીવોના વૈર આદિનો નાશ થઈ જાય છે.

(૫) **પરાનુગ્રહ કર્તૃતા :-** આ જીવો લાગણીથી પર છે. છતાં અવસરે કોઈ યોગ્ય જીવ દેખાય તો તેને ઉપદેશ આપે છે. આ દષ્ટિવાળા જીવોની ક્રિયા અવંધ્ય ફળવાળી હોય છે. જે કાંઈ કરે તેનું પરિપૂર્ણ ફળ તેઓ મેળવે છે. એટલે કે આત્માની અનુભૂતિરૂપ ફળને પ્રાપ્ત કરે છે. ફલાવંચકદશા અહીં પ્રાપ્ત હોય છે. રત્નત્રયીનો પૂર્ણ આસ્વાદ અહીં જ પ્રાપ્ત થાય છે. તત્કાલ પરમાનંદનું સુખ અહીં જ અનુભવાય છે. માટે આ જીવો જીવતાં છતાં જીવનમુક્ત કહેવાય છે. કર્મ ઉદયમાં હોવા છતાં તેનાથી લેપાતા નથી. દેહની અસર તેઓને હોતી નથી.

જિનકલ્પિ, પરિહાર વિશુધ્ધિક, પ્રતિમાધારી આદિ નિરપેક્ષ મુનિઓ-સાધકો આ દૃષ્ટિમાં હોય છે. તેઓ ઉત્સર્ગમાર્ગનું ચારિત્ર પાળતા હોય છે. શરીર સુશ્રુષા કરતા નથી. નિશ્ચયની જ તેમની દૃષ્ટિ હોય છે. વ્યવહારથી તે નિરપેક્ષ હોય છે.

જ્યારે ઉપયોગશૂન્યતાથી માનસિક, વાચિક કે કાયિક કોઈ સૂક્ષ્મ દોષ પણ લાગે ત્યારે તેનું તેઓ ઉત્કટ પ્રાયશ્ચિત સ્વયં સ્વીકારી લે છે.

**ધ્યાનિપ્રયા પ્રભા પ્રાયો નાસ્યાં રુગત એવ હિ ।**

**તત્ત્વ પ્રતિપત્તિયુતા સત્પ્રવૃત્તિપદાવહા ॥૧૭૦॥**

આ દૃષ્ટિમાં 'રોગ' નામનો દોષ નષ્ટ થાય છે, તત્ત્વ પ્રતિપત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. ધ્યાન નામનું સાતમું યોગનું અંગ પ્રાપ્ત થાય છે. હંમેશા શમથી-સમંતાયુક્ત હોય છે.

(૧) **રોગ :-** અહીં ભાવરોગરૂપ રાગ અને દ્વેષ હોતા નથી. છઠ્ઠી દૃષ્ટિમાં જે પ્રશસ્ત કષાયો હતા તે અહીં નાબુદ થઈ જાય છે. અહીં કષાયનો અભાવ એટલે વ્યકત કષાયનો અભાવ ગણવાનો છે. બાકી અવ્યકતપણે કષાયો તો દશમા ગુણસ્થાનક સુધી હોય છે. આ જીવોને કષાયોનો અભાવ હોવાથી નિર્વિકલ્પદશા હોય છે. ગૃહસ્થોને આ દૃષ્ટિ પ્રાપ્ત થાય ખરી પણ અંતર્મુહૂર્તથી વધુ ટકે નહિ. ત્યારબાદ કાં તો ઉંચે ચડે છે અથવા તો નીચે ઉતરે છે અથવા તો સર્વસંગ પરિત્યાગ કરી જાય છે કારણ કે ગૃહસ્થાવાસમાં પાપ પ્રવૃત્તિ કરવી પડે. જ્યારે આ દૃષ્ટિવાળા જીવ પ્રશસ્ત કષાયથી પણ જાણી-બુઝીને પાપ પ્રવૃત્તિ કરતા નથી.

(૨) **તત્ત્વપ્રતિપત્તિ :-** આત્મતત્ત્વની અનુભૂતિરૂપ તત્ત્વ પ્રતિપતિ આ દૃષ્ટિમાં જ થાય છે. નિશ્ચયનયથી સમ્યક્ત્વ અહીં જ હોય છે. કારણ કે જેવું જ્ઞાન તેવી રૂચિ અને તેવી જ પરિણતિ એમ રત્નત્રયોની એકતા થાય છે. મન, વચન, કાયા એ ત્રણેનો અહીં સંપૂર્ણ અવિસંવાદ હોય છે. હવે પુદ્ગલ કે પરભાવમાં કર્તૃત્વપણું હોતું નથી. માત્ર જ્ઞાતા-દષ્ટાભાવ જ હોય છે. જડ અને ચેતનનું ભેદવિજ્ઞાન તેમને પરિણતિરૂપે હોય છે.

(૩) **ધ્યાન :-** અહીં ધર્મધ્યાન હોય છે, પછી શુકલ ધ્યાન પણ હોય. સૂક્ષ્મ ઉપયોગપૂર્વકનું ચિંતન, સ્થિર અધ્યવસાન તે ધ્યાન કહેવાય છે. ધ્યાનમાં મન, વચન, કાયાની બધીજ શકિતઓ ઉપયુકત હોય છે. અહીં શકિતઓ સુષુપ્ત નથી હોતી કે મનની શૂન્ય અવસ્થા નથી હોતી, પરંતુ ધ્યાનમાં ઉપયોગ સૂક્ષ્મ

બનતો હોવાથી યોગોનું વીર્ય વિશેષ ફોરવવું પડે છે. એક જ વિષયનો સૂક્ષ્મ બોધ ધ્યાનમાં હોય છે.

ધ્યાનથી થાક નથી લાગતો પણ વિશેષ સ્ફૂર્તિ જાગૃત થાય છે. ધ્યાન કરનારના આહાર અને નિંદ્રા અલ્પ હોય છે. કષાયોનો આવેગ અહીં નથી તેથી થાક લાગતો નથી. આ જીવો તો નિર્વિકલ્પદશામાં-સમતામાં જ રમે છે. વિશિષ્ટ સુખની પ્રાપ્તિ અહીં હોય છે તે કહે છે.

**ધ્યાનજં સુખમસ્યાં તુ જિતમન્યથસાધનમ્ ।**
**વિવેક બલનિર્જાતં શમસારં સદૈવ હિ ॥૧૭૧॥**

આ દૃષ્ટિમાં જ મુનિઓને ધ્યાનજન્ય સુખની પ્રાપ્તિ થાય છે. તેમાં ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોની બિલકુલ અસર જ નથી હોતી. મન ઉપર સંપૂર્ણ પ્રભુત્વ હોવાથી ખરો મનોવિજય અહીં જ છે. ગમે તેવી દુઃખની ઝડીઓ વચ્ચે પણ તેમનું આંતરિક સુખ ઈન્દ્ર કે ચક્રવર્તીના સુખ કરતાં અનેકગણું વધારે હોય છે. સાચો વિવેક પ્રગટેલ હોવાથી વિષમતામાં પણ તેઓ 'સમતાભાવ'માં રહી શકે છે. વિવેકને કારણે તેઓ સમતાનું પરમસુખ અનુભવતા હોય છે.

**સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્ ।**
**એતદુકતં સમાસેન લક્ષણં સુખદુઃખયોઃ ॥૧૭૨॥**

કોઈપણ જાતની પરાધીનતા એ દુઃખ છે અને સ્વાધીનતા એ સુખ છે. સુખ-દુઃખનું આ સંક્ષિપ્ત લક્ષણ છે.

**પુણ્યાપેક્ષમપિ હ્યેવં સુખં પરવશં સ્થિતમ્ ।**
**તતશ્ચ દુઃખમેવૈતત્તલ્લક્ષણ નિયોગતઃ ॥૧૭૩॥**

પુણ્ય પ્રકૃત્તિના ઉદયથી મળતું સુખ એ પરાધીન છે કારણ કે તેમાં પુણ્યકર્મની અપેક્ષા રહે છે. ધ્યાનનું સુખ એ આત્મરમણતામાંથી પ્રાપ્ત થાય છે. તેમાં પુણ્યકર્મની અપેક્ષા નથી હોતી. ભયંકર અશાતારૂપ પાપકર્મનો ઉદય ચાલુ હોય, છતાં મુનિઓ આંતરિક ધ્યાનનું સુખ અનુભવી શકે છે. આત્મતત્ત્વ સિવાય કોઈપણ બાહ્ય તત્ત્વની અપેક્ષા વગરનું હોવાથી ધ્યાનનું સુખ એ સ્વાધીન છે. તે સંપૂર્ણ અને પરમ સુખ છે.

**ધ્યાનં ચ નિર્મલે બોધે સદૈવ હિ મહાત્મનામ્ ।**
**ક્ષીણપ્રાયમલં હેમ સદા કલ્યાણમેવ હિ ॥૧૭૪॥**

નિર્મળ એવો જ્ઞાનનો બોધ છે, તેના કારણે જ આ મહાત્માઓને સદા ધ્યાન હોય છે. જેમ જેમ જ્ઞાન વિકસિત થાય તેમ તેમ જ તાત્ત્વિક

વિચારણા વધતી જાય છે. જેમ જેનો મેલનાશ પામ્યો છે એવું સોનું ચમકયા વગર રહે નહિ, તેમ આત્મા પણ કર્મરૂપી મેલ નાશ પામવાથી નિર્મળ પ્રકાશવાન થાય છે.

ઉત્તમ સોનાના આઠ ગુણ કહ્યા છે. તેમાંથી એક ગુણ એ છે કે તે સદા કલ્યાણ કરનારૂં હોય છે. તેમ આ દૃષ્ટિમાં આત્મા પણ નિર્મળ જ્ઞાનના પ્રકાશવાળો છે, તેથી જ ગુણકારી છે. અહીં નિશ્ચયનયથી આત્માના ગુણોનું વેદન કરવાનો આનંદ છે તેથી શુધ્ધજ્ઞાનથી તૃપ્તિ છે.

**સત્પ્રવૃત્તિપદં ચેહાસંગનુષ્ઠાનસંજ્ઞિતમ્ ।**
**મહાપથપ્રયાણં યદનાગામિપદાવહમ્ ॥૧૭૫॥**

આ દૃષ્ટિમાં અસંગ અનુષ્ઠાન નામનું સત્ પ્રવૃત્તિ પદ હોય છે એટલે કે તેમાં કેવળ સ્વરસ (આત્મા)માં જ પ્રવૃત્તિ હોય. ધર્મ પણ **અભિષ્વંગ** વગર જ કરે. ઈચ્છા નથી તેથી પ્રવૃત્તિ કરવા છતાં તેમાં રતિ કે અરતિ થાય નહિ. રાગ વગરની ઈચ્છા હોય તો પણ તે જ્ઞાનસ્વરૂપ હોય, મોહરૂપ વિકલ્પવાળી ન હોય. બાહ્યસંગથી રહિત હોય. એક સમતાનો જ-આધ્યાત્મિક સુખનો જ આનંદ છે.

સિધ્ધરૂપ મહામાર્ગનું પ્રયાણ અહીંથી જ શરૂ થાય છે, કારણ કે નિશ્ચયનયનું શુધ્ધભાવનું સમ્યક્દર્શન પ્રગટ થયું છે. ચિત્ત એકદમ શાંત હોય છે કારણ કે કષાયની કલુષિતતા નથી. આ દૃષ્ટિમાં સ્યાંદ્વાદનું ફળ પ્રાપ્ત થઈ જાય છે.

**પ્રશાંતવાહિતાસંજ્ઞં વિસભાગપરિક્ષયઃ ।**
**શિવવર્ત્મ ધ્રુવાધ્વેતિ યોગભિર્ગીયતેહ્યદઃ ॥૧૭૬॥**

અન્ય દર્શનીઓ આ અસંગ અનુષ્ઠાનને જે ભિન્ન ભિન્ન નામ આપે છે તે કહે છે. સાંખ્યો તેને પ્રશાંતવાહિતા કહે છે, બૌધ્ધો આ અવસ્થાને વિસભાગ પરિક્ષય કહે છે. શિવધર્મના અનુયાયીઓ આ દૃષ્ટિને શિવવર્ત્મ કહે છે. મહાવૃત્તિકો આ દૃષ્ટિને ધ્રુવમાર્ગ કહે છે.

**પ્રશાંતવાહીતા :-** એક ધારું વહેતું પાણી જેમ એક સરખી સપાટીવાળું રહે છે તેમ આ દૃષ્ટિમાં મન કેવળ સમતામય છે. મનની ધારા પ્રશાંત એક સરખી જ હોય છે. આત્મામાંથી એક સરખો જ્ઞાનનો પ્રકાશ નીકળે છે. અહીં વ્યકત રાગદ્વેષ નથી, તેથી જ્ઞાનનો પ્રકાશ એકધારો રહે છે. જ્ઞાનનો વિષય

બદલાવાથી જ્ઞાન બદલાયેલ લાગે છે, પણ તેમાં વિષયનું પરાવર્તન છે, જ્ઞાનનું પરાવર્તન નથી આ પ્રશાંતવાહિતા છે.

**વિસભાગ પરિક્ષય :-** બૌધ્ધો દરેક વસ્તુને ક્ષણિક માને છે. પદાર્થ ક્ષણિક છે, પણ તેની સંતાન ચાલે છે એમ માને છે. આ સંતાનને બે પ્રકારના માને છે. (૧) સભાગ (૨) વિસભાગ. સભાગ એટલે સદશ સંતાન, તે સૂક્ષ્મ પરિવર્તનરૂપ છે અને વિસભાગ એટલે અસદશ સંતાન, તે સ્થૂલ પરિવર્તનરૂપ છે. દા.ત. મનુષ્યભવ શરૂ થયા પછી મરે ત્યાં સુધી તેને મનુષ્યરૂપે સંતાન ચાલે છે, એ સભાગ સંતાન છે. તે મરીને ધારો કે હરણ થાય તો હરણરૂપે જે સ્થૂલ પરિવર્તન થયું એ વિસભાગ સંતાન છે. અર્થાત્ પદાર્થ ક્ષણે ક્ષણે નાશ પામે છે.

ઋજુસૂત્રાદિ નિશ્ચયનયવાળા નિમિત્ત કારણને માનતા નથી. તે સંયોગને નથી માનતા. પુદ્ગલની જેમ વિસભાગ સંતાન છે, તેમ આત્માની પણ વિસભાગ સંતાન છે. ક્ષણમાં ક્રોધી, તો ક્ષણમાં માની, તો ક્ષણમાં કામી બને છે. આ ક્રોધાત્મક વગેરે સતત વિસદશ સંતાન ચાલુ જ હોય છે. બૌધ્ધો આત્માને જ્ઞાનસ્વરૂપ માને છે. આ જ્ઞાનની સંતતિ સંકલિષ્ટ ચિત્તના કારણે અનાદિકાળથી વિસદશ ચાલુ જ છે. સાતમી દષ્ટિમાં કષાયોની નાબુદી થાય છે, એટલે વિસભાગ સંતાનનો ક્ષય થાય છે અને સભાગ સંતાન ચાલુ થાય છે. હવે એક સરખી નિર્મળ મનની ધારા રહે છે. આત્માનો સમતામય પરિણામ એક સરખો ચાલુ રહે છે. માટે બૌધ્ધો આ અસંગ અનુષ્ઠાનને વિસભાગ પરિક્ષય કહે છે.

**શિવવર્ત્મ :-** શિવ ધર્મના અનુયાયીઓ આ દષ્ટિને શિવવર્ત્મ કહે છે. સમતા તે જ મોક્ષમાર્ગ છે. રાગ-દ્વેષ એ વિભાવનું કારણ છે. સ્વભાવમાં જવા માટે રાગ-દ્વેષના વિકલ્પોનો ત્યાગ કરવો જ પડશે. તે આ દષ્ટિમાં થાય છે. સમતા પ્રાપ્ત કરવા માટે રત્નત્રયીની આરાધના કરવાની છે. માટે તાત્ત્વિક રીતે સમતા એ જ મોક્ષમાર્ગ છે. આ દષ્ટિમાં સમતા પ્રાપ્ત થઈ છે માટે આ દષ્ટિને શિવવર્ત્મ કહેવામાં આવે છે.

**ધ્રુવમાર્ગ :-** સમતા એ વીતરાગતામાં જવાનો સીધો અને સ્થિર રસ્તો છે. અહીં સમાપત્તિ પ્રાપ્ત થાય છે. એટલે કે વીતરાગતાની સમાન અવસ્થાનો આભાસ અહીં પહેલી જ વાર પ્રાપ્ત થાય છે. પરાકાષ્ઠાની સમતા કહો કે વીતરાગતાનો ભાસ કહો તે અહીં જ થાય છે. અહીં વીતરાગ સદશ અવસ્થા

છે. તેમાંથી વીતરાગતાની પ્રાપ્તિ નિશ્ચયથી થવાની છે. માટે મહાવૃત્તિકોએ તેને ધ્રુવમાર્ગ કહ્યો છે.

**એતત્પ્રસાધયત્યાશુ યદ્યોગ્યસ્યાં વ્યવસ્થિતઃ ।**
**એતત્પદાવહૈષૈવ તત્તત્રૈત દ્વિદાં મતા ॥૧૭૭॥**

સાતમી દૃષ્ટિમાં રહેલો મુનિ અસંગ અનુષ્ઠાન (સત્પ્રવૃત્તિપદ)ને શીઘ્ર સાધે છે. અસંગ અનુષ્ઠાન એ અપ્રમત્તદશા છે, કારણ કે અસંગ અનુષ્ઠાનમાં અપ્રશસ્ત કે પ્રશસ્ત એક પણ કષાય નથી માટે તેને અપ્રમત્તદશા કહેવાય છે. અપ્રમતદશા હોવા છતાં અહીં અપ્રમત ગુણસ્થાનક અર્થાત્ સાતમું ગુણસ્થાનક નથી. અપ્રમત ગુણસ્થાનકમાં સતત નિર્વિકલ્પદશા હોય છે; જ્યારે આ દૃષ્ટિમાં પ્રાયઃ નિર્વિકલ્પદશા છે. એટલે વચ્ચે વચ્ચે વિકલ્પનો સંભવ છે. છઠ્ઠું ગુણસ્થાનક અંતર્મુહૂર્તકાળ જ ટકે એવો નિયમ નથી. તે વધુ સમય ટકતું હોય એમ લાગે છે. કારણ કે બકુશ-કુશીલ ચારિત્રવાળાને નિર્વિકલ્પદશા આવવી સંગત નથી. એટલે તેઓ ઘણા કાળ સુધી છઠ્ઠા ગુણસ્થાનકમાં જ રહેતા હોવા જોઈએ. છઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક અંતર્મુહૂર્ત કાળે પરાવર્તન પામ્યા કરે છે, તે આ સાતમી દૃષ્ટિની અપેક્ષાએ હોય એમ લાગે છે.'

છઠ્ઠી અને સાતમી દૃષ્ટિ ગીતાર્થને જ પ્રાપ્ત થાય છે. અગિયાર અંગનું જ્ઞાન હોય તેને ગીતાર્થ કહેવાય છે. દા.ત. ભગવાન મહાવીરસ્વામી પૂર્વના ત્રીજાભવમાં અગિયાર અંગના પાઠી હતા અને ઋષભદેવ ભગવાન ચૌદપૂર્વી હતા.

હવે પાંચમી દૃષ્ટિના અંતે પાતંજલિ ઋષિના જે ત્રણ શ્લોકો આપ્યા છે તેમાંનો ત્રીજો શ્લોક આ સાતમી દૃષ્ટિને લગતો છે. તેને જોઈએ.

**દોષવ્યપાયઃ[૧૬] પરમા ચ, તૃપ્તિ[૧૭] રૌચિત્ય યોગઃ[૧૮] સમતા[૧૯] ચગુર્વી ।**
**વૈરાદિનાશોડથ[૨૦] ઋતમ્ભરા[૨૧], ધીર્નિષ્પન્નયોગસ્યતુ ચિન્હમેતત્ ॥૩॥**

(૧૬) "નિષ્પન્ન યોગીને દોષ વ્યપાય (૧૭) પરમ તૃપ્તિ (૧૮) સંપૂર્ણ ઔચિત્ય (૧૯) સમતા ગુર્વી (૨૦) વૈર આદિનો નાશ અને (૨૧) ઋતંભરા બુધ્ધિ હોય છે."

**૧૬. દોષ વ્યપાયઃ**- આ દૃષ્ટિમાં સંપૂર્ણપણે પાપારંભનો ત્યાગ છે. અપવાદે પણ હિંસાદિ દોષ સેવવામાં આવતા નથી.

**૧૭. પરમતૃપ્તિ** :- ઈચ્છા, તૃષ્ણા, અભિલાષાનો સદંતર અભાવ છે. માટે

શ્રેષ્ઠ તૃપ્તિ છે. ચિત્ત પરમ શાંતિને અનુભવે છે. મૈત્રી આદિ પ્રશસ્ત કષાયોનો પણ અહીં અભાવ છે.

**૧૮. ઔચિત્ય :-** તેઓ જે કાંઈ પ્રવૃત્તિ કરે તે ઔચિત્યપૂર્વકની જ હોય છે. સહજ રીતે જ ઔચિત્યનું સેવન થઈ જાય છે. તેમને ઔચિત્યનો પણ રાગ કે રસ નથી.

ઉત્સર્ગમાર્ગે સંયમ જ ઉપાદેય છે, સંસાર હેય છે. પરંતુ જેમણે સંયમ (સર્વસંગ પરિત્યાગ) સ્વીકાર્ય કર્યું નથી, તે સંસારમાં રહ્યા છે. માટે તે જે સ્થાન ઉપર હોય તે સ્થાનના કર્તવ્યો ફરજરૂપ બને છે. તે કર્તવ્યો ઔચિત્યપૂર્વક કરવાં જોઈએ.

**૧૯. સમતા ગુર્વી :-** અહીં પરાકાષ્ઠારૂપ સમતા છે. શત્રુ-મિત્ર, તૃણ-મણિ, કંચન માટી બધામાં તેમની સમદૃષ્ટિ હોય છે.

**૨૦. વૈર આદિનો નાશ :-** આ દૃષ્ટિવાળા જીવોના સાનિધ્યમાં બીજા જીવોના વૈર આદિનો નાશ થાય છે. એમાં પણ એમ સમજવાનું કે જેમનું સોપક્રમ અશુભ કાર્ય હોય તેમનું જ વૈર આદિ નાશ પામે; પણ જેમનું અશુભ કર્મ નિરૂપક્રમ હોય તેમનું નાશ ન પામે. દા.ત. તીર્થંકરના સાનિધ્યમાં પણ ગૌશાળો, કમક વગેરેના વૈરનો નાશ થયો ન હતો.

ગુણસ્થાનકની બહાર રહેલા જીવો ભાવથી વિકાસ સાધી શકતા નથી. માત્ર દ્રવ્યથી વિકાસ સાધી શકે. તેઓ દ્રવ્યથી છઠ્ઠી દૃષ્ટિવાળાના જેવું માનસ કેળવી શકે છે; પણ એથી આગળ વધી શકતા નથી. સાતમી દૃષ્ટિ જેવું માનસ તેઓ દ્રવ્યથી પણ પામી શકતા નથી.

પ્રથમ ગુણસ્થાનકમાં જે અહિંસા વગેરે યમ (મહાવ્રત)ના સિધ્ધયોગી હોય તેમના સાનિધ્યમાં અન્ય જીવોના વૈર આદિનો નાશ થાય છે, પણ તેમનો એ ગુણ ક્ષયોપશમ ભાવનો નથી. ક્ષયોપશમને અનુરૂપ કર્મની મંદતાના કારણે તેમનામાં એ ગુણ આવ્યો છે. જ્યારે સાતમી દૃષ્ટિમાં આ ગુણ ક્ષયોપશમભાવનો છે.

**૨૧. ઋતંભરા બુધ્ધિ :** ઋતંભરા ધી એટલે તેમનું જ્ઞાન સત્યથી પુષ્ટ હોય છે.

આ દૃષ્ટિવાળા જીવો નિષ્પન્ન યોગી કહેવાય છે. તેમને યોગ સિધ્ધ થઈ ગયો છે.

આ દૃષ્ટિમાં 'ભાવરોગ' નામનો દોષ ગયો છે. તેથી સમતાના પરમ આસ્વાદને તેઓ અનુભવી રહ્યા છે. તેના આસ્વાદમાં એવા તો લીન બન્યા

છે કે તેના આસંગને છોડી શકતા નથી. આસંગ એટલે સમતામાં રતિ-તેને છોડી શકતા નથી. એ આસંગને છોડે ત્યારે મુનિઓ-સાધકો આઠમી દૃષ્ટિને પામે છે.

## ૮. પરાદૃષ્ટિ

અધ્યાત્મના વિકાસનું આ છેલ્લું પગથીયું છે. પરા એટલે શ્રેષ્ઠ અને દૃષ્ટિ એટલે રત્નત્રયીનો બોધ. આ દૃષ્ટિમાં જીવ સર્વોત્તમ જ્ઞાન પ્રકાશ-કેવળજ્ઞાન અને સર્વોત્તમ ચારિત્રરૂપ-અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**બોધ :-** આ દૃષ્ટિમાં બોધ ચંદ્રની ચાંદની જેવો છે. તેનો પ્રકાશ ઝગારા મારતો હોવા છતાં શીતળ અને સૌમ્ય હોય છે. આ દૃષ્ટિમાં બોધ હંમેશા ધ્યાનરૂપ જ છે, સંપૂર્ણ નિર્વિકલ્પદશા છે. ઉત્કૃષ્ટ સમાધિ પરિણામ છે. સમતાના સ્વાદનો આસંગ પણ અહીં છૂટી જાય છે અને સાધક નિર્વિકલ્પદશાના ઉત્તમ સુખની અનુભૂતિ કરે છે.

સાતમે ગુણસ્થાનકે ચારિત્ર મોહનીયનું ચરમ યથાપ્રવૃત્તકરણ કરે અને ક્ષપકશ્રેણી માંડે ત્યારે નિર્વિકલ્પદશારૂપ આઠમી દૃષ્ટિનો પ્રારંભ થાય છે. તે ચૌદમા ગુણસ્થાનકની શૈલેષી અવસ્થા સુધી રહે છે. ઉપશમશ્રેણીમાં નિર્વિકલ્પદશા છે, પણ તે અપુનર્ભાવે નથી, કારણ કે જીવ ત્યાંથી પડવાઈ થઈ જાય છે. શ્રેણિનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેમાં જીવ ધ્યાનસ્થ જ હોય છે. એટલે સર્વદા ધ્યાન જ હોય તેમ કહ્યું.

અહીં કોઈ અનુષ્ઠાન નથી. જેમ પર્વત ઉપર આરોહણ પૂરું કર્યું હોય તો પછી ચડવાનું હોતું નથી. તેમ અહીં અનુષ્ઠાનથી જે સિધ્ધ કરવાનું હતું એ સાધ્ય થઈ ગયું છે. અહીં બોધ એવો ઉત્કટ છે કે દોષ લાગતો જ નથી, માટે પ્રાયશ્ચિત ગ્રહણ કરવારૂપ અનુષ્ઠાન પણ અહીં નથી.

આ શ્રેણીમાં રહેલા જીવોને કદાચિત્ બાહ્યથી દ્રવ્યક્રિયારૂપ અનુષ્ઠાન હોઈ શકે; કારણ કે કોઈ જીવને ખાતાં ખાતાં, કોઈ જીવને નાચતાં-નાચતાં, કોઈ જીવને બીજી કોઈ ક્રિયા કરતાં એમ અનેક પ્રકારની બાહ્ય ક્રિયા ચાલુ હોય અને શ્રેણિ મંડાઈ ગઈ હોય એવાં અનેક દૃષ્ટાંત શાસ્ત્રમાં મળે છે. શ્રેણિના કાળમાં એ બાહ્ય ક્રિયા ચાલુ જ રહે છે. દ્રવ્યથી જીવ એ ક્રિયા કરતો રહે છે અને ભાવથી તે ધ્યાનમાં ચઢી જાય છે.

આ દૃષ્ટિના બોધના વર્ણનમાં "યથા ભવ્યત્વં પરોપકારિત્વં" વિશેષણ લખ્યું છે, તે કેવળજ્ઞાનીના અપેક્ષાએ છે. આ જગતમાં સર્વોત્તમ

પરોપકાર સર્વજ્ઞો જ કરી શકે છે. 'યથાભવ્યત્વમ્' એટલે પોતાનું અને સામા જીવનું જેવું ભવ્યત્વ એ પ્રમાણે પરોપકાર કરે. સામા જીવની યોગ્યતા હોય અને પોતાને એ રીતે કર્મ ખપાવવાનાં હોય તો સદુપદેશ આદિથી પરોપકાર કરે, નહિતર ન કરે. આ પરોપકાર પણ ચેષ્ટારૂપ છે, ઈચ્છારૂપ નથી. પરોપકારની પણ ઈચ્છા હોતી નથી.

આ જીવો અમૂઢ લક્ષ્યવાળા હોવાથી અવંધ્ય ક્રિયા કરનારા જ હોય છે. તેઓ કદી નિષ્ફળ ક્રિયા કરતા જ નથી. ઉત્કૃષ્ટ ફલાવંચકદશા અહીં હોય છે.

**સમાધિનિષ્ઠા તુ પરા તદાસંગ વિવર્જિતા ।**
**સાત્મીકૃત પ્રવૃત્તિશ્ચ તદુતીર્ણાશયેત ચ ॥૧૭૮॥**

લક્ષણ :- આઠમી દૃષ્ટિમાં આસંગ દોષનું વર્જન છે. સાત્મીકૃત્ પ્રવૃત્તિ નામના ગુણની પ્રાપ્તિ છે, તત્ત્વપ્રવૃત્તિરૂપ અને સમાધિ નામનું આઠમું યોગનું અંગ છે.

**૧. આસંગ દોષનું વર્જન :-** આસંગ એટલે સમતામાં ગમવાપણું. આ આસંગ દોષ મોક્ષ જવામાં બાધક બને છે. સમતાની કે વીતરાગતાની ઉત્સુકતા તેમને હોતી નથી, પણ તેનો જ પરમાનંદ છે, તેના આસ્વાદમાં ગમવાપણું થાય છે અર્થાત્ આસંગનો સંગ બેઠેલો છે ત્યાં સુધી જીવ સાતમી દૃષ્ટિથી આગળ વધી શકતો નથી. આ દોષ તેનું પતન કરાવતો નથી પણ વિકાસમાં (આત્મિક વિકાસમાં) બાધક બને છે. તેને ત્યાં જ રોકી રાખે છે.

જ્યારે જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મ તૂટે અને પ્રાતિભજ્ઞાન થાય ત્યારે એ જ્ઞાનથી મુનિ સમતાને સેવવા છતા, તેમાંની રતિ છૂટી જાય છે, અને તુર્ત જ વીતરાગતા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સૂક્ષ્મ એવી સમતાનો આસંગ જતાં શ્રેણિ પર આરોહણ થઈ જાય છે.

**૨. સમાધિ :-** સમાધિ એ ઉચ્ચ ધ્યાન છે. સમાધિ બે પ્રકારે છે. (૧) સવિકલ્પ (૨) નિર્વિકલ્પ સમાધિ. સવિકલ્પ સમાધિ સાતમી દૃષ્ટિમાં છે. નિર્વિકલ્પ સમાધિ સંપૂર્ણપણે આઠમી દૃષ્ટિમાં આવે છે. કોઈ સમાધિને ધ્યાનનો પ્રકાર કહે છે; કેટલાક સમાધિને ધ્યાનનું ફળ કહે છે. આમાં ઉપયોગની ધારા નિશ્ચિત હોય છે. એટલે કે ઉપયોગ એક સરખો નિશ્ચિત હોય છે. 'ચિત્તનો દેશ બંધ' એટલે એક વિષયમાં ચિત્તને રોકી રાખવું તેને ધારણા કહેવાય છે. જ્ઞાનની, ઉપયોગની એકતાનતા, એકાગ્રપણું આવે છે ત્યારે તેને ધ્યાન કહેવાય છે. ધ્યેય માત્રનો જેમાં નિર્ભાસ થાય એવી અવસ્થાને સમાધિ કહેવામાં આવે છે. અહીં

ધ્યાતા અને ધ્યેય એકરૂપ બની જાય છે. આ સમાધિમાં સ્વરૂપ શૂન્યતા નથી. આત્મસ્વરૂપની યથાર્થ ઓળખાણરૂપ સ્થિતિ છે.

**૩. સાત્મીકૃત પ્રવૃત્તિ અથવા પ્રવૃત્તિરૂપ પ્રવૃત્તિ :-** સાતમી દૃષ્ટિમાં તત્ત્વ પ્રતિપત્તિ નામનો ગુણ હતો. તેમાંથી અહીં પ્રવૃત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. સાત્મીકૃત પ્રવૃત્તિ એટલે સદ્ભૂત પ્રવૃત્તિ. ચંદનગંધની જેમ સહજ પ્રવૃત્તિ છે. આ થવાનું કારણ સંપૂર્ણ સત્ચિત છે. સાતમી દૃષ્ટિમાં સમતાના આસંગરૂપ સૂક્ષ્મ અસત્ ચિત્ત હતું. તેનો નાશ થઈને અહીં વીતરાગતાનો આર્વિભાવ થાય છે.

**નિરાચારપદો હ્યસ્યામતિચાર ચાર વિવર્જિતઃ ।**
**આરુઢારોહણા ભાવગતિવત્વસ્ય ચેષ્ટિતમ્ ॥૧૭૯॥**

સાતમી દૃષ્ટિમાં સૂક્ષ્મ અતિચાર આચારમાં હોતા નથી પણ અનુપયોગથી સૂક્ષ્મ અતિચાર લાગી જવાનો સંભવ છે. જ્યારે આઠમી દૃષ્ટિમાં સૂક્ષ્મ અતિચાર લાગે તેવા મનન પરિણામ નથી. માટે નિરતિચાર પદ કહેવામાં આવે છે.

ક્ષમાના પાંચ પ્રકાર બતાવ્યા છે. તેમાંથી પ્રથમ ત્રણ ક્ષમામાં સ્થૂલ અતિચાર છે. વચન ક્ષમા અને ધર્મ ક્ષમામાં જ્યાં સુધી સૂક્ષ્મ અતિચાર છે ત્યાં સાતમી દૃષ્ટિ છે. અને જ્યાં સૂક્ષ્મ અતિચાર પણ નથી ત્યાં આઠમી દૃષ્ટિ છે. આ દૃષ્ટિમાં કોઈ જ આચાર પાળવાના નથી, નિરાચાર પદ છે આ યોગીઓ-સાધકો જે કાંઈ ચેષ્ટા કરે તે માત્ર કર્મજન્ય છે.

(આત્મા જ્યારે પોતાના શુધ્ધ સ્વભાવમાં પ્રવર્તે ત્યારે જ નિશ્ચયનય તેને આત્મા કહે છે. જ્યારે વિભાવદશામાં વર્તે ત્યારે તેને જીવ કહે છે. દ્રવ્યપ્રાણની અપેક્ષાએ તે સંસારી જીવને જીવ કહે છે; પણ ભાવપ્રાણની અપેક્ષાએ તો તેને અજીવ જ કહે છે. એકમાત્ર સિધ્ધને જ જીવ કહે છે.)

**રત્નાદિશિક્ષાદગ્ભ્યોઽન્યા યથા દક્ તન્નિયોજને ।**
**તથાચારક્રિયાપ્યસ્ય સૈવાન્યા ફલભેદતઃ ॥૧૮૦॥**

નિરતિચાર ચારિત્રવાળા આરાધનાના લક્ષ્યથી કોઈપણ ક્રિયા કરે છે. રત્નત્રયીની આરાધના થાય એ તેમનું લક્ષ્ય હોય છે. સાતમી દૃષ્ટિમાં દરેક ક્રિયામાં સમતાનું લક્ષ્ય હોય છે. જ્યારે આઠમી દૃષ્ટિમાં તે ક્રિયા કર્મજન્ય હોય છે અર્થાત્ કેવળજ્ઞાનીને અઘાતી કર્મોનો ઉદય હોય છે, ઘાતીકર્મનો ક્ષય થઈ ગયો છે. જે સમયે જે કર્મ ઉદયમાં આવે તદ્નુસાર પ્રવૃત્તિ કરી લે એટલે તે

કર્મ ભોગવાઈને ક્ષય થઈ જાય. જેમકે તીર્થંકર નામ કર્મનો ઉદય તીર્થંકર પાસે તીર્થની સ્થાપના કરાવીને ઉપદેશાદિ પ્રવૃત્તિ કરાવે છે અને એ રીતે કર્મ ભોગવાઈને ક્ષય પામતું જાય છે. આમ જે પ્રમાણેનું કર્મ ઉદયમાં હોય એ પ્રમાણેની પ્રવૃત્તિઓ જ તેઓ કરે છે.

આ ઉપરથી સમજાય છે કે સાતમી દષ્ટિ ઘાતી કર્મની પ્રેરણાથી અને ઘાતી કર્મના ક્ષય માટે પ્રવૃત્તિ હોય છે એનાથી સાંપરાયકિ કર્મનો ક્ષય થાય છે. જ્યારે આઠમી દૃષ્ટિમાં ભવોપગ્રાહી અઘાતી કર્મનો ક્ષય થાય છે.

નિરતિચાર ચારિત્રવાળાને અતિચાર લાગી જાય તો તે સમતાપૂર્વક પ્રાયશ્ચિત કરે. જ્યારે આઠમીમાં તો અતિચાર લાગતો નથી. સાતમી દૃષ્ટિમાં અનાભોગથી પણ જો ઉપયોગશૂન્ય બાહ્યક્રિયા થાય તો અતિચાર લાગે છે. આઠમીમાં એવી દ્રવ્ય ક્રિયા કરવા છતાં અતિચાર લાગતો નથી. અપ્રમત્ત યોગીની આ ક્રિયા હોવાથી તેને અતિચાર લાગતો નથી કારણ કે ઉપયોગ અધ્યાત્મમાં હોય તેથી બાહ્ય ક્રિયા ઉપયોગ્ય શૂન્ય હોય છે. આ સ્થિતિ આઠમી દૃષ્ટિમાં હોય છે.

**તન્નિયોગાન્મહાત્મેહ કૃતકૃત્યો યથાભવેત્ ।**
**તથાયં ધર્મસંન્યાસ વિનિયોગાન્મહામુનિઃ ॥૧૮૧॥**

જગતમાં એવા કુશળ વેપારી રત્નના હોય છે કે જેઓ એકાદ વખત એવો મોટો સોદો રત્નનો કરી લે, તેનાથી એટલી અઢળક સંપત્તિ કમાઈ લે કે પછી જીવનભર તેમને વેપાર કરવાની જરૂર રહેતી નથી. તે કૃતકૃત્ય થઈ જાય છે. તેવી રીતે આઠમી દૃષ્ટિમાં રહેલા મહામુનિઓ ધર્મસંન્યાસના વિનિયોગ વડે કૃતકૃત્ય બની જાય છે.

**દ્વિતીયાપૂર્વકરણે મુખ્યોડયમુપજાયતે ।**
**કેવલશ્રીસ્તતશ્ચાસ્ય નિઃસપત્ના સદોદયા ॥૧૮૨॥**

સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જે અપૂર્વકરણ કરવામાં આવે છે, તે પ્રથમ અપૂર્વકરણ કહેવાય છે. આઠમા ગુણસ્થાને શ્રેણિમાં જે અપૂર્વકરણ છે તે બીજું અપૂર્વકરણ કહેવાય છે. આ બીજા અપૂર્વકરણમાં ધર્મસંન્યાસના વિનિયોગ વડે (નિઃસપત્ના) અજોડ અને (સદોદયા) કદી નાશ ન પામનાર એવી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

અહીં શ્રેણિમાં જે ધર્મસંન્યાસ છે તે નિરુપચરિત છે, તાત્ત્વિક છે.

તેમાં પ્રશસ્ત કષાયજન્ય મૈત્રી, કરૂણાદિ ગુણોનો ત્યાગ થઈ જાય છે. ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગ કરીને ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરવામાં આવે છે.

**સ્થિતઃ શીતાંશુવજ્જીવઃ પ્રકૃત્યા ભાવશુધ્ધયા ।**
**ચંદ્રિકાવચ્ચ વિજ્ઞાનં તદાવરણમભ્રવત્ ॥૧૮૩॥**

આત્મા સ્વભાવથી શુધ્ધ જ છે, શુધ્ધ સ્વરૂપવાળો જ છે. સંસારી જીવનો આત્મા પણ આવો શુધ્ધસ્વરૂપી છે. તેને કાંઈ શુધ્ધ બનાવવાનો નથી, પણ તેની ઉપર ધાતી કર્મરૂપી વાદળાનું આવરણ આવી ગયું છે. તે ઘાતી કર્મો જીવના જ્ઞાનાદિ ગુણોને આવરે છે. ચારે ઘાતીકર્મમાં આત્માના બધા ગુણોને જ્ઞાનાવરણીય કર્મ આવરે છે. માટે આત્મિક ગુણોને પ્રગટાવવા માટે ચારેય ઘાતી કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવો જોઈએ.

આત્મિક ગુણોને પ્રગટાવવા માટે ચાર ઘાતિ કર્મના ક્ષયોપશમ આદિની જરૂર પડે છે; પણ તેમાં પુણ્ય પ્રકૃત્તિના ઉદયની જરૂર નથી. જ્યારે પૌદ્ગલિક ભોગવટો કરવા માટે ઘાતિકર્મનો ક્ષયોપશમ જોઈએ અને સાથે સાથે પુણ્યપ્રકૃત્તિનો ઉદય જોઈએ.

**ઘાતિકર્માભ્રકલ્પં તદ્દુકતયોગાનિલાહતેઃ ।**
**યદાપેતિ તદા શ્રીમાન્ જાયતે જ્ઞાનકેવલી ॥૧૮૪॥**

આ ઘાતિકર્મરૂપી વાદળને યોગરૂપી વાયુના ઝપાટાથી દૂર કરી નાખે છે ત્યારે શ્રેણિ સમાપ્ત થાય છે અને જ્ઞાનરૂપી લક્ષ્મીવાળો એવો યોગી સામર્થ્ય યોગરૂપી પુરૂષાર્થ વડે સર્વજ્ઞ બને છે.

**ક્ષીણદોષોડથ સર્વજ્ઞઃ સર્વલબ્ધિફલાન્વિતઃ ।**
**પરં પરાર્થં સંપાદ્ય તતો યોગાન્તમશ્નુતે ॥૧૮૫॥**

આ દૃષ્ટિમાં સઘળા રાગાદિ દોષોનો સંપૂર્ણ ક્ષય થાય છે. અપુનર્ભાવે ક્ષય થવાથી સર્વજ્ઞ એવા તેમને ક્ષયોપશમભાવની બધી જ લબ્ધિઓ ક્ષાયિક ભાવની થઈ જાય છે. એટલે લબ્ધિ મેળવવાની હવે તેમને ઉત્સુકતા હોતી નથી. કારણ કે હવે તેઓને કાંઈ જ મેળવવાનું બાકી રહેતું નથી. સર્વ ઉત્સુકતાથી નિવૃત્તિ છે, તેથી સમ્યક્ત્વાદિ ગુણો બીજાને પમાડવારૂપ પરોપકાર કરીને પછી યોગની પર્યંતદશાને પામે છે.

**તત્ર દ્રાગેવ ભગવાનયોગાદ્યોગસત્તમાત્ ।**
**ભવ વ્યાધિક્ષયં કત્વા નિર્વાણં લભતે પરમ્ ॥૧૮૬॥**

યોગની પર્યંતદશા એ શૈલેશી અવસ્થા છે. તેમાં મન, વચન, કાયાના વ્યાપાર નિરુધ્ધ થયેલા હોય છે. એવા ઉત્તમ શૈલેશી યોગથી ભવરૂપી વ્યાધિનો મૂળમાંથી ક્ષય કરીને યોગી ભાવનિર્વાણને પામે છે. શૈલેશી અવસ્થામાં મન-વચન-કાયાનો વ્યાપાર નથી પણ તેનો સંબંધ છે. એટલે એટલી વ્યાબાધતા છે. એ વ્યાબાધતા ટળતાં જ સંપૂર્ણ અવ્યાબાધ સુખનો ભોગવટો શરૂ થાય છે તે નિર્વાણ-મોક્ષ છે.

આ આઠ દૃષ્ટિમાં પહેલેથી ચૌદ ગુણસ્થાનકનો સમાવેશ થઈ જાય છે. અનાદિકાળથી જીવને સંસારનો રાગ અને મુકિતનો દ્વેષ બેઠેલો હતો. તેમાંથી સહજમલ કર્મબંધની યોગ્યતા જેમ જેમ ઘટતી ગઈ તેમ-તેમ તાત્ત્વિક વૈરાગ્ય વિકસતો ગયો. સંસારનો રાગ ઘટયો અને મુકિત પ્રત્યેનો રાગ જાગ્યો. પ્રથમ દૃષ્ટિનો પ્રારંભ પણ અહીંથી જ ગણવામાં આવ્યો છે. ધીમે ધીમે જીવ યોગની સાધના કરતો એક એક દૃષ્ટિના ગુણને કેળવતો અંતે આઠમી દૃષ્ટિમાં લક્ષ્ય સિધ્ધિને સાધે છે. અને મુકિતપદને વરે છે. મુકિતના સ્વરૂપ વિષે દરેક દર્શનની માન્યતા ભિન્ન ભિન્ન છે. તેમાંથી મુકિતનું-તાપ શુધ્ધ-સ્વરૂપ ગ્રંથકાર મહર્ષિ હવે વર્ણવે છે.

વીતરાગ ભગવંતે શુધ્ધિ માટે ત્રણ પધ્ધતિ કહી છે. ૧. કષ ૨. છેદ અને ૩. તાપ. કંષથી આદર્શની શુધ્ધિ, છેદથી આચારની શુધ્ધિ અને તાપથી તત્ત્વના ઔદંપર્યગની શુધ્ધિ થાય છે.

જે ધર્મનો આદર્શ, ધ્યેય, લક્ષ્ય મુકિતનો હોય તે લક્ષ્યશુધ્ધિ કહેવાય છે. ભારતનાં દરેક આસ્તિક દર્શનો મુકિતને જ ધ્યેય તરીકે સ્વીકારે છે. આથી તે શુધ્ધિવાળા છે. શુધ્ધ આચારમાં તેઓ અમુક અંશે જ સફળ થયા છે. આથી છેદશુધ્ધિની પરીક્ષામાં સંપૂર્ણ ઉત્તીર્ણ થયાં નથી અને તાપશુધ્ધિમાં વીતરાગ દર્શન જ સાંગોપાંગ ઉતરે છે, કારણ કે અનેકાંતવાદ જ યુકિત સંગત બને છે. માટે તે જ શુધ્ધ છે. તે જ તાપશુધ્ધિ છે. તાપશુધ્ધિમાં પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિએ મોક્ષના સ્વરૂપનું હેતુસ્વરૂપ અને અનુબંધથી વર્ણન કરવામાં આવે છે.

**વ્યાધિમુકતઃ પુમાન્ લોકે યાદૃશસ્તાદૃશો હ્યયમ્ ।**
**નાભાવો ન ચ નો મુકતો વ્યાધિના વ્યાધિતો ન ચ ॥૧૮૭॥**

આગળ કહેવામાં આવ્યું છે તેમ-યોગની સાધના દ્વારા જીવ ભવ-વ્યાધિથી મુકત થઈને નિર્વાણને પામે છે. આમ કહીને સૂચિત કર્યું કે જીવને

અનાદિકાળથી ભવવ્યાધિ લાગેલો છે. પહેલેથી તે નિરોગી નહોતો પણ વ્યાધિગ્રસ્ત હતો. અહીં ક્ષય વ્યાધિનો થાય છે, આત્માનો નહિ. તે તો ત્રિકાળ અબાધિત જ છે. સંસાર વ્યાધિથી મુકત થયેલા આત્માની સ્થિતિ પહેલાં કરતાં ઘણી ચડિયાતી થાય છે કારણ કે તેના સંપૂર્ણ આત્મગુણોનો વિકાસ થયો છે.

આત્માની અનાદિકાળથી વ્યાધિગ્રસ્ત અવસ્થા દૂર કેવી રીતે થાય ? એનું સમાધાન આ પ્રમાણે છે. આત્મામાં કર્મબંધ થવાની યોગ્યતા પડેલી હતી, તેના કારણે ભવ વ્યાધિ લાગુ પડેલો. એ યોગ્યતાનો ક્ષય થતાં વ્યાધિનો પણ ક્ષય થઈ જાય છે. આત્માને સંસારરૂપી મહાવ્યાધિ લાગેલી છે તે બાહ્ય અને અભ્યંતર એમ ઉભય સ્વરૂપ છે. જન્મ, જરા, મૃત્યુ, શોક, આધિ, વ્યાધિ વગેરે બાહ્ય છે. એ જ બાહ્યથી ભવરોગ છે. અને મિથ્યાત્વના ઉદયથી અંતરમાં રાગાદિનું વેદન તે અભ્યંતર સંસારરૂપ અભ્યંતર ભવરોગ છે.

**મુખ્યોઽયમાત્મનોઽનાદિ ચિત્રકર્મનિદાન જ઼ : ।**
**તથાનુભવા સિધ્ધત્વાત્સર્વ પ્રાણિ ભૂતામિ તિ ॥૧૮૯॥**

જે નિશ્ચયવાદી આત્માને અનાદિ શુધ્ધ માને છે અને અશુધ્ધ અવસ્થારૂપ સંસાર એ તો માત્ર ભ્રમ છે એમ માને છે, તેને કહે છે કે :- સંસાર એ ભ્રમ નથી, પણ કર્મકૃત આત્માની વાસ્તવિક અવસ્થા છે. કાર્મણવર્ગણા સ્વરૂપ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષાદિ સ્વરૂપ ભાવકર્મના કારણે ઉત્પન્ન થયેલ આત્માની પોતાની જ એક અવસ્થા છે. દરેક પ્રાણીને જન્મ, મૃત્યુરૂપે તેનો હંમેશ અનુભવ થાય છે. જો ભ્રમ હોય તો અનુભવ કેવી રીતે થાય ? માટે સંસારને ઉપચારિત (કાલ્પનિક, ભ્રમસ્વરૂપ) માનવો તે ભૂલ ભરેલું છે.

**એતન્મુકતશ્ચ મુકતોઽપિ મુખ્ય એવોપપદ્યને ।**
**જન્માદિ દોષ વિગમાત્તદ દોષત્વ સંગતેઃ ॥૧૯૦॥**

આત્માનો સંસાર જો વાસ્તવિક છે, તો તેનો મોક્ષ પણ વાસ્તવિક છે, કારણ દોષ હોય તો દોષની મુકિત પણ શકય છે. જે રાગાદિ ભાવકર્મના કારણે સંસાર વ્યાધિ ઉભો થયેલો, તે ભાવકર્મને નષ્ટ કરવામાં આવે એટલે સંસાર વ્યાધિ પણ નષ્ટ થાય છે અને જીવ સંસાર મુકત બને છે. મુકિત શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત 'કશાકથી મુકત થવું' તે છે; તે અહીં બરાબર ઘટે છે. માટે મોક્ષ પણ નિરુપચરિત-વાસ્તવિક છે.

આત્માનો પરિણમનશીલતા નામનો એક સ્વભાવ છે. પરિણમનશીલતા એટલે રૂપાંતર થવું તે. આત્માનો ગુણ અને પર્યાયો હંમેશાં એક જ અવસ્થામાં નથી રહેતા; પણ તેમાં રૂપાંતર થયા કરે છે. આત્મદ્રવ્ય એનું એ ધ્રુવ રહેવા છતાં તેના ગુણ અને પર્યાયો સતત રૂપાંતર પામ્યા કરે છે. આત્માના જ્ઞાન, દર્શન વગેરે સહજ સ્વભાવ છે. કર્મના સંયોગથી થયેલા ક્રોધ વગેરે કષાયો વૈભાવિક સ્વભાવ છે. જડ પદાર્થને કષાય થતો નથી, ચેતનને થાય છે, માટે તે આત્માનો જ સ્વભાવ ગણાય. પણ તેનો એ મૂળ સહજ સ્વભાવ નથી. કર્મના સંયોગથી થયેલો સ્વભાવ છે માટે તેને વૈભાવિક સ્વભાવ કહેવાય છે. વૈભાવિક સ્વભાવ જેમ કર્મના સંયોગમાં પરિણમન પામે છે તેમ આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન પણ કર્મની ગેરહાજરીમાં તેમજ કર્મની મંદતામાં પરિણમન પામે છે. જ્યારે સહજ સ્વભાવ પરિણમન પામે ત્યારે તે મહાજ્ઞાની કહેવાય છે.

**તત્સવભાવોપમર્દેઽપિ તત્તત્સાભાવ્યયોગતઃ ।**
**તસ્યૈવ હિ તથાભાવાત્તદદોષત્વ સંગતિઃ ॥૧૯૧॥**

આમ પરિણમનશીલતા એ આત્માનો સ્વભાવ જ છે. તેના કારણે આત્માને વ્યાધિગ્રસ્ત સંસારી અવસ્થારૂપ સ્વભાવ નષ્ટ થાય ત્યારે સ્વભાવ બદલાવાને કારણે આત્માનો નાશ થવાની જે આપત્તિ આવતી હતી, તે હવે નહિ આવે. અને એમ કહી શકાશે કે જે વ્યાધિગ્રસ્ત સંસારી આત્મા હતો તે જ વ્યાધિમુકત મુકતાત્મા બને છે. (સ એવ તથા ભવતિ) દોષવાન આત્મામાં જ દોષમુકત પણાની પ્રાપ્તિ થાય. આમ આ બંને તેના જ પરિણામ છે.

**સ્વભાવોઽસ્મ સ્વભાવો યન્નિજા સત્તૈવ તત્વતઃ ।**
**ભાવાવધિરયં યુકતો નાન્યથાતિપ્રસંગતઃ ॥૧૯૨॥**

દરેક પદાર્થ ભાવ અને અભાવ બંને સ્વરૂપ છે. ભાવ એ સત્ અંશરૂપ સત્તા છે. અભાવ એ અસત્ અંશરૂપ સત્તા છે. આ બન્ને એક પદાર્થના સ્વરૂપ હોવા છતાં તેમાંથી ભાવાત્મક સ્વરૂપને પદાર્થનો સ્વભાવ કહેવાય છે, અભાવાત્મક સ્વભાવને પદાર્થનો સ્વભાવ કહેવાતો નથી; પણ સ્વભાવનો નાશ કહેવાય છે. કારણ કે "સ્વભાવ" શબ્દની આપણે વ્યુતપત્તિ કરીએ તો 'સ્વ' એટલે પોતાની, 'ભાવ' એટલે વિદ્યમાનતા (સત્તા). આમ તેનો જે અંશ (ભાવાંશ) છે તે જ તેનો સ્વભાવ કહેવાય; પણ અભાવ સ્વરૂપને તેનો

સ્વભાવ ન કહેવાય. અભાવ સ્વરૂપને સ્વભાવ કહેવામાં આવે તો અતિ પ્રસંગ નામનો દોષ આવશે.

**અનંતરક્ષણાભૂતિરાત્મભૂતેહ યસ્ત તુ ।**
**તથાવિરોધાન્નિત્યોऽસૌ સ્યાદસન્વા સદૈવ હિ ॥૧૯૩॥**

આ અતિ પ્રસંગ 'કાળ'ના દૃષ્ટાંતથી સમજાવેછે. પાંચેય દ્રવ્યમાં કાળનું અસ્તિત્વ છે. કાળ સતત વહેતા પાણીની જેમ વહી રહ્યો છે. ગયેલી ક્ષણો પાછી આવતી નથી. ભૂતકાળની ક્ષણો તે ભવિષ્યકાળની બનતી નથી. તે જુદી જ છે. એક માત્ર વર્તમાન ક્ષણનું જ અસ્તિત્વ છે. વર્તમાન ક્ષણમાં ભૂત-ભાવિ ક્ષણોનું અસ્તિત્વ નથી એટલે અભાવ છે. હવે વર્તમાન ક્ષણમાં રહેલો ભૂત-ભાવિરૂપ ક્ષણના અભાવરૂપ જે અભાવાત્મક અંશ છે, તેને જો વર્તમાન ક્ષણનો સ્વભાવ માનવામાં આવે તો એ આપત્તિ આવશે કે વર્તમાન નિત્ય બની જશે. અથવા તો અનંતર ક્ષણ એ 'અસત્વાત્' અસત્ હોવાથી તેની સાથે 'વર્તમાન'ને વિરોધ હોવાથી તેના વડે વર્તમાન એ સદાગ્રસ્ત થઈ (નાશ પામી) જશે અર્થાત્ વર્તમાનનો લોપ થઈ જશે એટલે વર્તમાન કદાપિ પણ મળશે નહિ.

**સ એવ ન ભવત્યેતદન્યથાભવનીતિવત્ ।**
**વિરુધ્ધં તન્નયાદેવ તદુત્પત્યાદિતસ્તથા ॥૧૯૪॥**

હવે ક્ષણિકવાદમાં રહેલા દોષો બતાવીને તેનો પરિહાર કરે છે. નિત્યવાદીનું સૂત્ર છે 'સ એવ અન્યથા ભવતિ !' અર્થાત્ તે જ અન્યથા સ્વરૂપે બને છે. ક્ષણિકવાદીનું સૂત્ર છે. 'સ એવ તથા ભવતિ'-અર્થાત્ તે જ નષ્ટ થઈ જાય છે. સ્યાદ્વાદીનું સૂત્ર છે-'સ એવ તથા ભવતિ'-અર્થાત્ તે જ, 'તથા' એટલે તેવા પ્રકારને રૂપાંતરને પામે છે.

આ પ્રમાણે પરસ્પર વિરૂધ્ધ વચનરૂપ દોષ તેમાં રહેલો છે એટલું જ નહિ પણ 'અસતત્ની ઉત્પત્તિ આદિ બીજા દોષ પણ રહેલા છે. તે હવે બતાવે છે.

**સતોऽસત્વેબ તદુત્પાદસ્તતો નાશોऽપિ તસ્યયત્ ।**
**તન્નષ્ટસ્ય પુનર્ભાવઃ સદા નાશે નમ તત્સ્થિતિઃ ॥૧૯૫॥**

ક્ષણિકવાદી માને છે કે પદાર્થ સત્ એ ક્ષણિક છે. અર્થાત્ ક્ષણ બાદ તે અસત્ બને છે. અસત્ બન્યું એટલે અસત્ની ઉત્પત્તિ થઈ 'જે વસ્તુ ઉત્પન્ન

થાય તેનો નાશ અવશ્ય થાય છે.' આવો સનાતન નિયમ છે. આ નિયમાનુસાર અસત્‌ની ઉત્પત્તિ માની તો તેનો નાશ પણ માનવો જોઈએ. હવે અસત્‌નો નાશ એ બીજું કાંઈ નથી પણ સત્‌ની ઉત્પત્તિ છે. એટલે જે ક્ષણે 'અસત્'નો અભાવ થશે તે જ ક્ષણે 'સત્'ની ઉત્પત્તિ થઈ જશે. જેનો અર્થ એ થયો કે પહેલાં પદાર્થ હતો, પછી તેનો અભાવ થયો, વળી પાછો એ અભાવનો નાશ થવાથી તેનો તે પદાર્થ આવી ગયો. આમ પદાર્થ એ ક્ષણિક નહિ રહે. ક્ષણિકવાદી દરેક પદાર્થને ક્ષણિક માને છે એટલે ક્ષણ પછી તેનો નાશ થાય છે એમ માને છે. તો તેને પૂછવામાં આવે છે કે :- આ 'નાશ' ને તું કેવો માને છે ? (૧) નિત્ય માને છે કે (૨) ક્ષણિક માને છે.

(૧) નાશ જો નિત્ય છે એમ માનીશ તો એમ થયું કે નાશ હંમેશા હાજર છે. તે નાશની હાજરીમાં પદાર્થની હાજરી કેવી રીતે રહી શકે ? તો પછી એક ક્ષણ માટે પણ તે પદાર્થની સ્થિતિ-વિદ્યમાનતા માની છે તે ઘટી શકશે નહિ, કારણ કે પદાર્થનો નાશ અને પદાર્થ બન્ને વિરોધી હોવાથી એકી સાથે રહી શકે નહિ.

**સ ક્ષણસ્થિતિધર્મા ચેદ્ દ્વિતીયાદિક્ષણે સ્થિતૌ ।**
**યુજ્યતે હ્યેતદપ્યસ્ય તથા ચોકતાનતિક્રમઃ ॥૧૯૬॥**
**ક્ષણસ્થિતો તદૈવાસ્ય નાસ્થિતિર્યુકત્ય સંગતે : ।**
**ન પશ્ચાદપિ સેત્યેવં સતોऽસત્વં વ્યવસ્થિતમ્ ॥૧૯૭॥**

(૨) હવે બીજો વિકલ્પ માનવામાં આવે કે પદાર્થનો નાશ પણ પદાર્થની જેમ જ ક્ષણિક છે. અર્થાત્ એક ક્ષણ માટે તે ટકે છે, પછી તે નાશનો નાશ થઈ જાય છે. 'નાશનો નાશ' થાય એટલે પદાર્થની ઉત્પત્તિ થાય. આમ ગાથા-૧૯૫માં બતાવ્યું એ પ્રમાણે એક ક્ષણે પદાર્થ, પછી બીજી ક્ષણે તેનો નાશ, પછી ત્રીજી ક્ષણે એ 'નાશનો નાશ' થવાથી પાછો પદાર્થ, ચોથી ક્ષણે પાછો તેનો નાશ. આ પ્રમાણે થવું એ અસંભવિત છે. ક્ષણિકવાદીને પણ તે માન્ય નથી. આમ બન્ને વિકલ્પોમાં દોષ રહેલા હોવાથી ક્ષણિકવાદ માનવો એ યુકિત સંગત નથી. એકાંત ક્ષણિકવાદ જેમ યુકિતસંગત નથી એમ એકાંત નિત્યવાદ પણ યુકિતસંગત નથી તે હવે બતાવે છે.

જેઓ આત્માને એકાંતે સ્થિર કૂટસ્થ એટલે કે નિત્ય માને છે તેમની માન્યતા એવી છે કે 'આત્મા એ સ્થિર એક સ્વભાવવાળો છે.' તે જેવો છે તેવો જ હંમેશ માટે રહે છે. તેમાં જરાપણ ફેરફાર થતો નથી. તેમાં કાંઈ નવું

ઉત્પન્ન થતું નથી, કે તેમાંનું કાંઈ નષ્ટ થતું નથી. આનો અર્થ એ થયો કે આત્માની હંમેશા એક સરખી એક જ અવસ્થા રહે છે, કારણ કે અવસ્થા બદલાય તો પછી તે સ્થિર સ્વભાવવાળો નિત્ય ન કહેવાય, તો પછી પહેલાં આ આત્મા સંસારી હતો અને પછી તો મુકત થયો એમ કેવી રીતે કહેવાશે ? કારણ કે સંસારી અવસ્થા અને મુક્ત અવસ્થા એ બે ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે. એવી બે ભિન્ન અવસ્થાઓ એકાંતે નિત્ય આત્મામાં ઘટી શકે નહિ.

**તદભાવે ચ સંસારી મુકતશ્ચેતિ નિરર્થકમ્ ।**
**તત્સ્વભાવો પમર્દોઽસ્ય નીત્યા તાત્ત્વિક ઈષ્યતામ્ ॥૧૯૯॥**

હવે જો આત્મામાં સંસારી અને મુક્ત એ બે અવસ્થા જ નથી, તો પછી તેને સંસારી (તિર્યંચ, મનુષ્ય, દેવ) અથવા તો મુક્ત (સિધ્ધ) કેવી રીતે કહી શકાય ? કારણ કે સંસારી અવસ્થામાં રહેલા આત્માને સંસારી કહેવાય અને મુક્ત અવસ્થામાં રહેલા આત્માને મુક્ત કહેવાય. જો આત્માની આ બે અવસ્થા નથી તો આત્માને સંસારી અથવા તો મુક્ત કહેવો એ નિરર્થક છે, ખોટું છે.

**દિદક્ષાદ્યાત્મભૂતં તત્મુખ્યમસ્ય નિવર્તતે ।**
**પ્રધાનાદિન તે હેંતુસ્તદભાવાન્ન તન્નતિઃ ॥૨૦૦॥**

આ પ્રમાણે આત્માને એકાંતે ક્ષણિક અથવા તો એકાન્તે નિત્ય માનીએ તો તેનો વાસ્તવિક મોક્ષ ઘટી શકતો નથી. આત્મા પરિણામી નિત્ય છે. તે તે પર્યાયોમાં પરિણમન પામવાનો તેનો સ્વભાવ છે. અનાદિકાળથી તેની અશુધ્ધ સંસારી અવસ્થા હતી. તેમાંથી સાધના દ્વારા ક્રમિક શુધ્ધિ કરતાં કરતાં અંતે તે સંપૂર્ણ શુધ્ધ બને છે. આ સંપૂર્ણ શુધ્ધ દશા એ જ તેની મોક્ષાવસ્થા છે.

સંસારી અશુધ્ધ અવસ્થાનું મૂળ એ ભવબીજ કહેવાય છે. જુદા જુદા દર્શનકારો તેને જુદું જુદું નામ આપે છે. કોઈ તેને દિદક્ષા કહે છે, તો કોઈ તેને અવિદ્યા કહે છે. કોઈ તેને સહજમળ કહે છે, તો કોઈ તેને ભવ અધિકાર કહે છે. દિદક્ષા એટલે જોવાની ઈચ્છા. તે બે પ્રકારની છે. (૧) સંસારના પદાર્થોને જોવાની (૨) પરમાત્મસ્વરૂપને જોવાની ઈચ્છા. આ બીજી દિદક્ષા પ્રશસ્ત છે. સહજમળ એટલે રાગદ્વેષ, તેના કારણે જીવ કર્મબંધ કરે છે.

**અન્યથા સ્યાદિયં નિત્યમેયા ચ ભવ ઉચ્ચતે ।**
**એવં ચ ભવનિત્યત્વે કથં મુક્તસ્ય સંભવઃ ॥૨૦૧॥**

સહજમલ એ જીવનો અનાદિકાલીન સ્વભાવ હોવા છતાં તેનો નાશ

થઈ શકે છે. જો એમ ન માનવામાં આવે તો આત્માનો એ સ્વભાવ નિત્ય બની જાય, તો પછી તેના એ સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલ સંસાર પણ નિત્ય બની જાય. હવે જો આત્માનો સંસાર નિત્ય રહે તો પછી તેનો મોક્ષ કેવી રીતે સંભવે ? અર્થાત્ તેનો કદાપિ મોક્ષ થાય જ નહિ.

**અવસ્થા તત્વતો નો ચેન્નનુ તત્પ્રત્યયા કથમ્ ।**
**ભ્રાન્તોડયં કિમનેનેતિ માનમત્ર ન વિદ્યતે ॥૨૦૨॥**

હવે જો સહજમલ તેનો વાસ્તવિક સ્વભાવ ન માનીએ તો પછી તેનો સંસાર પણ કાલ્પનિક માનવો પડે. જો સંસાર કાલ્પનિક હોય તો પછી આપણને બધાને તેનો જે અનુભવ થાય છે એ કેવી રીતે સંભવે ? હવે જો એમ કહેવામાં આવે કે આપણો એ અનુભવ ખોટો છે, ભ્રાંતિ માત્ર છે; તો તેને પૂછવું પડે કે દરેક જીવ જે આ સંસારી અવસ્થાને સાક્ષાત્ અનુભવી રહ્યા છે. તે તેની ભ્રાંતિ છે એમ કહેવા પાછળ તમારી પાસે કયો પુરાવો છે ?

**યોગીજ્ઞાનં તુ માનં ચેત્તદવસ્થાંતરં તુ તત્ ।**
**તતઃ કિં ભ્રાન્તમેતત્સ્યાદન્યથા સિધ્ધસાધ્યતા ॥૨૦૩॥**

આના પુરાવારૂપે જો એમ કહેવામાં આવે કે યોગીઓને પોતાના જ્ઞાનથી એમ સમજાય છે કે આત્મા તો અનાદિથી શુધ્ધ છે, પણ અવિદ્યાના કારણે તે પોતાને અશુધ્ધ માનવાની ભ્રાંતિમાં પડયો છે અને પોતે સંસારી છે, અશુધ્ધ છે, દુઃખી છે. એમ માને છે. આમ યોગીજ્ઞાન એ ભ્રાંતિનો પુરાવો છે.

અહીં આચાર્યજી એમ કહેવા માંગે છે કે :- આત્મામાં પહેલા યોગીજ્ઞાન નહોતું. પછી સાધના દ્વારા તે યોગીજ્ઞાન પ્રગટયું. તો પછી આત્માની બે અવસ્થાા થઈ. હવે જો આત્માની એક જ અવસ્થા માનતા હોઈએ તો યોગીજ્ઞાન એ જાુદી અવસ્થાને ભ્રાંતિ કહેવી પડે. હવે જો યોગીજ્ઞાન પોતે જ ભ્રાંતિરૂપ છે, તો પછી સંસાર એ ભ્રાંતિ છે એવું તે કેવી રીતે બતાવી શકે ? માટે યોગીજ્ઞાનને અભ્રાંત એટલે વાસ્તવિક માનવું જોઈએ. હવે જો તે વાસ્તવિક છે, એમ નક્કી થયું તો એ વાત સિધ્ધ થઈ કે આત્માની અવસ્થાઓ બદલાય છે. પહેલાં યોગીજ્ઞાન નહોતું પણ પાછળથી આવ્યું. આ આત્માની અવસ્થા બદલાય છે. તેથી જ આત્માની પહેલાં સંસારી અવસ્થા હતી તેમાંથી તેની મુક્ત અવસ્થા થાય છે.

**વ્યાધિતસ્તદભાવૌ વા તદન્યો વા યથૈવ હિ ।**
**વ્યાધિમુક્તો ન સન્નીત્યા કદાચિદુપપદ્યતે ॥૨૦૪॥**

પ્રાસંગિક મુકિતસ્વરૂપની દાર્શનિક દૃષ્ટિએ વિચાર કર્યો. આગળ કહે છે કે :- જગતમાં વ્યાધિમુકત માણસ તેને કહેવાય છે કે જેને પહેલાં વ્યાધિ થયો હતો અને અત્યારે તે વ્યાધિ નષ્ટ થઈ ગયો છે. પરંતુ (૧) જે માણસને અત્યારે વ્યાધિ થયેલો છે તે માણસ વ્યાધિમુક્ત કહેવાતો નથી. (૨) માણસના સર્વથા અભાવને પણ વ્યાધિમુક્ત કહેવાતો નથી. આમ કહેવાનો ભાવ એ છે કે વ્યાધિનો અભાવ જોઈએ, માણસનો નહિ. (૩) જે માણસ મૂળથી નિરોગી જ છે, જેને વ્યાધિ થયો જ નથી તે માણસ વ્યાધિમુક્ત કહેવાતો નથી.

આ ત્રણમાંથી એકપણ વ્યાધિમુક્ત કહેવાતો નથી.

**સંસારી તદભાવો વા તદન્યો તથૈવ હિ ।**
**મુકતોડપિ હન્ત નો મુકતે મુખ્યવૃત્ત્યેતિ તદ્વિદઃ ॥૨૦૫॥**

આવી જ રીતે આ ત્રણ વ્યકિતને મુકતાત્મા કહેવાય નહિ (૧) સંસારી અવસ્થામાં રહેલ આત્માને (૨) આત્માના જ સર્વથા અભાવને અને (૩) મૂળથી જ જે શુધ્ધ હતો, તેવા શુધ્ધ આત્માને.

આ ત્રણને મુખ્યવૃત્તિથી મુક્તાત્મા કહેવાય નહિ, કારણ કે મુક્ત શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત ‘કશાકમાંથી મુક્ત થવું તે’ તેમાં ઘટતું નથી.

**ક્ષીણવ્યાધિર્યથા લોકે વ્યાધિમુક્ત ઈતિ સ્થિતઃ ।**
**ભવરોગ્યેવ તુ તથા મુકતસ્તન્ત્રેષુ તત્ક્ષયાત્ ॥૨૦૬॥**

તો પછી મુકતાત્મા કોને કહેવાય ? જેમ જેને પહેલાં વ્યાધિ લાગુ પડયો હોય અને પાછળથી તે વ્યાધિ નષ્ટ થવાથી અત્યારે વ્યાધિ ન હોય તેવા માણસને વ્યાધિમુક્ત કહેવાય છે; તેમ જેમને પહેલાં સંસારરૂપી વ્યાધિ વળગેલો હતો અને પાછળથી તે સંસારવ્યાધિ નષ્ટ થઈ જવાથી અત્યારે જેને જન્મ, જરા, મરણરૂપ સંસાર નથી, એવા આત્માને મુખ્યવૃત્તિથી મુકતાત્મા કહેવાય છે. આમ (૧) અનાદિકાળથી આત્મા સંસારી છે. (૨) યોગ સાધના વડે તે મુક્ત બને છે. (૩) મુકિતમાં આત્મા સત્ છે, તે અસત્ થઈ જતો નથી. કારણ કે આત્મા નિત્ય પરિણામી છે તેથી આ વાત સિધ્ધ થાય છે.

**અનેકયોગ શાસ્ત્રેભ્યઃ સંક્ષેપેણ સમૃધ્ધૃતઃ ।**
**દૃષ્ટિભેદેન યોગોડયમાત્માનુસ્મૃતયે પરઃ ॥૨૦૭॥**

આ ગ્રંથમાં આઠ દૃષ્ટિરૂપે કરાયેલું યોગનું વર્ણન સંક્ષિપ્ત અને સાથે સાથે રહસ્યમય છે. તેથી મૂળ યોગશાસ્ત્રના ગ્રંથકર્તાઓને પણ ખ્યાલ ન આવે

કે આ વાત અમારા ગ્રંથમાંથી અમુક શ્લોકોમાંથી લીધેલી છે. અર્થાત્ પૂ ઋષિઓના યોગશાસ્ત્રના મર્મને, રહસ્યને સમજીને, તે રહસ્યને ગ્રંથકારશ્રીએ ખૂબ કુનેહપૂર્વક આ ગ્રંથમાં ગૂંથી લીધું છે.

**કુલાદિયોગભેદેન ચતુર્ધા યોગિનો યતઃ ।**
**અતઃ પરોપકારોઽપિ લેશ તો ન વિરુધ્યતે ॥૨૦૮॥**

આ ગ્રંથની રચના પાછળ આત્મસ્મૃતિ ઉપરાંત પરોપકારનું પણ પ્રયોજન રહેલું છે. કુલયોગીને યોગમાં પક્ષપાત જાગે અને પ્રવૃત્ત ચક્રયોગીને યોગમાં પ્રવૃત્તિ થાય એ અંશતઃ પરોપકારનું લક્ષ્ય પણ ગ્રંથકારને છે.

**કુલપ્રવત્તચક્રાઃ યે ત એવાસ્યાધિકારિણઃ ।**
**યોગિનો ન તુ સર્વેઽપિ તથાઽસિધ્ધયાદિભાવતઃ ॥૨૦૯॥**

આ ગ્રંથના અભ્યાસથી જેમને લાભ થાય તેમ હોય એ જ આ ગ્રંથના અધિકારી છે. જે ચાર પ્રકારના યોગી છે. (૧) ગોત્ર યોગી (૨) કુલ યોગી (૩) પ્રવૃત્તચક્ર યોગી (૪) નિષ્પન્ન યોગી. તેમાંથી ગોત્રયોગીને યોગની સિધ્ધિ થતી નથી અને નિષ્પન્ન યોગીને યોગની સિધ્ધિ થઈ છે માટે આ બે યોગીને આ ગ્રંથથી કાંઈ જ લાભ નથી. માટે તે બે આ ગ્રંથના અધિકારી નથી. તે સિવાયના કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીને આ ગ્રંથથી લાભ થાય છે. માટે તે બે ગ્રંથના અધિકારી છે.

**યે યોગિનાં કુલે જાતાસ્તધ્ધર્માનુગતાશ્ચ યે ।**
**કુલયોગિન ઉચ્યન્તે ગોત્ર વન્તોઽપિ નાપરે ॥૨૧૦॥**

**(૧) ગોત્રયોગી :-** જેઓ ધર્મની સામગ્રીવાળા ઊંચા કુળમાં જન્મ્યા છે, પણ યોગની સાધના માટે ઉપયોગી એવા પાયાના ગુણો જેમનામાં નથી તે ગોત્ર યોગી કહેવાય.

વિષયો પ્રત્યે વૈરાગ્ય, કષાયોનો ઉપશમ, ગુણાનુરાગ, પ્રજ્ઞાપનીયતા વગેરે સાધના માટે આવશ્યક પાયાના ગુણો છે. જેઓમાં આ ગુણો નથી હોતા તેઓ આ ગ્રંથના અભ્યાસ માટે અનધિકારી છે.

**(૨) કુલયોગી :-** જેઓ ધર્મસામગ્રીથી યુક્ત અને પાયાના ગુણોથી યુક્ત છે તે કુલયોગી છે. જન્મથી ગમે તે કુળ હોય પણ ગુણોથી યુક્ત હોય તે પણ કુલયોગી કહેવાય છે.

**સર્વત્રાદ્વેષિણશ્ચૈતે ગુરુદેવ દ્વિજપ્રિયાઃ ।**
**દયાલવો વિનીતાશ્ચ બોધવન્તો યતેન્દ્રિયાઃ ॥૨૧૧॥**

કુલયોગીનું વિશેષ લક્ષણ બતાવતાં કહે છે કે તેઓ સર્વત્ર અદ્વેષી હોય છે. અર્થાત્ તેમને તત્ત્વ પ્રત્યે દ્વેષ હોતો નથી. પણ તે પ્રત્યે ભાવવાળા હોય છે. તેથી કદાગ્રહથી મુક્ત હોય છે એટલે કોઈની પણ સાચી વાત તો તુરત સ્વીકાર કરવાવાળા હોય છે. અપુનર્બંધક દશાથી કુલયોગીપણું ગણી શકાય; યોગની ભૂમિકાની શરૂઆત ત્યાંથી જ ગણી છે.

ગુણસ્થાનક બહારના જીવો ગોત્રયોગી કહેવાય છે, ગુણસ્થાનકમાં આવ્યા પછી તે કુલયોગી કહેવાય છે. ૧ થી ૬ ગુણસ્થાનક સુધીના જીવો કુલયોગી કહેવાય છે.

કુલયોગીનું બીજું લક્ષણ એ છે કે તેઓ દેવ-ગુરુ અને દ્વિજ એ ત્રણ ધર્મના પ્રભાવક હોવાના કારણે તેમની પ્રત્યે ભકિતવાળા હોય છે. (દ્વિજ એટલે ગૃહસ્થ ગુરુ) તેઓ દયાળુ પ્રકૃત્તિના, વિનયી, બોધવંત, યતેન્દ્રિય, સમ્યગ્‌બોધવાળા હોય છે.

આ લક્ષણો એક સાથે બધામાં હોય એવું નથી પણ ક્રમસર પ્રાપ્ત થતા હોય છે. એક પણ લક્ષણ હોય તો પણ તેને કુલયોગી કહેવાય છે.

**પ્રવૃત્તચક્રાસ્તુ પુનર્યમદ્વયસમાશ્રયાઃ ।**
**શેષદ્વયાર્થિનોऽત્યન્તં શુશ્રૂષાદિગુણાન્વિતાઃ ॥૨૧૨॥**

૩. **પ્રવૃત્તચક્રયોગી** :- ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમ જેમણે પ્રાપ્ત કર્યા છે અને સ્થિરયમ તેમજ સિધ્ધિયમના જેઓ અત્યંત અર્થી છે; એવા શુશ્રુષા આદિ બુધ્ધિના આઠ ગુણોથી યુક્તયોગીઓ તે પ્રવૃત્તચક્રયોગી કહેવાય છે.

યમ એટલે પાંચ મહાવ્રત. તેમાં પાલનભેદથી ચાર કક્ષા (ભેદ) પડે છે. (૧) જેમાં મહાવ્રતની ઈચ્છા છે, પણ પાલન વિકલ થાય છે; તે ઈચ્છાયમ કહેવાય છે. (૨) પ્રમાદરહિત યમનું પાલન થાય તે પ્રવૃત્તિયમ કહેવાય છે. નિરતિચારપણે ક્રિયાનો અભ્યાસ હોય છે. છતાં અનાભોગથી કે સહસાત્કારથી દોષ લાગી જવાનો સંભવ છે. એટલે અભ્યાસદશાનું ચારિત્ર કહેવાય છે.

કુલયોગીને ઈચ્છાયમ હોય છે, પ્રવૃત્તચક્રયોગીને [illegible] નિર[illegible]ચાર પણ અભ્યાસદશાનું ચારિત્ર છે. આ બન્નેને યોગગ્રંથો ઉપયોગી છે.

(૩) સંપૂર્ણ નિરતિચારપણે મહાવ્રતનું પાલન તેને સ્થિરયમ કહેવાય છે. આમાં અનાભોગથી પણ ભૂલ થવાનો સંભવ નથી હોતો.

(૪) જેમને મહાવ્રત એવા તો સિધ્ધ થઈ ગયા હોય છે કે તેમના સાનિધ્યમાં

આવનારને પણ તેની અસર થાય. એ ગુણ જ પ્રાપ્ત થાય તે સિધ્ધિયમ કહેવાય છે.

પ્રવૃત્તચક્રયોગીઓ બુધ્ધિના આઠ ગુણોથી યુક્ત હોય છે. ૧. શુશ્રુષા, ૨. શ્રવણ, ૩. ગ્રહણ, ૪. ધારણા, ૫. વિજ્ઞાન, ૬,૭. ઈહા અને અપોહ, ૮. તત્ત્વનો અભિનિવેશ (નિશ્ચય)

**આદ્યાવંચકયોગાપ્ત્યા તદન્યદ્વય લાભિનઃ ।**
**એતેડધિકારિણો યોગપ્રયોગસ્યેતિ તદ્વિદઃ ॥૨૧૩॥**

કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીમાં યોગાવંચકપણું હોય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તેમનામાં યોગની સફળતા છે, કારણ કે જીવમાં કાંઈક અંશે યોગ્યતા આવી છે, તેથી તેના માટે ધર્મની સામગ્રી હવે અવંચક બને છે. કુલયોગીને તે અંશે સફળ નીવડે છે અને પ્રવૃત્તચક્રયોગીને તે સંપૂર્ણ સફળ નીવડે છે.

આ યોગાવંચક જીવો ઉપદેશના અધિકારી છે કારણ કે તેઓ ક્રિયાવંચક અને ફલાવંચકપણાને અવશ્ય પ્રાપ્ત કરવાના છે. તેઓ આ ગ્રંથના અધિકારી છે.

**ઈહાહિંસાદયઃ પંચ સુપ્રસિધ્ધા યમાઃ સતામ્ ।**
**અપરિગ્રહ પર્યન્તાસ્તથેચ્છાદિ ચતુર્વિધાઃ ॥૨૧૪॥**
**તદ્વત્કથાપ્રીતિયુતા તથાવિપરિણામિની ।**
**યમેષ્વિચ્છાવસેયેહ પ્રથમો યમ એવ તું ॥૨૧૫॥**
**સર્વત્ર શમસારં તુ યમ પાલનમેવ યત્ ।**
**પ્રવૃત્તિરિહ વિજ્ઞેયા દ્વિતીયો યમ એવતત્ ॥૨૧૬॥**
**વિપક્ષચિન્તારહિતં યમપાલનમેવ યત્ ।**
**તત્સ્થૈર્યમિહ વિજ્ઞેયં તૃતીયો યમ એવ હિ ॥૨૧૭॥**
**પરાર્થસાધકં ત્વેત્સિધ્ધિઃ શુધ્ધાન્તરાત્મનઃ ।**
**અચિંત્ય શકતયોગેન ચતુર્થો યમ એવ તુ ॥૨૧૮॥**

અહિંસા, અમૃષા, અસ્તેય, અમૈથુન અને અપરિગ્રહ એ પાંચ યમ સર્વ દર્શનોમાં સાધારણ છે. બધા તેને માને છે પણ દરેકની વ્યાખ્યામાં ફેરફાર છે. અનાર્યો તેનો સ્થૂલથી અર્થ કરે છે. આર્યો તેનો સૂક્ષ્મ અર્થ કરે છે. જ્યારે જૈન ધર્મ તેનો વિશેષંપણે સૂક્ષ્મ અર્થ કરે છે.

યમ એટલે ઉપરમ અર્થાત્ નિવૃત્તિ. દા.ત. હિંસાની નિવૃત્તિ એ અહિંસાયમ. યમ નિરવિચ્છિન્નપણે પાળવાના છે.

આ યમ-ઈચ્છાયમાદિ ભેદથી ચાર પ્રકારના છે. તેના લક્ષણ કહે છે :-

(૧) **ઈચ્છાયમ** :- અહિંસાદિ વગેરે યમની વાતો સાંભળવી ગમતી હોય, તેનાથી આનંદ આવતો હોય તેમજ અવિપરિણામિની ઈચ્છા હોય તે ઈચ્છાયોગી કહેવાય છે. અવિપરિણામિની ઈચ્છા એટલે તેમાં તાત્ત્વિક રૂચિરૂપ સ્થિર ભાવ હોય છે. આધ્યાત્મિક વિકાસમાં આગળ વધે તેમ તેમ તાત્ત્વિક સ્થિરરુચિ કહેવાય છે. શકય એટલું યમનું પાલન પણ કરે છે.

(૨) **પ્રવૃત્તિયમ** :- સર્વત્ર ઉપશમપૂર્વક યમના પાલનની પ્રવૃત્તિ કરવી તે પ્રવૃત્તિયમ છે. અહીં ઉપશમ એટલે સંપૂર્ણપણે અપ્રશસ્ત કષાયોની નાબુદી. નિરતિચાર ચારિત્રવાળા છઠ્ઠી દૃષ્ટિના જીવોને આ પ્રવૃત્તિયમ હોય છે. તેમની બધી પ્રવૃત્તિ ઉપશમપ્રધાન જ હોય છે. પાંચમી દૃષ્ટિ સુધી ઈચ્છાયમ છે.

આ યમમાં બાધક ચિંતા રહેલી હોય છે એટલે ભૂલ થવાની બીક. તેથી તેઓએ સાવધ રહેવું પડે છે.

(૩) **સ્થિરયમ** :- પ્રવૃત્તિયમનું પાલન કરતાં કરતાં જ્યારે અભ્યાસ એવો સુદૃઢ થઈ જાય કે બાધક ચિંતા ટળી જાય. અતિચારનો સંભવ જ ન રહે. ત્યારે આ યમની પ્રાપ્તિ થાય છે.

(૪) **સિધ્ધિયમ** :- શુધ્ધ અંતરાત્માવાળાને જ્યારે યમનું પાલન એવું સિધ્ધ થઈ જાય કે તેમના સાનિધ્યમાં આવનાર જીવોમાં પણ તે અહિંસાદિ ભાવોને ઉત્પન્ન કરે; ત્યારે તે સિધ્ધિયમ કહેવાય છે.

**સદ્‌ભિઃ  કલ્યાણસંપન્નૈર્દર્શનાદપિ  પાવનૈઃ ।**
**તથા દર્શનતો યોગ આદ્યાવંચક ઉચ્યતે ॥૨૧૯॥**

હવે ત્રણ પ્રકારના અવંચકનું વર્ણન કરે છે.

**યોગાવંચકપણું** :- કલ્યાણ માર્ગને પામેલા, પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા, પવિત્ર દર્શનને પામેલા એવા ગુણોવાળા ગુરુ ભગવંતનો ગુણવત્તાની દૃષ્ટિએ જે સંબંધ કરવો તે પ્રથમ અવંચક અર્થાત્ યોગાવંચકપણું છે. આપણા તે પરમ ઉપકારી છે, તેથી તેનું ઋણ અદા કરવા માટે કર્તવ્યબુધ્ધિથી તેમની અત્યંત ભકિત કરવી તે યોગ્ય છે.

આવી જ રીતે કોઈપણ વ્યકિતનું મૂલ્યાંકન તેના ગુણને અનુસારે જ કરવું જોઈએ. 'અવિપરીતભાવ' શબ્દ લખીને ગ્રંથકાર મહર્ષિએ આ વાતનું સૂચન કર્યું છે.

જેમ ગુરુ ભગવંતનો પ્રભાવ ગુણની દૃષ્ટિએ જોવાનો છે, તેમ દેવ અને ધર્મનો પ્રભાવ પણ ગુણની દૃષ્ટિએં જોવાનો છે. દેવ અને ધર્મને ઓળખાવનાર ગુરુભગવંત છે, તેથી ગુરુ ભગવંતની મુખ્યતા ગણીને તેમને આશ્રયીને વાત કરી છે. દેવ અને ધર્મમાં પણ અવિપરીતભાવે ગુણદર્શન કરીને તેમનો યોગ સાધવાનો છે.

મોહનીયકર્મનો ક્ષયોપશમ થયા બાદ જ શુધ્ધભાવનો ધર્મ ઓળખી શકાય છે. જેમને મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો નથી તેઓને દેવ-ગુરુ-ધર્મનો યોગ નિષ્ફળ જવાની શકયતા છે. અનંતીવાર જીવ દેવ-ગુરુ-ધર્મના યોગથી ઠગાયો છે. કારણ કે તેને આત્માના ગુણોનું વેદન જ નથી થયું. આપણને પુદ્ગલના ગુણધર્મના તેમજ કષાયનું વેદન થાય છે, જે અશુધ્ધ રહેલું છે. આત્માના ગુણોનું વેદન તે શુધ્ધ વેદન છે. દા.ત. 'સમતા'નું વેદન-શુધ્ધ ભાવના ગુણોનું મન વડે ચિંતન કરવાથી આધ્યાત્મિક સુખનો અનુભવ થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને વિવેક અને વૈરાગ્ય સંપૂર્ણ હોય છે. તેથી તેમનામાં ભાવથી યોગ અવંચકપણું છે. એટલે મોક્ષની વાતોમાં તેમને હર્ષ જ આવે છે. અધ્યાત્મસુખનું વેદન અહીંથી ચાલુ થાય છે એટલે યોગ-અવંચકપણાને 'સદ્‌યોગ' કહેવામાં આવે છે.

**તેષામેવ´ પ્રણામાદિક્રિયાનિયમ ઈત્યલમ્ ।**
**ક્રિયાવંચકયોગઃ સ્યાન્મહાપાપક્ષયોદયઃ ॥૨૨૦॥**

દેવ-ગુરુ-ધર્મ સંબંધી ક્રિયાઓમાં ન ઠગાવું તેને ક્રિયાવંચકપણું કહે છે. ક્રિયાવંચકપણું આવવાથી આધ્યાત્મિક દશા માટે જે કાંઈપણ કરવામાં આવે છે તેનું સંપૂર્ણ યથાર્થ ફળ મળે છે.

**ક્રિયાવંચકપણું :-** દ્રવ્યથી પહેલે અને ચોથે ગુણસ્થાનકે હોય છે. અને ભાવથી છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે. અહીં ક્રિયા એટલે પાપથી વિરામ પામવું તે, પાછા ફરવું તે. એક દર્શનાચારને છોડીને બીજી ક્રિયાઓ વિરતિપ્રધાન છે. વિરતિમાં માત્ર બાહ્ય વસ્તુનો જ ત્યાગ કરવાનો હોતો નથી, પણ તે વસ્તુ ઉપરના રાગ-દ્વેષનો પણ ત્યાગ કરવાનો હોય છે. વિરતિના પરિણામ મેળવવા ઘણા કઠણ છે. માટે જ યોગાવંચકપણાને પ્રાપ્ત થયેલા જીવને પણ ક્રિયાવંચકપણું પ્રાપ્ત કરવું અતિ દુર્લભ છે.

એક નાનામાં નાનો નિયમ પણ જો સંપૂર્ણ વિરતિના પરિણામની

સ્પર્શનાવાળો હોય, તોપણ ક્રિયાવંચક યોગ થાય છે. આ ક્રિયાવંચક યોગ એ મહાપાપનો ક્ષય કરનાર થાય છે. તેનાથી તત્કાળે જે પાપ ઉદયમાં આવવાનું હોય તે પાપરૂપે ન રહેતાં પુણ્યમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે. દા.ત. પાંચમા ગુણસ્થાનમાં મનુષ્યને નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, અપયશ વગેરે અશુભ પ્રકૃત્તિનો ઉદય નથી હોતો. આ અશુભ પ્રકૃત્તિઓનો ઉદયકાળ પ્રાપ્ત થયો હોય તો પણ તે ઉચ્ચગોત્ર, સુભગ, આદેય, યશનામ કર્મ એમ પુણ્ય પ્રકૃત્તિમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે.

તિર્યંચો પણ દેશવિરતિના પરિણામને સ્પર્શી શકે છે. બાર વ્રતધારી તિર્યંચોને ઉત્કૃષ્ટ ક્રિયાવંચક યોગ હોય છે. તેમને પણ મહાપાપનો ક્ષય થવાથી બાંધેલી એવી આ અશુભ પ્રકૃત્તિઓ, શુભમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે. માત્ર નીચગોત્રનો ઉદય તેમને નિકાચિત હોવાથી તે ફરતો નથી.

**ફલાવંચક યોગસ્તુ સદ્ભ્ય એવ નિયોગતઃ ।**
**સાનુબંધ ફલાવાપ્તિર્ધર્મસિદ્ધૌ સતાં મતા ॥૨૨૧॥**

**ફલાવંચકપણું :-** ક્રિયાવંચકપણાની જ્યારે પરાકાષ્ઠા થાય છે ત્યારે ફલાવંચક પ્રાપ્ત થાય છે. તે 'સદ્ભ્યઃ' એટલે ગુરુ તેમજ દેવ તથા ધર્મના યોગથી જ પ્રાપ્ત થાય છે. આ યોગથી આત્મામાં જે ગુણો પ્રગટ થયા હોય તે સાનુબંધ બની રહે, એટલે કે હવે તે ચાલ્યા નહિ જાય, અને ભવાંતરમાં પણ સાથે જશે અને છેવટે ક્ષાયિકભાવમાં પરિણામ પામીને સદા અવસ્થિત રહેશે. તેનું નામ ફલાવંચકપણું છે.

પૂર્વનું જ્ઞાન અને સમ્યક્ત્વ ભવાંતરમાં જાય છે તે યોગાવંચકપણું છે. આ જીવોને ભવાંતરમાં જતી વખતે વિરતિ ચાલી જાય છે, પણ વિરતિજન્ય જે ગુણો છે એ તો હંમેશ માટે ટકી રહે છે. ફલાવંચકયોગ પામ્યા પછી જીવનો મોક્ષ શીઘ્ર થાય છે.

**કુલાદિયોગિનામસ્માન્મતોઽપિ જડધીમતામ્ ।**
**શ્રવણાત્પક્ષપાતાદેરુપકારોઽસ્તિ લેશતઃ ॥૨૨૨॥**

હવે ગ્રંથકાર મહિષિ કહે છે કે :- કુલાદિ યોગીઓને આ ગ્રંથના શ્રવણથી યોગમાર્ગમાં પક્ષપાત જાગે; એ અંશતઃ પરોપકારને ધ્યાનમાં રાખી- આ ગ્રંથ લખાયો છે. પક્ષપાત એટલે તીવ્ર અભિલાષા તેનાથી યોગબીજનું આધાન થાય અને જેમનામાં યોગબીજ પૂર્વે પડેલું હોય તેમને તે પુષ્ટ થાય. એ મહાન ઉદેશથી આ ગ્રંથની રચના કરાઈ છે.

**તાત્ત્વિક : પક્ષપાતશ્ચ ભાવશૂન્યા ચ યા ક્રિયા ।**
**અનયોરન્તરં જ્ઞેયં ભાનુખદ્યોતયોરિવ ॥૨૩॥**

અનેકાનેક ઉંચામાં ઉંચા શુભભાવો ભરેલા હોવા છતાં તાત્ત્વિક વૈરાગ્ય અને વિવેક એ બે મુખ્ય ભાવની ખોટ હોવાથી, તે ક્રિયા ભાવશૂન્ય જ કહેવાય છે. એવી ક્રિયાઓ માત્ર કોરો પુણ્યબંધ કરાવે છે; પણ તેનાથી જીવનો સંસાર અલ્પમાત્ર પણ કપાતો નથી. તત્ત્વરુચિ વગરની ભાવશૂન્ય ક્રિયાને ખજુઆની ઉપમા આપવામાં આવી છે. જ્યારે બીજી બાજુ કોઈ જીવમાં ભલે ક્રિયા કે ગુણ ન આવ્યો હોય પણ જો તેનામાં તાત્ત્વિક પક્ષપાત-તત્ત્વરુચિ આવી ગઈ હોય તો તેની કેટલાય ગણી કિંમત છે. આ તાત્ત્વિક રુચિને સૂર્યની ઉપમા આપી છે.

**ખદ્યોતકસ્ય યત્તેજસ્તદલ્પં ચ વિનાશિ ચ ।**
**વિપરીતમિદં ભાનોરિતિ ભાવ્યમિદં બુધૈઃ ॥૨૨૪॥**

ખજુઆનું તેજ અલ્પ અને ક્ષણ વિનશ્વર હોય છે. જ્યારે સૂર્યનો પ્રકાશ તેના કરતાં સ્થિતિ અને તેજની અપેક્ષાએ અનેકગણો ચડિયાતો છે. એ જ રીતે ભાવશૂન્ય ક્રિયાથી તાત્ત્વિક પક્ષપાત એ અનેકગણો ચડિયાતો છે.

**શ્રવણે પ્રાર્થનીયાઃ સ્યુર્ન હિ યોગ્યાઃ કદાચન ।**
**યત્નઃ કલ્યાણ સત્વાનાં મહારત્ને સ્થિતો યતઃ ॥૨૨૫॥**

સંસારમાં ભાગ્યશાળી પુરૂષો હંમેશા ચિંતામણિ રત્નાદિ ઉત્તમ વસ્તુઓ માટે સ્વતઃ પ્રયત્ન કરતા જ હોય છે; કેમકે તેમનું તેવા પ્રકારનું ઔચિત્ય હોય છે, તેમ અહીં મોક્ષમાર્ગમાં પણ યોગ્ય જીવો તો જરૂર મહારત્ન તુલ્ય એવા યોગમાર્ગને સાંભળશે જ અને કદાચ અંતરાયાદિના કારણે તેમને સાંભળવા વગેરેની સામગ્રી ન મળે, તો પણ તાત્ત્વિક પક્ષપાત હોવાના કારણે ભવાંતરમાં તેમને અવશ્ય તત્ત્વપ્રાપ્તિની સામગ્રી અને તત્ત્વનું શ્રવણ મળશે જ.

**નૈતદ્વિદસ્ત્વયોગ્યેભ્યો દદત્યેનં તથાપિ તુ ।**
**હરિભદ્ર ઈદં ગ્રાહ નૈતેભ્યો દેય આદરાત્ ॥૨૨૬॥**

આ ગ્રંથ અયોગ્ય પુરૂષોને આપવો નહિ અર્થાત્ સંભળાવવો નહિ, વંચાવવો નહિ. આ બાબતમાં ખાસ આદર એટલે ધ્યાન રાખવું. જો કે વિદ્વાન પુરૂષો અયોગ્યને આપતા જ નથી એમ પોતે જાણે છે; છતાં આ વાત મહત્વની હોવાથી ભાર દેવા માટે વિનંતી કરી છે.

**અવજ્ઞેહ કૃતાલ્પાપિ યધ્નર્થાય જાયતે ।**
**અતસ્તત્પરિહારાર્થં ન પુનર્ભાવ દોષતઃ ॥૨૨૭॥**

અયોગ્ય જીવને આ ગ્રંથ ન આપવો એમ કહેવા પાછળ શ્રી આચાર્યશ્રીનો આશય કરૂણાનો છે પણ ક્ષુદ્રતાનો નથી. આ ગ્રંથનો વિષય આધ્યાત્મિક સાધના માર્ગનો છે એટલે મહાન છે. અયોગ્ય જીવો તેની કિંમત ન સમજે, તેથી અવજ્ઞા કરે તેથી મહા અનર્થરૂપ થાય છે. આ અનર્થથી બચાવવા માટે જે આ ગ્રંથ અયોગ્યને આપવાની ના પાડી છે.

**યોગ્યેભ્યસ્તુ પ્રયત્નેન દેયોઽયં વિધિનાન્વિતૈઃ ।**
**માત્સર્ય વિરહિણોચ્ચૈઃ શ્રેયો વિઘ્ન પ્રશાંતયે ॥૨૨૮॥**

યોગ્ય જીવોને તો આ ગ્રંથ આપવો જ. ઉપયોગપૂર્વક આપવો. શ્રોતા વકતાની વિધિ જાળવીને આપવો. જેથી પાપબંધ આદિ દોષ લાગવાનો સંભવ ન રહે તેમજ ગુરૂએ પણ માત્સર્ય ભાવ, અહંકાર ન રાખવો. આવી રીતે આપવામાં આવે તો આ ગ્રંથ પુણ્યમાં અંતરાયભૂત એવા પાપકર્મનો નાશ કરીને કલ્યાણ કરે છે.

યોગમાર્ગની સાધનાનાં અનેક પાસાં છે. આઠ દષ્ટિની રીતે વિચારણા કરી. યોગના બીજી અપેક્ષાએ જે ત્રણ ભેદ પડે છે તે (૧) ઈચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ (૩) સામર્થ્ય યોગ. આ ત્રણેનું વર્ણન શ્લોક ૩ થી ૧૧ સુધી કર્યું છે. તે ટૂંકાણમાં જણાવવામાં આવે છે.

**(૧) ઈચ્છાયોગ :-** સંસારની અસારતા સમજાયા પછી જીવને તેના પ્રત્યે વૈરાગ્ય જાગે છે. સાંસારિક સુખો તેને તુચ્છ લાગે છે. દુઃખસ્વરૂપ લાગે છે, પાપમય અને દુઃખમય સંસાર જણાય છે. આમ તાત્ત્વિક વૈરાગ્ય (જ્ઞાનગર્ભિત વૈરાગ્ય) આવ્યા પછી તત્ત્વ જાણવાની, પ્રાપ્ત કરવાની, ઈચ્છા-રૂચિ જાગે છે. આ રૂચિ ક્ષયોપશમભાવની હોય છે, માટે તેને તાત્ત્વિક કહી છે. આ તાત્ત્વિક રૂચિ જીવને ધર્માનુષ્ઠાનો કરવા પ્રેરે છે, પણ પ્રમાદના કારણે તે અનુષ્ઠાનોને શાસ્ત્રમાં કહ્યા મુજબના નિરતિચાર કોટિના બનાવી શકતો નથી. આ જીવોમાં અપ્રશસ્ત કષાયરૂપ મોટો પ્રમાદ પડેલો છે તેને કારણે તેના અનુષ્ઠાન વિકલ બની જાય છે.

તાત્ત્વિક રૂચિવાળાનું આવું વિકલ અનુષ્ઠાન એ ઈચ્છાયોગ કહેવાય છે. તેમાં રૂચિ અને વિવેકની પ્રધાનતા છે. આ જીવોને પ્રણિધાન આશય

હોય છે. ધર્મની ઈચ્છા તેમને સંસારના વિષય કષાય સાથે સતત સંઘર્ષ કરાવે છે.

(૨) **શાસ્ત્રયોગ** :- અપ્રમત્તપણે શાસ્ત્ર માન્ય નિરતિચાર અનુષ્ઠાન એ શાસ્ત્રયોગ છે. આ યોગમાં જીવો પ્રણિધાન આશયથી આગળ વધીને પ્રવૃત્તિ આદિ આશયમાં હોય છે. એકમાત્ર પ્રશસ્ત કષાયપૂર્વક જ તેઓ સઘળી પ્રવૃત્તિ કરે છે. આથી તેઓ સતત પુણ્યાનુબંધી પુણ્યનો બંધ અને સકામ નિર્જરા કરતા હોય છે. ગુણસ્થાનક પ્રત્યયિક પાપબંધ સિવાય બીજો પાપબંધ તેમને હોતો નથી. આ યોગમાં પરિણતિની પ્રધાનતા હોય છે. અહીં વિરતિના પરિણામોની અનુભૂતિ હોય છે. પાંચમા ગુણસ્થાનકથી વિરતિની શરૂઆત થતી હોવાથી પાંચમા ગુણસ્થાનકથી જ આ શાસ્ત્રયોગની વિવક્ષા કરવામાં આવી છે. નિરતિચાર અનુષ્ઠાન ઉત્સર્ગ-અપવાદ ઉભયરૂપ હોય છે. મન-વચન-કાયાની શકિતનો અભાવ હોય તો પ્રશસ્ત આલંબને અપવાદનું સેવન કરવામાં આવે તો પણ તે નિરતિચારમાં જ ગણાય છે. આ યોગમાં જીવને શાસ્ત્રનો ઊંડો બોધ, તીવ્ર પટુબુધ્ધિ અને માર્ગાનુસારી ક્ષયોપશમની આવશ્યકતા રહે છે. આ શાસ્ત્રયોગ એ મોક્ષમાર્ગમાં કિલ્લા સમાન છે.

(૩) **સામર્થ્ય યોગ** :- સામર્થ્ય યોગમાં સામર્થ્યની પ્રધાનતા હોય છે. સામર્થ્ય એટલે જીવની શકિત, વીર્ય, પુરૂષાર્થ વગેરે. તેની પ્રધાનતા હોવાને કારણે આ યોગમાં શાસ્ત્ર ગૌણ બની જાય છે. દેવ-ગુરુ શાસ્ત્રાદિ સઘળાં આલંબનો છુટી જઈને અહીં નિરાલંબનતા જ રહે છે. આ સામર્થ્યયોગ શ્રેણિમાં આવે તે સમયે ધર્મધ્યાન-શુકલ ધ્યાનમાં આત્માનો પ્રખર પુરૂષાર્થ હોય છે. પ્રકૃષ્ટ પ્રકારનો જ્ઞાનયોગ અહીં સિધ્ધ થાય છે. અને પ્રાતિભજ્ઞાનની સહાયથી જીવ પ્રચંડ પુરૂષાર્થ ફોરવીને પોતાનું લક્ષ્ય સિધ્ધ કરે છે. પ્રાતિભજ્ઞાન એ અરુણોદયની જેમ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનની વચ્ચેનું જ્ઞાન છે. તે આવ્યા પછી જીવને ટૂંક સમયમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રાતિભજ્ઞાનને સાદી ભાષામાં અનુભવજ્ઞાન કહી શકાય. શ્રેણિમાં રહેલ આ સામર્થ્યયોગરૂપ ધર્મવ્યાપારનું વર્ણન શાસ્ત્રમાં વિસ્તારથી મળતું નથી, કારણ કે તે અનુભવગમ્ય છે, અવાચ્ય છે, માત્ર સામાન્યથી તેનું દિશાસૂચન શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. દિશાસૂચન મેળવી પ્રવૃત્તિ કરતાં જીવને પ્રકૃષ્ટ ક્ષયોપશમરૂપ પ્રાતિભજ્ઞાન પ્રગટે છે. એકથી સાત ગુણસ્થાનક સુધીનું શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. પણ સાતમાથી ઉપરના ગુણસ્થાનકમાં અનુભૂતિ મુખ્ય હોવાથી

શાસ્ત્રમાં તેનું સંક્ષેપથી સામાન્ય વર્ણન જ કરવામાં આવેલ છે. સામર્થ્યયોગના બે ભેદ છે. ૧. ધર્મ સંન્યાસ યોગ. ૨. યોગ સંન્યાસ યોગ.

**(૧) ધર્મ સંન્યાસ યોગ :-** ધર્મ એટલે ક્ષાયોપશમિક ગુણો તેનો સંન્યાસ કરવો એટલે ત્યાગ કરવો.

આત્મા ઔદયિકભાવમાંથી નીકળીને જ્યારે તે ક્ષાયોપશમિક ભાવમાં આવે છે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. ત્યાર પછી ક્રમિક વિકાસ સાધતો આત્મા ક્ષાયિકભાવને પામે ત્યારે ધર્મની પરાકાષ્ઠા આવે છે. એ ક્ષાયોપશમિકભાવને છોડીને ક્ષાયિકભાવ પામવારૂપ ધર્મસંન્યાસ શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકે હોય છે.

આ ક્ષાયોપશમિકભાવ એ ગુણસ્વરૂપ છે એટલે તેમાં દોષ નથી હોતા; માત્ર ગુણો જ હોય છે. છતાં પણ તે ગુણો અધુરી કક્ષાનાં હોય છે. શરૂઆતમાં પ્રશસ્ત કષાયની જરૂર હતી માટે તદ્જન્ય ક્ષમા, દયા, દાન આદિ ગુણો જીવે કેળવ્યા; હવે એ પ્રશસ્ત કષાયને છોડીને અકષાયી અવસ્થા તરફ આગળ વધવાનું હોવાથી પ્રશસ્ત કષાય જન્ય ભાવો પણ છોડવાના છે. તેમ થતાં આત્મસ્વરૂપરૂપ બની ગયેલા અનેક ગણા ઊંચા ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણોને પ્રાપ્ત કરીને મહાગુણી બનેછે. જીવ જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ નીચેના ગુણસ્થાનકે કર્તવ્યરૂપ ભાવો અકર્તવ્યરૂપ બની જાય છે એટલે અપવાદ છોડી ઉત્સર્ગ માર્ગમાં આગળ વધતા રહેવાનું છે. દરેક ગુણસ્થાનકે જેટલો જેટલો પરભાવ છે, તે છોડતાં છોડતાં આગળ જવાનું છે. એટલે નિશ્ચયનયથી તો ચૌદે ગુણસ્થાનક હેય ગણાય છે.

**(૨) યોગ સંન્યાસ :-** સામર્થ્ય યોગનો આ બીજો ભેદ શૈલેશી અવસ્થામાં પ્રાપ્ત થાય છે. શૈલેશી અવસ્થા પામ્યા પહેલાં, કેવળી ભગવંતો આયોજ્યકરણ કરે છે. તેમાં શૈલેશી અવસ્થાના જેટલા સમયો છે તે દરેક સમયમાં જે જે ભવોપગ્રાહી કર્મ ખપાવવાના હોય તે કર્મ તે-તે સમયમાં ગોઠવી દે છે. તે આયોજ્યકરણ થયા પછી યોગ-સંન્યાસનો પ્રારંભ થાય છે. તેમાં મન-વચન-કાયાના યોગનો નિરોધ કરવામાં આવે છે. જ્યાં સુધી મન-વચન-કાયાની વ્યાબાધતા હોય છે, ત્યાં સુધી શુધ્ધ ચૈતન્ય અવ્યાબાધપણાને પામતું નથી. માટે મન-વચન-કાયાની વ્યાબાધતા છોડવાની હોય છે. એટલે કે મન-વચન-કાયાના યોગનો ત્યાગ કરવાનો હોય છે.

આ રીતે યોગ સંન્યાસ એ શુધ્ધ ચૈતન્યને પ્રગટાવવાનો ધર્મ છે. યોગ સંન્યાસ એ અનાસ્રવરૂપ છે, અયોગરૂપ છે. યોગ છુટી જવાથી શીઘ્ર જ નિર્વાણરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મન-વચન-કાયાનું પ્રવર્તન બંધ થઈ જાય છે. અને અનંત જ્ઞાન-દર્શન-સુખના વેદનરૂપ શુધ્ધ ચૈતન્યની ક્રિયા તો અહીં પણ ચાલુ જ રહે છે.

આ યોગ સંન્યાસની સંપૂર્ણતામાં સર્વથાનો ત્યાગ કરવાનો છે, માટે સંપૂર્ણ શુધ્ધ યોગ કહેવાય છે. અને ત્યારબાદ સંપૂર્ણ શુધ્ધ દશામાં બિરાજી જાય છે.

## સમ્યક્ભાવ - વિચારણા

(૧) શત્રુને હણી નાખવામાં જેને સફળતા મળે એને કહેવાય 'શત્રુઘ્ન' અને જેના મનમાં કોઈનાય પ્રત્યે શત્રુતાનો ભાવ પેદા ન થાય એને કહેવાય અજાતશત્રુ. મહાભારતનો અર્જુન કદાચ શત્રુઘ્ન હતો પણ ક્ષત્રિયકુંડના પરમાત્મા મહાવીર દેવ તો અજાતશત્રુ હતા. શત્રુઘ્ન બનવા માટે અર્જુને હાથમાં શસ્ત્રો ઉપાડયાં હતાં. અજાતશત્રુ હોવાને કારણે પરમાત્મા મહાવીરદેવને શસ્ત્રો ઉઠાવવાનો કયારેય પ્રસંગ જ નહોતો આવ્યો, આમ બેય રસ્તા સ્પષ્ટ છે. સૌમ્ય ભાષા પ્રયોગના રસ્તાની પ્રસંદગી અજાતશત્રુ બનવાના રસ્તાની જ પ્રસંદગી છે. આ રસ્તાની પસંદગી સરળ છે, આ રસ્તાનું પરિણામ આલ્હાદક છે. પણ રસ્તો ભારે કષ્ટદાયક છે, કારણ કે એ રસ્તા પરના પ્રત્યેક કદમે સત્ત્વ ટકાવી રાખવું પડે છે, આવેશ પર કાબુ રાખવો પડે છે, અહંકારને ગૌણ બનાવવો પડે છે, પદાર્થને મૂલ્યહીન માનવો પડે છે. છતાં આ રસ્તો અપનાવવા જેવો છે.

ક્રોધના સેવન દ્વારા કદાચ દુશ્મનને દબાવી દેવામાં મળતા સફળતાને 'શ્રેષ્ઠ'નું લેબલ જગત લગાવડી દે એ બને, પણ એને 'શુભ'નું લેબલ તો હરગિજ ન લાગી શકે. માટે જે 'શુભ' હોય તેને જ જીવનમાં પ્રાધાન્ય આપતા રહેવું તો કયાંય માર ખાવાનો પ્રસંગ નહીં આવે.

(૨) અપશબ્દ બોલવા એ સડેલા મગજની જીભ વાટે બહાર આવતી દુર્ગંધ છે, તેના કારણે પરિવારના સુસંસ્કારો પર ખતરો સતત તોળાયેલો રહે છે. અને અપશબ્દ બોલવાની ટેવથી તજ્જન્ય ઉત્પન્ન થતા અપાયોથી બચી શકાતું નથી. ભાષા એ તો માણસના મનની આત્મકથા છે. અશિષ્ટ શબ્દોચ્ચારણ અને મલિન મન (મગજ)ની જાહેરાત છે. અને એ મલિન મનથી આત્માને ખૂબ જ સહન કરવું પડે છે.

(૩) વસ્તુઓના આદાનપ્રદાનનું માધ્યમ જો સંપત્તિ છે, તો વિચારના આદાનપ્રદાનનું માધ્યમ ભાષા છે. ભાષા જો શિષ્ટ છે, સૌજન્ય સભર છે, પ્રેમાળ છે, મધુર છે તો બોલનારના મનમાં એવા જ વિચારો ચાલી રહ્યાનું સ્પષ્ટ અનુમાન છે. અને એ ભાષા સાંભળનારના મનમાંય એવા જ વિચારો પેદા થવાની બહુ મોટી શકયતા છે.

જો આપણે અશિષ્ટ ભાષા બોલીએ છીએ તો તેવાં જ ભાવ સામાનાં મનમાં ઉત્પન્ન કરીએ છીએ. એટલે કે અશિષ્ટ ભાષા દ્વારા આપણા મનની મલિનતાની જાહેરાત કરીએ છીએ અને મનમાંય આવી જ અશિષ્ટ ભાષાના ગંદવાડનું વાવેતર થાય છે.

(૪) સામાન્યપણે આપણી સ્થિતિ કેવી છે ? ભાષા વાપરીએ છીએ બિલાડીના પગની ગાદી જેવી, સામાને ગમી જાય તેવી, સામાને આકર્ષિત કરી દે તેવી, અને મનમાં ચાલતા વિચારો છે પેલા નહોર જેવા. તક મળી નથી અને સામાને ખતમ કરી નાખ્યો નથી.

સારી વાતો કયારેય અશિષ્ટ ભાષામાં રજૂ કરી શકાતી નથી. પણ નબળી વાતો, માણસ ધારે તો શિષ્ટ ભાષાંમાય રજૂ કરી શકે છે.

(૫) સમ્યક્ વચનો દ્વારા કાર્ય સિધ્ધિ સ્વીકાર્ય છે પણ સામાને જીવતા જ ખલાસ કરી નાખે, કોઈને કહી શકાય નહીં એવી નુકસાનીમાં ઉતારી દે તેવા પરિણામને લાવી આપતી વ્યંગાત્મક વચનપધ્ધતિ દ્વારા થતી કાર્ય સિધ્ધિને તો કયારેય વખાણવા લાયક નથી. કારણ કે તે પોતાના જીવ માટે જ નુકશાનકર્તા થઈ પડે છે.

(૬) દૂરગામી પરિણામની દૃષ્ટિએ આ જ વાત સુસંગત લાગે છે કે વચનમાં અને વર્તનમાં આમૂલ ચૂલ પરિવર્તન કરવા માટે વલણમાં પહેલાં ફેરફાર કરવો જરૂરી છે. વલણ બદલાયા વિના વચન અને વર્તન બદલવામાં ઈચ્છાએ એવી પ્રસન્નતા મળતી નથી ઉલટાના તણાવમાં જ રહેવાનું બની જાય છે. તનાવની અનુભૂતિ વચન અને વર્તનના પરિવર્તનને દીર્ઘજીવી બનવા દેતી નથી.

(૭) જેનાથી પરમાત્માની સ્તવના બોલતા હોઈએ, જેના વડે સંતો સાથે વાતો કરતા હોય તે જીભ વડે અશિષ્ટ ભાષા બોલાય એ કેમ ચાલી શકે ? એ રસ્તો છોડવો જ રહ્યો.

(૮) બીજાના શરીરમાં રોગ શોધવા જનારના પોતાના શરીરમાં રોગ હોય જ એવો કોઈ નિયમ નથી, પણ બીજાના જીવનમાં દોષો શોધવાની વૃત્તિ ખુદના જીવનમાં દોષોના અસ્તિત્વ વિના શકય નથી, એમાં લેશ શંકા રાખવા જેવું નથી.

(૯) કોઈની નિંદા સાંભળવા માટે નજીક જવું પડે છે એટલે જ નિંદાથી દૂર થવું સહેલું નથી જ. જેમ આખો દિવસ રોગ અને રોગીની ચર્ચા કરવામાં રસ લેનારને તંદુરસ્ત બનવામાં નિષ્ફળતા જ મળે છે તો બીજાનું સતત હલકું જોયા કરનારને સારા બનવામાં નિષ્ફળતા ન મળે તો બીજું શું મળે ?

એકેય શસ્ત્ર હાથમાં ન હોય ત્યારે માણસ સદાને માટે હાથવગા એવા નિંદાના શસ્ત્રોને લઈને સામાને પછાડવા તત્પર બની જાય છે. પણ નિંદાએ વાણીનું કેન્સર છે. તેમાંથી બહાર નીકળવાથી જ શાંતિ મેળવી શકાય.

હિંસા ભયંકર છે આવી જેની પાસે સ્પષ્ટ સમજ છે એ માણસ રસપૂર્વક હિંસા કરે એ વાત જો માની ન જ શકાય તો (નિંદા ભયંકર છે. આવી જેની પાસે સ્પષ્ટ જાણકારી છે એ માણસ રસપૂર્વક નિંદા કરે એ કેવી રીતે માની શકાય ?

બીજાનો દેખાઈ જતો દોષ આપણામાં ઉતરવો ન જોઈએ, તો આપણા દ્વારા એ બહાર જાહેર પણ થવો ન જોઈએ નિંદાથી જાતને મુકત રાખવાનો આ સૌથી પહેલો પાઠ છે.

(૧૦) આ જગતના જીવોમાં કેટલાક જીવો એવા છે કે જેઓ સર્વત્ર ગુણો જ શોધ્યા કરે છે, તેઓ હંમેશા ગુણો શોધવાની મહેનત કર્યા કરે છે. તેવી જ રીતે આપણે પણ દોષિત આત્મામાં ગુણં શોધવાનો પ્રયત્ન કરીશું તો નિંદા માટે એકેય પળ આપણી પાસે રહેવા તૈયાર નહીં થાય

(૧૧) અહંકાર, સ્વાર્થપુષ્ટિની અને અપેક્ષાપૂર્તિની ગંદી ગણતરીઓમાં જ આળોટતું મન, આવા ઉદાત્ત અભિગમને જ અપનાવવા માટે સહજ રીતે તૈયાર થઈ જાય એવી શકયતા નથી, તે માટે સતત પુરૂષાર્થ કરવો પડે છે ત્યારે શુભ પરિણામ મળવાની શકયતા જણાય છે.

(૧૨) કાંકરાઓ વચ્ચે પડેલા હીરાને આપણે જો પ્રસન્નતાથી ઉઠાવી શકીએ છીએ, ઉકરડામાં ઉગેલા ગુલાબને જોઈનેય આપણે જો રાજીના રેડ થઈ જઈએ છીએ, તો સંખ્યાબંધ દોષોથી મુકત સામી વ્યકિતનું જીવન હોવા છતાં એનામાં સાથોસાથ એકાદ પણ ગુણ દેખાતો હોય તો એ જોઈને આપણે આનંદિત શા માટે ન થવું ?

(૧૩) સૂર્ય સામે જ દષ્ટિ રાખનારને કયારેય પોતાનો પડછાયો જોવાનો પ્રસંગ નથી આવતો, પણ ગુણ સામે જ દષ્ટિ રાખનારને તો સામી વ્યકિતના દોષોનો પડછાયો જોવાનો પ્રસંગ નથી આવતો. નિંદાથી સહજ રીતે બચી જવાના શ્રેષ્ઠ બે વિકલ્પો છે. (૧) સામી વ્યકિતમાં ગુણો શોધતા રહે અને (૨) ગુણો જાતા રહો. તો નિંદાના પાસમાંથી છુટી શકાશે.



શ્રી રાજ-સોભાગ-સત્સંગ મંડળ

સાયલા